# કચ્છ રચના

KUTCH RACHANA (Gujarati Monthly)

Editor - BHAWANJI GALA

Vol. 5 | Issue No. 2 | 5 - AUGUST - 2023 | Price Rs. 15=00




## નિષ્ફળતાનાં કારણો શોધીને તદ્દન નવી ટેક્નોલોજીથી સજ્જ ચંદ્રયાન-3

## પ. પૂ. આચાર્ય ભગવંત કલાપ્રભસાગરસૂરીશ્વરજીનો શાનદાર ચાતુર્માસ પ્રવેશ




GO FOR GREAT
great-white.in
GreatWhite
THE FUTURE OF BRIGHT
THE JOURNEY OF GREAT.
MILESTONES. INNOVATIONS. DREAMS.
As we touch lives and change countless living spaces through our designs and technology, we keep challenging ourselves. To create, perform and soar.
Our every new electrical product is founded on your needs and keeping you in mind.
Here's to envisioning the path ahead through brighter and greater leaps in the future.
SWITCHES & AUTOMATION | LIGHTING | MCBs & RCCBs | WIRES & CABLES | FANS | uPVC CONDUITS | SENSORS

With Best Compliments




# Rachit Creations

**304, Pragati Industrial Estate, N. M. Joshi Mumbai-400 011**
**MOB. 9820155180 : 9167467321 : 9324881292**
**E-mail : summerline87@gmail.com**


9323500722
KESHAR
tea
KESHAR
TEA
Golden Tea
Golden Tea
SPECIAL PREMIUM
Buy now & GET 20%
Discount on MRP
Email : shreesaitea@yahoo.co.in / keshartea@yahoo.co.in
Website : www.keshartea.com
G-10, A.P.M.C Market No.1, Kirana Bazar, Vashi, Mumbai - 400 705

## A Symbol of Quality



Chheda
dry fruits

**Chetanbhai Chheda**
**Chheda Dry Fruits Pvt. Ltd.**
292, Bhanu Jyoti,
L.N. Road,
Matunga,
No Branches

Dry Fruits, Sweet & Namkeen

24141672

# મુલચંદ લાલજી એન્ડ કું.

**Importers & Wholesale Dealers in :**

## NEWSPRINT, NEWSGLAZED, LWC & PRINTING PAPER

**Administrative Office : 1st Floor, 229/231,**
**Perin Nariman (Bazar Gate) Street,**
**Fort, Mumbai-400 001.**

**Phone : (+91-22) 2261 7223, 2261 7878, 2261 7299**

**Fax : (+91-22) 2261 1207 - E-mail : ntdc@vsnl.com**

**Shop & Reg. Office : 202/203, Bora Bazar Street,**
**Near Jain Temple, Fort, Mumbai-400 001.**

ઈલેક્ટ્રીકલ્સ સામાન ખરીદવા માટે એક જ વિશ્વસનીય સ્થળ. ગુણવત્તાભર્યા સામાન માટે તેમજ વ્યાજબી ભાવ માટે એક જ વખતનું આપનું આગમન કાયમી નાતો બાંધશે.

## અશોક ઈલેક્ટ્રીકલ્સ

૧૧, પાઠક વાડી, મણી ભુવન,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૭૩૪૯, ૨૨૦૬ ૫૭૫૩.

## એશીયન ઈલેક્ટ્રીકલ્સ

૧૩૫, તવાવાલા બિલ્ડીંગ,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૬ ૧૫૧૮, ૨૨૦૫ ૧૮૨૮.

**પી.વી.સી. કન્શીલ પાઈપ અને એશેસરીઝ**

પ્રીસીસીયન • પ્રેસ્ટોપ્લાસ્ટ • I.S.I.

**વાયર અને કેબલ**

ફીનોલેક્ષ • પોલીકેબ • એરીસ્ટો-કેબ • I.S.I.



**સ્વીચ**

એંકર રોમા • M.K. • નોર્થ વેસ્ટ
લીયોન ઈન્ટરનેશનલ • એરોલાઈટ એલીશ
પોઈન્ટર • વિનય • કોલર્સ • સાલઝર (જર્મની)



**ટ્યુબ ફીટીંગ**

અલ્ટ્રા-લાઈટ - ફીલીપ્સ - કોમ્પટન



અને ઈલેક્ટ્રીકલ્સને લગતી દરેક આઈટમ

**એમ.સી.બી. અને ઈ.એલ.સી.બી.**

ઈન્ડોકોપ • દાતાર • M.D.S. • સીમેન્સ

## એટલાન્ટા લાઈટ

૧૨૨, ઠરઠરવાલા બિલ્ડીંગ નં. ૩,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૦ ૬૬૫૫.

## એવન્યુ લાઈટ

૧૪૭, સાગર ભવન, પ્રીન્સેસ સ્ટ્રીટ,
લોહાર ચાલ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૪૪૫૫, ૨૨૦૧ ૫૫૪૪

ડેકોરેટીવ જુમ્મર • સાઈડ વૉલ ફીટીંગ • ડ્રેસીંગ લાઈટ • મીરર લાઈટ • બાથરૂમ લાઈટ • પેસેજ લાઈટ • એક્સ્લ્યુસીવ હેલોજન તથા કન્શીલ P.L. ફીટીંગ



॥ શુભ લાભ ॥
સ્વર્ણમાલા
ફક્ત નામ નહીં, સહિયારી પ્રગતિનું પ્રતિક !
સુપર ડીલક્સ ક્વોલિટી હીરા અને ૯૧૬
BIS હોલમાર્ક એપ્રુવ્હડ સોનાની અલભ્ય
જ્વેલરી. શુભ પ્રસંગોએ રિધ્ધિ સિધ્ધિને
વધારતી દૈદિપ્યમાન જ્વેલરી
સ્વર્ણમાલા
અરસપરસના વિશ્વાસના પાયા પર અડીખમ ઊભેલો જ્વેલરી શો રૂમ
પારેખ માર્કેટ, એમ.જી.રોડ, રાજાવાડી, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૭૭.
ફોન : ૬૭૯૮૩૩૭૨, ૨૧૦૨૨૮૦૪, ૨૧૦૨૧૮૪૭


મનની શાંતી...
सौथी अलग सौथी अनोखी
હેમ
प्रे·शि·य·स
गुलाब
चंदन
मोगरा
સૌથી અલગ સૌથી અનોખી
હેમ
પ્રે·શિ·ય·સ
અગરબત્તીયો
મેન્યુફેક્ચરર એન્ડ એક્સપોર્ટર
હેમ કૉર્પોરેશન
મુંબઇ · બૅંગલોર

# કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ

૩૩૨, સર્વોદય કોમ.સેન્ટર, સલાપસ રોડ, જી.પી.ઓ.ની પાસે, અમદાવાદ-૩૮૦૦૦૧
(ઓ.) ૦૭૯-૨૫૫૦૪૪૮૧ (મો.) ૯૮૧૯૨૯૮૪૨૨

કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ

પ્રવિણભાઈ ભીમશી છેડા
વાઈસ ચેરમેન - પુનડી
❖ ❖
હરખચંદ ખીમજી ગંગર
ખજાનચી - ચુંનડી - હિંદમાતા
❖ ❖
ભવાનજી રામજી ગાલા
મે.ટ્રસ્ટી - ફરાદી
❖ ❖
બંસીલાલ મોરારજી છેડા
મે.ટ્રસ્ટી - કાંડાગરા
❖ ❖
ટ્રસ્ટીઓ
રમણીકલાલ દામજી ગાલા
સાંતાક્રુઝ-ફરાદી
ડીલાઈવ રોડ

C.A. શાંતિલાલ રાંભીયા
(સમાઘોઘા-મુલુંડ)

અમૃતલાલ સાવલા - ફરાદી
❖ ❖
કાયદાકીય માનદ્ સલાહકારો
તરૂણભાઈ શાહ (અમદાવાદ)
શંકરભાઈ સચદે (ભુજ-કચ્છ)
❖ ❖
સાથી-મિત્ર અને નિષ્ઠાવાન
કાર્યકર
ડૉ.જે.જે. રાવલ
વૈજ્ઞાનિક અને
ખગોળશાસ્ત્રના જાણકાર

# કચ્છ રચના

**તંત્રી : ભવાનજી ગાલા**
**(મો. ૦૯૮૧૯૨૩૮૪૨૨)**

સહતંત્રી : શામજી ગાલા — વ્યવસ્થાપક : મયુર ગાલા
મોબાઈલ : ૯૬૬૪૮૩૩૪૫૧ — મોબાઈલ : ૯૧૬૭૪૬૬૩૩૯
E-mail : kutchrachana332@gmail.com

"કચ્છ રચના"
દર મહિનાની ૫મી તારીખે દરેક વાચકને અમદાવાદથી પોસ્ટ કરવામાં આવે છે. તેમ છતાં પોસ્ટ દ્વારા થતા વિલંબ અને અંક ન મળવા બાબતે અમારી કોઈ જવાબદારી રહેતી નથી.

**સરનામામાં ફેરફાર કરવું હોય તો જૂનું અને નવું સરનામું વોટ્સઅપ પર મોકલવું - ૯૬૬૪૮૩૩૪૫૧**

## અંકો ન મળવાની ફરિયાદ

કચ્છ રચનાના અંકો દર મહિનાની તા.૨૨ સુધી ન મળે તો અમદાવાદ ઓફિસે ફરિયાદ કરવી.
**ફોન : ૦૭૯-૨૫૫૦૪૪૮૧**
**(ટાઈમ : ૧૧ થી ૪)**

**મુંબઈમાં સંપર્ક :**
**કચ્છ રચના ગ્રામ્ય વિકાસ ટ્રસ્ટ**
**C/o. ભાવેશ દામજી કુરીઆ**
ઈશ્વરકૃપા બિલ્ડીંગ, ૩જો માળ, રૂમ નંબર-૧૨, ઘનશ્યામ ગુપ્તે રોડ, ન્યૂ ડોન બોસ્કો હાઈસ્કૂલની બાજુમાં, ગાંવદેવી, ડોંબીવલી (વેસ્ટ)-૪૨૧૨૦૨. મો. : ૯૩૨૧૬૧૪૬૬૬




કચ્છ રચના સમાજના માનનીય વિદ્વાનો તથા સાહિત્યરસિક લેખકો શુભ આશય તથા સહકારથી સદૈવ ગુણવત્તાસભર જીવન ઉપયોગી પ્રેરક યથાર્થ લેખો સાથે વાચકોને નિરંતક કંઈક નવું વાંચન ભાથું પીરસવાનો પ્રયાસ કરતું રહ્યું છે. તાજેતરમાં જ જૂન મહિનામાં આવેલ અણધારી આફત-પડકારનો પુરી તાકાતથી સામનો કરી વાવાઝોડાએ સર્જેલી ભારે તારા-તરાજી-ખાનાખરાબી સાથે ખાબકેલા તોફાની વરસાદ હજારો વૃક્ષો અને વિજળીના થાંભલા ધરાશયી થતાં સર્જાયેલો અંધારપટમાંથી હવામાન વિભાગની સતર્કતા, નક્કર આગોતરા આયોજન, સ્થાનિક તંત્ર અને અણગતિ જન સમર્પણ સાથે અદમ્ય સાહસ, હિંમત, સમર્પણ અને ખુમારી સાથે હેમખેમ ઉગરી ગયા.

અત્યારે આપણે સૌ ચોમાસાનો આનંદ માણી રહ્યા છીએ. ઓગસ્ટ મહિનામાં તળાવ છલોછલ ભરાઈ જાય છે, નદીઓ ગાંડીતુર બની જાય છે. પાણીના પંખી-પ્રાણીઓને પુનઃ જન્મ સમાન નવજીવન મળી જાય છે, નવસર્જન પણ થવા લાગે છે. ભેજનાં કારણે વિવિધ જાતની ફૂગ અને શેવાળનાં પણ દર્શન થાય છે. વિવિધ આકાર અને રંગ ધરાવતા પર્ણ સાથે વનસ્પતિઓ પૂરબહારમાં ખીલી ઉઠતાં સર્વત્ર હરિયાળી છવાયેલી ધરતીમાં જાણે હરિતકણો વરસ્યા હોય તેવો આભાસ થાય છે. વનરાજીમાં વિવિધતા સાથે વૈવિધ્યસભર નજારો માણી શકાય છે. રસ્તા પર દોડતાં રહેતા દ્વિચક્રી, ચારચક્રી વાહનોમાંથી રસ્તે પડેલા ઈંધણ પર વરસાદી પાણીનું સંયોજન થતાં રોડ ઉપર ઈન્દ્રધનુષ જેવા દશ્યો સર્જાય છે. પણ અધધધ વરસાદ વરસ્યા પછી પણ ઉકળાટ ઓછો થવાનું નામ નથી લેતો તે જ બતાવી આપે છે કે ધરતી કેટલી ગરમ હશે? અવકાશમાંથી આભ ફાટી જાય તેટલો વરસાદ પડ્યા પછી પણ ધરતીને ટાઢક નથી વળતી તેનું મુખ્ય કારણ પર્યાવરણ અને ગ્લોબલ વોર્મિંગની સ્થિતિ આજે આપણે સૌ અનુભવી રહ્યા છીએ. તેથી આપણે માટે એક જ વિકલ્પ બચ્યો છે, જે છે પર્યાવરણનું રક્ષણ કરવાનો.

ઓગસ્ટ માસ ક્રાંતિનો મહિનો છે, પણ આજે મારે ક્રાંતિકારી ઈતિહાસ વીરોની વાત નથી કરવી. આ અંકમાં અમે કોઈપણ વસુંધરા ગર્વ લઈ શકે તેવા સાધુ મહાત્માની વાત સમાવી છે. સતત અવિરત પાંચ-પાંચ મહિના રાત-દિવસ અવિરત ભગીરથ પ્રયત્ન સાથે જગપ્રસિધ્ધ પુસ્તકાલયની આપણને વિના સ્વાર્થે ભેટ આપનાર અને આર્યાવર્તમાં જેને ભારે મહેનત પછી પણ શોધી ન શકાય તેવા સાધુ-મહાત્માના દૃષ્ટાંત સમો લેખ પ્રકાશિત કર્યો છે. સામાજિક ઉત્કર્ષ માટે પુસ્તકાલયનું મહત્ત્વ જનસમૂહ-સમાજ માટે જેટલું આંકીએ તેટલું ઓછું પડે છે. માણસો રાત દિવસ જે સુખ-શાંતિ શોધી રહ્યા છે, તે પુસ્તકાલયમાંથી મળી રહે છે. પુસ્તકાલયો સદ્‌ગુરુ અને માર્ગદર્શક બની સમાજને સન્માર્ગે દોરી શકે છે. જેમ શરીર ટકાવવા અન્નની જરૂરત છે, તેમ શરીરમાં બિરાજતા આત્માને ઉજ્જવળ બનાવવા પુસ્તકોની જરૂરત છે. જીવનને શુધ્ધ અને પ્રફુલ્લતા સાથે પવિત્ર રાખવા માટે સારા પુસ્તકોનું વાંચન-મનન અનિવાર્ય આવશ્યકતા છે. સારાં પુસ્તક વાંચ્યા પછી હૃદય સાત્વિક આનંદ અનુભવી લેખકના વિચારોથી આપણને વધારે સમજુ-શાણા-વિચારશીલ-દીર્ઘદષ્ટિવાળા અને ચરિત્રવાન બનાવે છે. સારા પુસ્તકનો સહવાસ લેખકનો સહવાસ છે. તે લેખકનાં જેટલાં જ ઉચ્ચ માનસિક વાતાવરણમાં લઈ જાય છે. તેથી આવા સહવાસનાં પરિણામ અદ્‌ભુત આવે છે. પૂ.મહાત્માજીની આત્મકથાનું પુસ્તક 'એક પુસ્તકનો જાદુઈ અસર' પ્રકરણ એ પુસ્તકનાં ચમત્કારનો પુરાવો છે. જ્ઞાન એ પ્રકાશ છે અને પુસ્તકો તેમાં શોભી રહેલાં ચળકતા તારાઓ છે. જ્ઞાન એ સર્વશક્તિમાન પરમાત્મા છે અને પુસ્તકો પરમાત્માનો રસ્તો દેખાડનારા પૂજ્ય દેવો છે. તરૂણાવસ્થામાં પુસ્તકો સુમાર્ગ દેખાડે છે જ્યારે વૃધ્ધાવસ્થામાં મનોરંજન તથા ઉદાસીનતામાંથી સમાધાન સાથે જીવન પ્રફુલ્લિત બનાવે છે. ઉત્તમ ગ્રંથોનું સેવન કરનારાઓમાં ધર્મ, નીતિ, ચાતુર્ય, પ્રતિભા, શૌર્ય અને પરોપકારી વૃત્તિ વિસ્તારે છે. મનુષ્ય ઉપદેશથી જેટલો નથી સુધરતો તેટલો વાંચનથી સુધરે છે.

કોઈપણ પુસ્તકાલયનો ઉપયોગ માત્ર વર્તમાનપત્રો વાંચવા કે એકાદ-બે પુસ્તકો વાંચી દિવસો પસાર કરવા તે તેનો ઉપયોગ નહીં પણ દુરુપયોગ છે. પુસ્તકાલયનો ઉપયોગ નવરાશનો સમય પસાર કરવા કરવો એ નખ્ખોદ વાળવા બરાબર છે. હૃદયમાં અનેક સાત્ત્વિક ભાવનાઓ જાગૃત થાય તે માટે પુસ્તકાલયનો ઉપયોગ એ સદુપયોગ છે. સાથે સાથે એ પણ જણાવી દઉં કે માત્ર પુસ્તક સંગ્રહ જ પુસ્તકાલયની સાર્થકતા નથી. પણ વખતો વખત નવીન પ્રગટ થયેલાં ઉચ્ચકોટીના પુસ્તકો પુસ્તકાલયમાં ઉમેરાય તે જરૂરી પણ

છે. પુસ્તકાલય પ્રવૃત્તિનું પ્રયોજન માણસોને મોટી સંખ્યામાં વંચાવવા, સાધારણ માણસોમાં સારાં પુસ્તક વાંચનનો નશો ઉભો કરવા અને વિવિધ વિષયોનાં પુસ્તક પ્રચાર માટે થાય તે માટે છે. કોઈપણ વિષય સંબંધી જાણવાની ઈચ્છા થાય ત્યારે તે ક્યા ક્યા પુસ્તકોમાંથી, તે સંબંધી માહિતી મળશે તેની ખબર પુરી પાડી જ્ઞાનપિપાસુને તરત જ સહાય કરવી તે પુસ્તકાધ્યક્ષનું કર્તવ્ય છે. કોઈપણ જીજ્ઞાસુ એમ જાણવા ઈચ્છે કે અમુક પુસ્તકોમાં ક્યો વિષય કેવી રીતે ચર્ચ્યો છે તેની પણ ખબર-માહિતી પૂરી પાડવી એ પુસ્તકાધ્યક્ષનું કર્તવ્ય છે. લેખક મહાશય ભારતેન્દુભાઈ શુક્લના લેખ મુજબ આગ્રાનાં ચિરંજીવ પુસ્તકાલયનો લેખ સમાજરૂપી મહાન મહાત્માના આશિષ સમાન એ પુસ્તકાલય છે. આ ગ્રંથાલય એ ખરેખર ગૌરવનું પ્રતીક છે. તે સાહિત્યનો ભંડાર હોવાની સાથે સાથે સમગ્ર સંસારના સાહિત્યપ્રેમીઓ માટે આદરણીય લાયબ્રેરી છે. વિદ્યાનો વિમલસ્ત્રોત અને જ્ઞાનનાં આ શાંતિ વિશ્રામગૃહમાં ડૂબકી લગાવી અંદર એક ઘડી રોકાઈ જવું એ જીવનને સફળ બનાવવા લાયક છે. આ પુસ્તકાલયમાં દેશની અનેક ભાષાઓમાં પ્રગટ થયેલા અલભ્ય મહાનગ્રંથો છે તેથી આગ્રા જવાનું થાય ત્યારે આ પુસ્તકાલયની મુલાકાત અવશ્ય લેવા જેવી છે.

નિયમિત લેખમાળામાં વંદનીય શ્રી નરેશમુનિ મહારાજની વાત્સલ્ય વંદના પ્રખર સાહિત્યકાર શ્રી હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત', પ્રો.દિનકર દેસાઈનાં લેખકો વાચકોને સ્પર્શી જાય તેવા છે. આરોગ્ય વિભાગમાં વૈદ્યરાજશ્રીએ ત્વચા વિકારના રોગને આવરી લીધા છે જે તમામ વાચકો માટે ઉપયોગી છે. કચ્છ રચનાનાં વિશેષ વાચક મહિલા વર્ગ માટે મહિલા મંચમાં લીધેલાં તમામ નાના-મોટાં લેખ મહિલાઓને જાણવા જેવા અને ઉપયોગી છે. કોઈપણ કાર્ય માટે સફળતા માટેના ઉપાયો પણ સૌએ વાંચવા જેવા છે. 'કચ્છ રચના'નો આપ સૌ મહાનુભાવોએ જે ઉત્સાહ અને ખુલ્લા દિલથી સ્વાગત કર્યા છે તે આવકાર્ય છે. હું આશા રાખું છું કે 'કચ્છ રચના' અંક બાબત આપની પ્રતિક્રિયા અવશ્ય જણાવશો. અમારો વિશ્વાસ છે કે આપની પ્રતિક્રિયા-અભિપ્રાય અમારે માટે પથદર્શક સાબિત થશે અને એનાથી નવી પેઢી પણ લાભાન્વિત થશે.

**■ ભવાનજી ગાલા**

**તંત્રી : 'કચ્છ રચના'**



# વાત્સલ્ય વંદના

**શા**નીનું રાજાનો પણ પૂર્વ ઈતિહાસ છે. તેઓ શિકારના શોખીન હતા. તેમના પત્ની શિકારથી વિરુધ્ધ હતા. ના - હા ઘણીવાર થઈ હતી. પણ આદતથી શાનીનું રાજા મજબૂર હોવાથી ગંગા-ગાંગયેને લઈ જંગલમાં નીકળી ગઈ હતી. રાજસુખોને તિલાંજલી આપી. જંગલમાં રહીને ગાંગેયને બ્રહ્મચર્ય-જીવદયાના મજબૂત સંસ્કાર આપેલ. એજ ગાંગેય બે મહાન પ્રતિજ્ઞા લઈ ભીષ્મ તરીકે સુવિખ્યાત થયા પણ શાનીનું રાજાની ભીમ જરા માત્ર ટીકા કરી નહિ પિતાને આ કાર્યથી હટી જવા સલાહ પણ ન આપી.

એવા સંસ્કારી સંતાનો મા-બાપથી વિરુધ્ધમાં નથી જતાં. મા-બાપની ટીકા-ટિપ્પણ પણ નથી કરતા. પણ આજે સંતાનો સ્પષ્ટ રીતે મા-બાપનાં દોષો જોઈ ટીકા-ટિપ્પણ બેરોક-ટોક કરવામાં જરા પણ શરમાતા નથી. મા-બાપની ફરિયાદો કરતાં આજનાં બાળકો પણ જરા પણ અચકાતા નથી. ને મા-બાપે પણ આદર્શ જીવન જીવવું જોઈએ. કારણ કે મા-બાપ ભગવાન જેવા છે. બાળકો માટે આદર્શ મા-બાપ છે. એટલે મા-બાપે પણ પોતાનાં જીવનને આદર્શ રાખવા જરૂરી છે.

આજે સંતાનો કહે છે : મારા મા-બાપની વિચારધારા મળતી નથી. વિચારમેળ - મનમેળ મા-બાપ સાથે રાખવા સંતાન-મા-બાપે અરસ-પરસ વિચાર-વિનીમય કરી એકરૂપતા જાળવવી જોઈએ. આપણે ત્યાં મા-બાપનાં આદર્શોની ખૂબ જ અગત્યતા બતાવે છે. પડી જાય ઘર બન્યા પહેલાં ચણતરની ખામી છે. બેટા બાપ સામે થાય તે નક્કી ભણતરની ખામી છે. રામ-શ્રવણની, માતૃ-પિતૃ ભક્તિ છે. આ ધરતીના કણ કણમાં એ ભૂમિમાં આવું થાય તો નક્કી ઘડતરની ખામી છે !!

ઘણા લોકો બહુ સાચી વાત કરે છે કે, ‘‘માણસ મહેનત કરે તો બધું જ મેળવી શકે છે. પૈસા, પદવી, પ્રતિષ્ઠા, પરિવાર, આ બધું ઘણું ઘણું મેળવી શકે છે પણ મહેનત કરવાથી મા નથી મળતા. કારણ કે મા એ પુરૂષાર્થ સાધ્ય વસ્તુ નથી, એ તો કુદરતની બક્ષિસ છે અને આગળ કહ્યું તે પ્રમાણે ભગવાન બધે ઠેકાણે પહોંચી શકે નહિ એટલે એણે માનું સર્જન કર્યું. ને એટલે જ કોઈએ કહી દીધું, ‘‘અય મા ! તેરી સૂરત સે અલગ... ભગવાનકી સૂરત ક્યા હોગી?’’




સિધ્ધીમુનિની રચનાને ટાંકીને કહ્યું :

**મર્દે સુમોઘા તેલથી, લેપે સુગંધી દ્રવ્યને,**
**નવડાવી ઉષ્ણાદિજલે શણગારતો આભૂષણે,**
**ભાવે ભલાં ભોજન ધરે જીવન સુધી વાંસે વહે,**
**તો પણ નહિ મા-બાપનો બદલો વળે, શાસ્ત્રો કહે. ॥૭॥**

શાસ્ત્રોમાં - ગ્રંથો - વેદ - પુરાણ - બાઈબલ આદિ ધર્મોમાં મા-બાપની મહિમા બહુ ગાઈ છે. જૈનાગમમાં કહે છે : ‘तिण्हं दुप्पडियारं’ - સંસારમાં ત્રણના ઉપકારોનો બદલો ક્યારે પણ ચૂકવી શકાતો નથી : (૧) अम्मापिडणो (માતા-પિતા), (૨) मट्टिस्स (માલિક-શેઠ), (૩) धम्मायरियस्स (ધર્માચાર્ય).

આપણી વાત ચાલે છે મા-બાપનાં ઉપકારોનો બદલો કેટકેટલી સેવા કર્યા છતાં પણ બદલો વાળી શકાતો નથી.

જૈનાગમમાં કહે છે : ‘‘संपाओ वियणं केइ परिसे अम्मापियरं सयपाग सहस्सपागेहिं तेलेहिं अब्भंगेत्ता सुरमिणा गंधट्टएणं डव्वट्टिता ड़दगेहिं मज्जावेत्ता सव्वालंकार विभूसिअं करेत्ता मणोएणं थालीपात्र सुद्धं अट्ठारस वंजणाडलं भोअणं भोआवेत्ता जावज्जीवं विट्ठिविडिसिया ते परि वट्टेज्जा तेणावि तस्स अम्मपिडस्स दुप्पडियारं भवई अहेणं सेतं अम्मापियरं केवलिपन्नते धम्मे आधवइता पन्नवइता परवइता ठावइता भवइ तेणा मेव तस्स अम्मापिडस्स सुपडियारं भवइ ॥’’



**ઉપદેશ દે સધ્ધર્મનો, પ્રરૂપે સ્વરૂપે તેહને,**
**તેનાં જણાવે તત્ત્વને,**
**ત્યાં સ્થિર રાખે દઢપણે,**
**આવી રીતે બદલો વળે,**
**મા-બાપનો આ ભવ વિશે,**
**“બદલો વળે નહિ” એ**
**કહેલી વાતનો અપવાદ એ. ॥૮॥**

મા-બાપ સંતાન માટે કેટકેટલો પરિશ્રમ વેઠે છે. ગર્ભસ્થ શિશુની સંભાળથી લઈ જન્મ બાદ પાલન-પોષણ માટે કેટલી સાવધાની - સંભાળ રાખે છે. નાની ઉંમરમાં બચ્ચાની સંભાળ રાખવી નાની સુની વાત નથી. ન બોલતાં બચ્ચાને કાંઈ દર્દ થાય - બિમાર પડે ત્યારે મા કેટલી સંભાળ લે. રાતે જાગવાનું, રાતે સરખી ઊંઘ ન થાય. સતત સંતાન માટે જાગતા રહેવું

અર્થાત્ : પોતાના મા-બાપને શત પાકતેલ-સહસ્ર પાકતેલની માલીશ કરે, સુગંધી અને કિંમતી પદાર્થોનું શરીરે વિલેપન કરે વિવિધ પ્રકારે સુગંધી દ્રવ્યો અને જડીબુટ્ટીઓથી તૈયાર કરેલા પાણીથી સ્નાન કરાવે. આખા શરીરને અનેકજાતનાં વસ્ત્રાભૂષણથી સુશોભિત બનાવે. સુસજ્જ કરે... અને મનોજ્ઞ - સાનુકૂળ - ઈચ્છિત ભોજન - પાણી આપે... માતા-પિતાની આજ્ઞાને આધીન રહી સર્વ કાર્ય કરે. આ પ્રકારની સેવા જિંદગી પર્યંત કરે... મા-બાપને સંતુષ્ટ રાખે... અરે ! કાંધ પર બેસાડી જ્યાં જવું હોય ત્યાં લઈ જાય... (અરે ! પોતાનાં ચામડાનાં જોડા બનાવીને મા-બાપને પહેરાવે તે પણ મા-બાપનાં ઋણથી સંતાન મુક્ત થઈ શકતા નથી. એટલા મા-બાપનાં ઉપકાર સંતાન પર હોય છે. એમ શાસ્ત્રકારો કહે છે. ઋણમુક્તિ માટે એક જ ઉપાય બતાવેલ છે કે મા-બાપને કેવલિ ભગવંતો ધારા નિરૂપિત ધર્મનાં માર્ગે ચડાવે... સ્થિર કરે - મજબૂત કરે. ધર્મમાં તમામ ધાર્મિક સગવડો પૂરી પાડી... ધર્મ કરવા તમામ જાતની અનુકૂળતાઓ ઊભી કરે તે સંતાન મા-બાપના ઋણથી કિંચિત અંશે મુક્ત થઈ શકે છે.

શાસ્ત્રોની આ વાતથી ખ્યાલ આવે છે. સંતાન પર મા-બાપનો કેટ કેટલો ઉપકાર છે. અત્યારે જે વિચાર્યું તે વાત સિધ્ધીમુનિ પોતાની રચનામાં આ રીતે વર્ણવતા કહે છે :




પડે. દિવસે ઘરકામ-રાતે સંતાનની દેખભાળ. કેટલી કપરી જવાબદારી મા વહન કરે છે. તે છતાં બદલાની આશા નથી રાખતી. આટલા અનહદ ઉપકારી મા-બાપની ઋણમુક્તિ માટે કેવલ સારું વાતાવરણ ઊભું કરી દઈ સંતાને મા-બાપને ધર્મમાં સ્થિર કરી દેવાથી બદલો ઓછે વતે અંશે વાળી શકાય છે.

**તેમાંય જે ઉદરે ધરે પોષણ કરે મળને હરે,**
**એ જન્મદાતા મૂળથી માતા રહી છે મોખરે,**
**છોરું કછોરું થાય પણ માતા કમાતા નહિં થાતી,**
**દરિયા સમી ગંભીર માતા દિલની દો'લી થતી. ॥૯॥**

અહા હા ! માની ગરિમા તો જુઓ.... સંતાનને કૂખમાં ધારણ કરતી હોય... પોષણ પણ કરતી હોય... મળ મૂત્રની સફાઈ કરતી હોય... ઝીણી ઝીણી મા ની વાતો વિચારીએ તો સંતાનની મા ખબર કેટલી રાખતી હોય છે અને આપણે ત્યાં કહેવત છે. છોરૂ કછોરૂ થાય પણ માતા કુમાતા નથી થતી. માવિત્ર-કુમાવિત્ર નથી થતાં, મા-બાપ સંતાન માટે દરિયા દિલ સાગર સમાન ગંભીર દિલની દિલાવર હોય. ધન્ય છે એ મા ને તૈતરિયા ઉપનિષદમાં કહે છે : માતા 'દેવી' છે માતૃદેવો ભવ. પિતા દેવ છે પિતૃદેવો ભવ.

બાઈબલમાં કહે છે : માતા-પિતા પ્રત્યે સન્માનપૂર્વક વર્તન કરો. પ્રત્યેક સંતાને માતા-પિતાની ફિકર કરવી જોઈએ.

કુઑનમાં કહે છે : મા-બાપની સેવા કરવાથી સ્વર્ગના દ્વાર ખુલ્લા થાય છે. મા-બાપને ક્યારે પણ કટુવચન ન કહેવા... મા-બાપનો વિનયપૂર્વક આદર કરો. મા-બાપની સુખ શાંતિ માટે પ્રાર્થના કરો. હે ભગવાન ! મા-બાપે અમને પાળ્યા-પોષ્યા... મોટા કર્યા... એમનું કલ્યાણ કરજે.

પારસીગ્રંથ અવસ્તામાં કહે છે : પોતાની માતાને કોઈપણ કારણે નારાજ ન કરવી.

મહાવીર ભગવાન હે છે : "अम्मा पितरौ वंदे"

સિસરો હે છે : મા-બાપને સૌથી અધિક પ્રિય માનો. ફક્ત ભરણ પોષણ મા-બાપનો કરી સંતોષ ન માનો. એમને પ્રેમ-સ્નેહ આપો. એમના પ્રત્યે ભક્તિ રાખો. એમને સગવડ ભલે આપો પણ સમય જરૂર આપો. એમણે તમારા માટે ઘણો સમય આપ્યો હવે તેમના માટે તમારે સમય આપવો જરૂરી છે. કેવલ સંપત્તિ આપીને તમે રાજી થશો. પણ મા-બાપને તમારા સમયની અમૂલ્ય સંપત્તિ જોઈએ છે. મા-બાપની તસવીર પર માળા ભલે મોંઘી ચઢાવો પણ હાજરીમાં એમને પ્રસન્નતા મળે એવો વ્યવહાર એમની સાથે કરજો. એમના નામથી સ્મૃતિ રાખવા સંસ્થાઓમાં દાન ભલે દેજો પણ એમની હયાતીમાં એમને સંતોષ થાય તેવું વર્તન એમની સાથે કરજો કારણ કે તસવીર પર માળા તો મૃત્યુ પછી લગાવાશે પણ સાક્ષાત મા-બાપ સાથે સારી રીત-ભાત કરશો તો એ ચઢાવેલી માળા તમને સુવાસ આપશે. નહીંતર તસવીર માળા ધૂળ ખાતી રહેશે. ❁



# આગ્રાના અજાયબ ચિરંજીવ પુસ્તકાલયની અમર કહાની

# એક અલ્લડ બાવા દ્વારા શિલાન્યાસ !

■ ભારતેન્દુ શુક્લ

જિંદગીમાં સંશોધન ક્ષેત્રે કામ કરતાં થયેલા અનુભવોનું યાદગાર સંસ્મરણ એટલે કે મનને દીર્ઘ કાળ સુધી ઘેરી રહે તેવું સંસ્મરણ એક ગ્રંથાલયની મુલાકાતનું છે. આમ તો ભારત જેવા મહાન વિશાળ રાષ્ટ્રમાં લહેરાતા પુસ્તકાલયોની સૂચિ તો બહુ મોટી છે. એમાં વૈવિધ્ય પણ છે. ઉપયોગી અને બિનઉપયોગી પ્રાયઃમૃત થઈ ગયેલ અને એક પણ વાચક ન ડોકાયો હોય તેવા ગ્રંથાલયો પણ છે. તો ઘણાં પુસ્તકાલયો એવાં પણ છે કે તેની જટિલતા ઉકેલવી કષ્ટદાયી છે. તે એવાં પણ પુસ્તકાલયો છે જેમણે અનેક અભ્યાસીઓને વિદ્વાન બનાવવામાં સિંહફાળો આપ્યો હોય. આજે તો અહીં મોટો ઈરાદો ! ચિરંજીવ ગ્રંથાલય નામક એ ગ્રંથાલય તરફ લક્ષ્ય ખેંચવાનો છે. આ ગ્રંથાલય આગ્રા મુકામે છે. આમ તો આગ્રામાં નાગરી પ્રચારણી સભાનું આર્ય ભાષા ગ્રંથાલય, આગ્રા યુનિવર્સિટી સેન્ટ્રલ લાયબ્રેરી, કનૈયાલાલ મા.મુનશી હિન્દી તથા ભાષા વિજ્ઞાન વિદ્યાપીઠ અને જૈન ગ્રંથાલય પણ એવા ભવ્ય છે કે તેની મુલાકાત સાથે જ સદીઓમાં ખોવાઈ જવાય છે, પણ તેમાં એક માત્ર ઉમેરવા લાયક કોઈ ગ્રંથાલય હોય તો તે 'ચિરંજીવ ગ્રંથાલય' છે.

'ચિરંજીવ ગ્રંથાલય' એ સાહિત્યનો ભંડાર હોવા ઉપરાંત સમગ્ર સંસારનાં સાહિત્યપ્રેમીઓ માટે આદરણીય છે. વિદ્યાનો વિમલ સ્રોત અને જ્ઞાનનો શાંતિદાયક વિશ્રામાગારમાં ડૂબકી લગાવી તેમાં ઘડી ભર રહી જીવનને સફળ બનાવવું એ અમૂલ્ય લ્હાવો છે. આ પુસ્તકાલય જેટલું પ્રસિધ્ધ સુંદર અને ઉપયોગી છે, તેટલું જ મૂલ્યવાન પણ છે, તેની સંપત્તિની કિંમત અમૂલ્ય છે. સંસારનાં મહાનમાં મહાન વિદ્વાનો પણ આ ગ્રંથાલય પર મુગ્ધ છે. આ પુસ્તકાલયના દર્શન કરવાનું પણ મહાન વિદ્વાનો પોતાનું કર્તવ્ય સમજતા હતા. સંસારભરના વાચકો, દર્શકોને ચકિત કરી જાદુ બિછાવનાર અને વિદ્વાનો માટે અપાર શ્રધ્ધારૂપ આ ગ્રંથાલય, ગ્રંથરૂપી દેવનું સ્થાન છે જેમાં પુસ્તકાલયની સફળતાના પ્રત્યક્ષ દર્શન થાય છે. મનુષ્યોના નૈતિક જીવનને સન્માર્ગે દોરનારા પુસ્તકોથી ભરપુર વાચક માત્રને કેળવણી સંસ્કાર આપી તેના જીવનમાં ઈષ્ટ ફેરફાર કરાવનાર છે. જીવનમાં પ્રેરણા આપનાર, સદ્‌વૃત્તિને ઉત્તેજન આપનાર, જીવનનાં વિષયો ચર્ચનાર એવી આ જ્ઞાનપ્રચારની સંસ્થાનો ઉપયોગ કરવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું તેને હું નસીબદાર માનું છું. આ પુસ્તકાલયનું સંપૂર્ણ વર્ણન કરવામાં આવે તો એક પુસ્તક તૈયાર થઈ જાય તેમ છે.

'ચિરંજીવ ગ્રંથાલય' વાસ્તવમાં એક મહાન વ્યક્તિનું પુસ્તકાલય છે. જેમાં સમાજની અભિરૂચી અને આવશ્યકતાઓને ધ્યાનમાં લઈ પુસ્તક સંગ્રહ છે. જે જનસમાજની સેવા કરનાર છે. સમગ્ર સંસાર માટે ગૌરવનું પ્રતીક છે. આ ગ્રંથાલય કે જે એક એવા અમર મહાત્માની કીર્તિ છે કે જેમનું નામ ઠામ આજે પણ કોઈ જાણતું નથી. સંજોગોવસાત મારે આજથી લગભગ ૪૯ વર્ષ પહેલાં આગ્રામાં રોકાવાનું થયેલું. હું ગુજરાતી સમાજનાં અતિથિગૃહમાં રોકાયો હતો. યુનિવર્સિટીના મહાનિબંધોમાં સતત જોવાનો 'ચિરંજીવ ગ્રંથાલય' ઉલ્લેખની કુતુહલવશ ચિરંજીવ ગ્રંથાલયનું સરનામું પુછતાં જાણવા મળ્યું કે તે ગુજરાત સમાજના બિલ્ડિંગથી માત્ર ચારથી પાંચ મકાન દૂર હતું. મારે મન તો ખુશીનો કોઈ પાર ન રહ્યો અને હું રોજેરોજ આ







# Chheda's

## Chheda Insurance & Investment Services

**Contact For :**

- Mutual Fund
- General Insurance
- Fixed Deposit
- Life Insurance

**Nilesh L. Chheda**
**+91 9820134626**
**Shaila N. Chheda**
**+91 9819208711**

E-mail : nileshchheda@hotmail.com

## Chheda Graphics

| Graphic Designers | Quality Printers |
|---|---|
| • Packaging Designs | • Screen Printing |
| • Stationery | • Offset Printing |
| • Brochures | • Multicolour Prints |
| • Books | • Banners & Sign Board |

**Ketan : 98209 77922**
E-mail : ketanlchheda@gmail.com

**309-ATLANTIC COMMERCIAL TOWER, RB MEHTA MARG, PATEL CHOWK, ABOVE VODAFONE GALLERY, GHATKOPAR (E), MUMBAI-400 077**
**Tel. : +91 22 25060549 / 25060283 / 21020495 / 21020692**

ગ્રંથાલયે જવા માંડ્યો. જોગાનુજોગ મારે એક દિવસ 'ચિરંજીવ કાકા'ને મળવાનું થયું. દેખાવે ઉત્તર ભારતનાં કોઈ માલદાર વેપારી જેવા લાગતા હતા, પણ તેમણે જિંદગી આખીમાં કોઈ વેપાર-દુકાનદારી કરી નહોતી, કશું કમાવાની એમને જરૂરત પણ ન હતી. જમીનદાર હોવાથી આવકના સ્રોતનો કોઈ પ્રશ્ન જ નહોતો રહેતો. આવક સતત વધ્યા કરતી એટલે પૈસા ક્યાં મૂકવા એ એમની સમસ્યા હતી. પોતાની વિશાળ હવેલી ધરાવતા અને ધનનો સદુપયોગ કરતા આ મહાશય પુસ્તકોનાં વિશેષ શોખીન જીવડા. હિન્દી સાહિત્યમાં ગમે ત્યારે કંઈ પણ બહાર પડે એટલે તેઓ તરત જ ખરીદી-મંગાવી લેતા. હિન્દીમાં વૃન્દાવન વર્મા પહેલાની તિલસ્મી નવલકથાઓ 'ગુપ્તગોદના' તથા 'ઉમરાઓ કી બેટી' જેવી પણ એમને ત્યાં હાજર દિવસેને દિવસે તેમને ત્યાં પુસ્તકોનો પહાર થવા લાગ્યો. નજર ફેરવો તો પુસ્તકોનો વરસાદ થઈ રહેલો હોય તેવું લાગે. પણ હવેલી એટલી બધી વિશાળ કે લાખ પુસ્તકો હોય તો પણ ઘણા વધુ પુસ્તકો સમાઈ જાય. છેવટે એક તબક્કો તો એવો પણ આવ્યો કે કોઈ પુસ્તકની જરૂરત પડે તો શોધ્યું એ જડે નહિ. આ બધી વાતો મેં સ્વયં ચિરંજીવ કાકાના મુખેથી જ સાંભળી.


પણ છેવટે તેમણે મને એક ચમત્કારિક ઘટના પણ જણાવી. વાત જાણે એમ બની કે એક બાવો એમને ત્યાં ભિક્ષા માંગવા આવી ચડ્યો, પણ બાવાની નજર આ હવેલીમાં પથરાયેલા થોકડા બંધ ગ્રંથો-પુસ્તકો પર સ્થિર થઈ ગઈ. અહીં તહીં વેરવિખેર પડેલા ગ્રંથોને જોઈ તેમણે નવાઈપૂર્વક પુછી નાખ્યું? કાકા, શું આટલા બધા ગ્રંથો તમે વાંચી નાખ્યા છે? કાકાએ ઉત્તર વાળ્યો કે (પઢા તો નહીં હૈ લેકિન પઢાયા બહોત હૈ) પછી કાકાએ પોતાની તકલીફો જણાવીને કહ્યું કે પુસ્તકો તો એટલા બધા એકઠા થઈ ગયા છે પણ જરૂરત હોય ત્યારે તે પુસ્તક મળતું નથી. પુસ્તકો કયાં કઈ રીતે મૂકવા તેની સમજ નથી પડતી. બાવાજી મનોમન મુસ્કરાયા અને મનમાં બોલ્યા- 'યે મુલાકાત તો એક બહાના હૈ !' બાવાજી બોલ્યા - હું તમને આ બધા પુસ્તકો એવી રીતે ગોઠવી આપું અને તમને અડધી રાત્રે મળી જાય તેમ કરી દઉં તો? ચિરંજીવ કાકાને લાગ્યું કે બાવો મશ્કરી કરી રહ્યો છે? ચિરંજીવ કાકાએ જણાવી દીધું કે બાવાજી તમને તમારી ભિક્ષા મળી ગઈને? હવે ભિક્ષા લઈ રવાના થાઓ. તમને ભિક્ષા મળી ગઈને? આશીર્વાદ આપો એટલે બસ. પણ બાવાજી આગ્રહ કરતા રહ્યા ચિરંજીવ કાકા પણ ઝૂક્યાં, મનમાં બોલ્યા - કિસ બાત પે નારાજ હો, કિસ બાત કા હૈ ગમ, કિસ સોચમેં ડૂબે હો તુમ, હો જાયેગા સંગમ? ચિરંજીવ કાકાને બાવાજી પર શ્રધ્ધા બેઠી.

બાવાજી પુરા પાંચ મહિના ચિરંજીવ કાકાને ત્યાં રોકાયા. ગ્રંથાલય સેટ કરી આપ્યું અને ચિરંજીવ કાકાને સમજાવી દીધું કે આ સિસ્ટમ પ્રમાણે કામ ચલાવજો. બોલો ક્યું પુસ્તક જોઈએ છે? તરત જ હજારો પુસ્તકમાંથી તરત જ એ પુસ્તક કાઢી હાથમાં પકડાવી દીધું. ચિરંજીવ કાકાની નવાઈનો પાર ના રહ્યો. નક્કી આ બાવાજી કોઈ ચમત્કારી છે. બાવાજીને પૂછ્યું કે તમે તો સંન્યાસી છો તો પછી આ કઈ વિદ્યા છે? બાવાજીએ જણાવી દીધું કે તમારી મુસીબત પુરી થઈ ગઈ. સાધુ તો ચલતા ભલા, હવે મને રજા આપો, પણ જતા પહેલાં ચિરંજીવ કાકાને જણાવી દીધું કે સંન્યાસ પહેલાં પૂર્વાશ્રમમાં હું લાયબ્રેરી સાયન્સ સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલો છું. એટલે હું આ ગ્રંથાલય સેટ કરી શક્યો છું, અત્યારે ભલે હું સાધું છું. આટલું સાંભળતાં ચિરંજીવ કાકાની આંખમાં ઝળઝળિયા આવી ગયા. ચિરંજીવ કાકા સાધુ મહારાજના આ ઉપકારનો આભાર માની ભાર ચૂકવવા માંગતા હતા. પણ બદલો વાળવાનો અવસર ચિરંજીવ કાકાના ભાગ્યમાં ક્યાં હતું. બાવાજી સાચા સંન્યાસી હતા. પોતાની જાતને સન્માન, ઐશ્વર્ય, કિર્તી તથા વિદ્યાના સુંદર સિંહાસન પર બિરાજમાન


## શું તમે દવા વગર ફીટનેસ જાળવવા ઈચ્છો છો?

બોડીનું ચેકઅપ ફ્રી કરી આપવામાં આવશે

- વજન માટે માહિતી
- પાચનમાં સુધારો
- હાથ-પગ દુ:ખાવા
- હાર્ટ હેલ્થ
- સ્કીન હેલ્થ
- બાળકોના માટે ન્યુટ્રીશન
- સ્પોર્ટ ન્યુટ્રીશન
- એનર્જી અને ફિટનેસ



**દવા વગર તંદુરસ્ત જીવન ઈચ્છો છો**

**વધુ માહિતી આજે જ સંપર્ક : કોકીલા - ૯૯૨૪૬૭૮૪૧૭**

થયા વિના, કોઈપણ જાતની ઉદ્‌ઘાટન વિધિમાં પડ્યા વિના, કોઈ લીલી ઝંડી બતાવ્યા વિના, એ જમાનાની રસમ મુજબ ઉદ્‌ઘાટન સમારંભે કબૂતર ઉડાડવાની ઝંઝટમાં પડ્યા વિના આ મહાન પુસ્તકાલયનો માનો શિલાન્યાસ કરી રવાના થઈ જવાની પેરવીમાં પડ્યા.

ચિરંજીવ કાકા બોલ્યા કે હું તેની કદર માટે કંઈ આયોજન કર્યું તે પહેલાં તો બાવાજી ક્યારેય અંતર્ધ્યાન થઈ ગયા? બાવાજીએ ત્યાંથી વિદાય થતાં પહેલાં કાકાની રજા પણ ન લીધી. કહે છે ને? ‘સાધુ તો ચલતા ભલા !’ બાવાજીના અદ્‌ભુત કાર્યની કદર ન કરી શકવાનો આજે પણ મને વસવસો છે. હજુ પણ અતિથિ ઋણ મારે માથે છે અને મારે એ દેવામાંથી મુક્તિ મેળવવી છે. હું નથી જાણતો કે મને એ ઋણમુક્તિ ક્યારે મળશે. પણ ખરેખર તો ચિરંજીવકાકા દ્વારા સંગ્રહાયેલા પુસ્તકોનું બાવાજીને નિમિત્તે આજીવન કાર્યરત આ ગ્રંથાલય તો સેવાનું કાર્ય એ એક પ્રકારે ઋણમુક્તિ જ ગણાયને? મારી જિંદગીમાં હું ક્યારેય કોઈ બાવાના ચમત્કારથી અંજાયેલો નથી અને તેઓના ચમત્કારને હું સ્વીકારતો પણ નથી પણ મારા મન મંદિરમાં ચિરંજીવ ગ્રંથાલય પ્રત્યેની આસ્થા એ ચમત્કાર પ્રત્યેનો પૂજાભાવ નથી તો બીજું શું છે?

આગ્રા યુનિવર્સિટીનો એક પણ મહાનિબંધ એવો નથી કે જેમાં ચિરંજીવ ગ્રંથાલયનો ઉલ્લેખ ન હોય. એ જમાનામાં અલ્હાબાદ (હાલના પ્રયાગરાજ) થી સરસ્વતી પત્રિકા પ્રકાશિત થતી હતી. પણ એક દિવસે અચાનક તેના કાર્યાલયને આગની જ્વાળાઓએ ખાક કરી નાખ્યું. આગમાં બધા જ અંકો ભસ્મ થઈ ગયા. એમણે એક વિશેષાંક બહાર પાડવાનો હતો, પણ મટીરીયલ હોય તોને? કોઈએ આંગળી પકડી લીધી તે આગ્રાનો રસ્તો બતાવ્યો. પહોંચ્યા ચિરંજીવ ગ્રંથાલયને ત્યાંથી આખી એક ટ્રક છલોછલ ભરાય તેટલા સરસ્વતીના જુના અંકો લઈ ગયા અને તેનો સદુપયોગ કરી સહીસલામત પરત પણ કરી ગયા. હિન્દી ઉપન્યાસ કોશ એ ડૉ.ગોપાલરાય કૃત પટના યુનિવર્સિટીના ડિ-લિટ્ હેતુ તૈયાર થયેલો શોધનિબંધ છે. ગ્રંથ નિકેતન પટના, તરફથી ૧૯૬૮માં આ ગ્રંથ ત્રણ ખંડોમાં પ્રગટ થયો છે. પણ એમાં ઠેકઠેકાણે શોધકર્તાને અમુક ગ્રંથ ઉપલબ્ધ નથી થયેલા એવો ઉલ્લેખ છે. પણ આમાંથી મોટાભાગ ગ્રંથ ચિરંજીવ ગ્રંથાલયમાં પ્રાપ્ત છે. ડૉ.ગોપાલરાયે પણ જો ચિરંજીવ ગ્રંથાલયની મુલાકાત લીધી હોત તો શક્ય છે કે એમને ઘણાં બધા ગ્રંથો મળી શક્યા હોત. આવી તો ઢગલાબંધ વાતો ચિરંજીવ ગ્રંથાલય બાબત થઈ શકે તેમ છે. પણ મુખ્ય વાત એ જ છે કે ચિરંજીવ ગ્રંથાલય લાંબી આવરદાવાળું બની ગયું છે. આગ્રાના અજાયબ ઘર સમું વિશિષ્ટ ચિરંજીવ ગ્રંથાલય જે મહાપુરૂષની અમર કીર્તિ છે એમનું નામ પણ (ચિરંજીવ પુસ્તકાલયનાં રેકર્ડમાં પણ) કોઈ જાણતું નથી. તેમ છતાં પણ એ અલ્લડ ફક્કડ ગિરધારી સાધુ બાવા સંસારમાં જે ધવલ કીર્તિ છોડી ગયા છે તે કીર્તિ અમીટ છે - ક્યારેય મટી - ફીટી શકે તેમ નથી. આ ગ્રંથાલય એ મહાત્માજીના લાગલગાટ પાંચ મહિનાની ખેતીનું મીઠું અમૃતફળ છે. આ ગ્રંથાલયમાં એવી પણ એક માત્ર પ્રતિ છે, જે ક્યાંય શોધ્યે મળે તેમ નથી. આ સંદર્ભમાં આ ગ્રંથાલય બેજોડ નિધિ છે. કારણ કે ત્યાં આવી અનેક પ્રતિ સુરક્ષિત છે. મારી પાસે પ્રત્યક્ષ બનેલ અન્ય એક ઘટના પણ જે કોઈ બાવાજી પર આધારિત છે તેનો ઉલ્લેખ ફરી ક્યારે?

**એક અલ્લડ બાવો આયો, એક બાવો જોગી આયો**
**તારે આંગણિયે અલખ જગાવા બાવા જોગી આયો**
**તું આપીશ ચપટી લોટ, તને જશે નહિં કદી ખોટ,**
**તું આપીશ ચપટી જાર, તારા ભર્યા રહેશે ભંડાર.**
**એક અલ્લડ...**

❃


With Best Compliments From

AMRATLAL K. SAVLA
Insurance Advisor

603, Girner Towar, Plot No.208, Ram Tekdi Road, Sewri, Mumbai-400015
Mo. : 98212 15265 - 83560 37821

# કચ્છના જૈન દેરાસરનો ઈતિહાસ

■ ડૉ. મિહિર એમ. વોરા



મિત્રો કચ્છના જૈન દેરાસરનો ઈતિહાસ જોઈએ તો બહુ જૂનો છે. આ લેખ માહિતી આધારિત છે. વિવિધ સંદર્ભોનો ઉપયોગ કરીને લખવામાં આવ્યો છે. મેં માત્ર માહિતી આપી છે જેની નોંધ લેજો.

ભદ્રેસર જૈન મંદિર અથવા વસઈ જૈન મંદિર એ એક ઐતિહાસિક સ્થળ છે. ભદ્રેસર ગામ ભારતના ગુજરાત રાજયના કચ્છ જિલ્લાના મુંદ્રા તાલુકામાં આવેલું છે. આ મંદિરને ભારતના સૌથી પ્રાચીન જૈન મંદિરોમાંનું એક માનવામાં આવ્યું છે. અલબત્ સમય-સમય પર તેનું નવીનીકરણ અને પુનર્વસન કરવામાં આવ્યું છે. એવું માનવામાં આવે છે કે પ્રથમ વખત ભદ્રાવતીના રાજા સિધ્ધસેને ઈ.સ. પૂ.૪૪૯માં આ મંદિરનો જીર્ણોધ્ધાર કરાવ્યો હતો એવું માનવામાં આવે છે કે દેવચંદ્ર નામના એક સામાન્ય જૈન વ્યક્તિએ સદીઓ પહેલા આ મંદિરનો પાયો નાખ્યો હતો. વર્ષ ૧૧૨૫માં જગડુશા દ્વારા આ મંદિરનું મોટાપાયે નવીનીકરણ કરવામાં આવ્યું. આ મંદિર અને ભૂકંપ જેવી કુદરતી આપત્તિઓને કારણે ઘણી વખત ક્ષતિ પામ્યું છે. કચ્છના મિસ્ત્રીઓની વાર્તાઓ જણાવે છે કે તેઓ સ્થપતિઓ અને કસબીઓ હતા અને તેમણે ધરતીકંપો પછી ૧૮૧૯, ૧૮૪૪-૪૫ અને ૧૮૭૫માં મંદિરોનો જીર્ણોધ્ધાર કર્યો હતો.

ભૂતપૂર્વ મંદિરમાં, નીચલો ભાગ સૌથી પ્રાચીન હતો. તેનું બાંધકામ આશરે ઈ.સ.૧૧૭૦ની સાલમાં થયું હતું. મંદિર સંકુલને બરામદા દ્વારા અને પછી બાહ્ય પાંખો, પછી મંદિર અને છેલ્લે મંડપથી વિસ્તૃત કરવામાં આવ્યું હતું. ૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના ભૂકંપમાં મંદિર સંકુલ ફરી સંપૂર્ણ રીતે નાશ પામ્યું હતું. હવે તેને સંપૂર્ણપણે પુનઃનિર્માણ કરવામાં આવ્યું છે કારણ કે ઘણી જૂની દેરીઓ એટલી નાશ પામી હતી કે તેનું પુનર્વસન શક્ય ન હતું. મંદિરની સામાન્ય યોજના માઉન્ટ આબુ પરના દેલવાડાના મંદિરો જેવી છે. ૪૮ ફુટ પહોળા અને ૮૫ ફૂટ લાંબા પ્રાંગણમાં મંદિર ઊભું છે, જેની ચારે પાસની પરિમિતિમાં નાની નાની દેરીઓની હરોળ હોય છે. તેમાં ત્રણ સ્તંભો ધરાવતો એક ઘુમ્મટ છે. મંદિરનું મુખ પૂર્વ તરફ છે. એક દાદર પરથી મંદિરમાં પ્રવેશી શકાય છે. મંડપની ઉપર એક બીજું ઘુમ્મટ છે. મંદિરનું મુખ પૂર્વ તરફ છે, એક દાદર પરથી મંદિરમાં પ્રવેશી શકાય છે. મંડપની ઉપર એક બીજુ મોટું ગુંબજ છે. મંદિરમાં ત્રણ સફેદ આરસની મૂર્તિઓ છે. મંદિરના મૂળનાયક તીર્થંકર અજિતનાથ સ્વામી છે. તેના પર સંવત ૬૨૨ની તારીખ સંભવતઃ ૧૬૨૨ અથવા ઈ.સ.૧૫૬૫નું વર્ષ દર્શાવે છે. તેની જમણી બાજુ પર નાગેશ્વરની ફેણ નીચે પાર્શ્વનાથની મૂર્તિ છે. જેમાં ઈ.સ.૧૧૭૫ (સંવત ૧૨૩૨) છે અને તેની ડાબી બાજુ ૧૬મા તીર્થંકર શાંતિનાથ, પણ ૧૧૭૫ (સંવત ૧૨૩૨)ની મૂર્તિ છે. એકદમ જમણી બાજુએ કાળી અથવા શામળા પાર્શ્વનાથની છબી છે.

### કચ્છના કોઠારા જૈન દેરાસર

આજથી ૧૯૩ વર્ષ પહેલાની આ વાત છે. દસ વર્ષનો એક નાનકડો બાળક કચ્છના કોઠારા નામના નાનકડા ગામમાં પોતાના ભેરુ-ભાઈબંધો ને છોડીને, માંડવી બંદરેથી વહાણમાં બેસીને, મામાની સાથે મુંબઈ કમાવા જાય છે. આ બાળકનું નામ હતું કેશવજી. તેના પિતા તો એ સાવ નાનો હતો ત્યારે જ ગુજરી ગયા હતા. માતાએ એને મોસાળમાં ઉછેર્યો હતો.

### કેશવજીના જીવનનો ટર્નિંગ પોઈન્ટ

દુખિયારી મા નો આ એકનો એક દીકરો કેશવજી મુંબઈ જઈને ભણવાની સાથે નોકરી પણ કરતો જાય છે. હવે, એ તરૂણાવસ્થામાં પ્રવેશ્યો હતો. આપણે સૌ જાણીએ છીએ એમ ટીનએજરની દુનિયા અને તેના સપના કંઈક જુદા જ હોય



આવવાની રાહ જોતો અને વિચારોમાં ડૂબેલો કેશવજી દરિયાની રેતીમાં ક્યારે ઊંઘી ગયો તેની તેને ખબર જ ન પડી.

**કેશવજીના જીવનની સોનેરી સવાર :** કેશવજીનો ભાગ્યોદયે જાગ્યો ત્યારે વહેલી સવાર થઈ ગઈ હતી. કેશવજીની સામે એક શેઠ ઊભા હતા. એમણે કેશવજીને થોડી પૂછપરછ કરી અને તેને પોતાની સાથે આવવા મનાવી લીધો. આ પ્રભાત જાણે કેશવજીના જીવનની સોનેરી સવાર હતી.

છે. સમય જતાં કેશવજીના જીવનમાં એક એવી ઘટના બની કે તે નિરાશા, હતાશા ને ગુસ્સામાં દરિયામાં પડીને આપઘાત કરવા પહોંચી જાય છે.

વાત જાણે એમ હતી કે, કેશવજી મુંબઈમાં તેના મામાના દીકરા સાથે રોજ નિશાળે જતો હતો અને ત્યાંથી આવીને મામાની પેઢીમાં નોકરી કરતો હતો. એક દિવસ મામાનો દીકરો એક સુંદર મજાનું જરી ભરેલું પહેરણ પહેરીને નિશાળે આવ્યો. કેશવજીને એ પહેરણ ખૂબ ગમી ગયું. તેણે ઘરે જઈને માતા પાસે એવું પહેરણ (શર્ટ) લેવાની જીદ કરી.

જીદ પુરી ન થતાં કેશવજી ઉદાસ રહેવા લાગ્યો. એમાં એક દિવસ મામાની પેઢીમાં કામ કરતાં તેનાથી કંઈક ભૂલ થઈ અને મામાએ ખૂબ ઠપકો આપ્યો. મામાના ઠપકાએ આગમાં ઘીનું કામ કર્યું. કેશવજીએ ગુસ્સામાં મામાની પેઢીના હિસાબ કિતાબના એક ચોપડા પર શાહીનો ખડિયો જ ઊંધો વાળી દીધો.

એ પછી હવે જીવવું જ નથી એવી મનમાં ગાંઠ વાળીને તે મુંબઈના દરિયા ભણી ઊપડ્યો. સમુદ્ર તટ પર કેશવજી જ્યારે પહોંચ્યો ત્યારે એ સમયે દરિયામાં ઓટ હતી. ભરતી

આ ભાટિયા શેઠને પણ કોઈ જ્યોતિષીએ કહેલું કે, તમને કોઈ અજાણ્યો વ્યક્તિ મળશે અને તેના નામે ભાગીદારીથી તમે સારું કમાશો. શેઠને કેશવજી પર વિશ્વાસ બેઠો.

ભાગ્ય જોગે કેશવજીને પણ એક તક સાંપડી. એ દિવસોમાં ખારેક ભરેલું એક જહાજ પોતાની સફર રદ થતાં મુંબઈના બંદરે લાંગર્યું હતું. એમાંનો માલ હરાજીથી વેચવા મુકાયો. કેશવજીએ તે માલ ભાટિયા શેઠની નાણાકીય સહાયથી ખરીદી લીધો. એ પછી તેના વેચાણથી ૮૦૦૦ રૂપિયાનો નફો થયો.

ભાટિયા શેઠે કેશવજીને એ નફામાંથી અર્ધા ૪૦૦૦ રૂપિયા રોકડા આપ્યા. આમ કેશવજી હવે શેઠ કેશવજી નાયક તરીકે ઓળખાવા લાગ્યો. તકદીર પલટાય ત્યારે શું નથી થતું? જે મામાની પેઢીમાં કેશવજી નોકરી કરતો હતો તે જ મામા શિવજી નેણશીની સાથે વખત જતાં તેણે ભાગીદારી પણ કરી હતી.

શેઠશ્રી કેશવજી નાયકનો સૂર્ય જ્યારે મધ્યાન્હે તપતો હતો ત્યારે એક વખત તેને ખબર પડી કે મામા શિવજી નેણશી અને શેઠ વેલજી માલુ પોતાના વતન કોઠારામાં એક જિનાલય


**વિનોદ કે. શાહ ફોન (ઘર) ૨૪૧૪૪૪૪૧**
**ગામ : મોટા આસંબીયા**

**વાડીલાલ કે. શાહ ફોન (ઘર) ૨૪૦૯૬૬૯૪**
**મો. : ૯૮૨૦૦૫૯૬૨૧, ૯૩૨૨૮૬૫૯૪૩**

# મેસર્સ ભાવેશ એન્ડ કાં.

**અનાજ, કઠોળ અને દાળોના જથ્થાબંધ અને**
**છૂટક વેપારી તથા કમિશન એજન્ટ**

**ડી/૩૨, એ.પી.એમ.સી. માર્કેટ નં.-૨, દાણાબંદર, વાશી, નવી મુંબઈ - ૪૦૦૭૦૫.**
**ફોન : ૨૭૮૩૮૨૮૦, ૨૭૮૪૯૦૧૬**

બંધાવવા જઈ રહ્યા છે. આ વાત જાણીને આ શુભ કાર્યમાં કેશવજીએ પોતાનો ત્રીજો હિસ્સો આપવાની તૈયારી દર્શાવી હતી. પરંતુ મામા શિવજી નેણશીએ આનાકાની કરતાં શેઠ કેશવજી નાયકે ચોખ્ખું કહી દીધું કે, ''જો તમે જિનાલયના નિર્માણમાં મારો હિસ્સો નહીં સ્વીકારો તો હું એકલો નવું જિનાલય બંધાવીશ.''

શેઠ કેશવજી નાયકની આ વાતની ધારી અસર થઈ. એ પછી શેઠ શ્રી શિવજી નેણશી, શેઠ શ્રી વેલજી માલુ તથા શેઠ શ્રી કેશવજી નાયકે ભેગા મળીને કોઠારામાં ભવ્ય જિનાલયનું નિર્માણ કરાવ્યું હતું.

ભુજથી ૮૦ કિ.મી. દૂર અને ગુજરાતનું સૌથી ઠંડું સ્થળ, નલિયા ગામથી ૨૩ કિ.મી.ના અંતરે નાયરા નદીના કિનારે કોઠારા નામનું ગામ છે. આ ગામની મધ્યમાં ૧૨ ભવ્ય શિખરોથી સુશોભિત આ સુંદર જિનાલય છે. અગાઉ આપણે જાણ્યું તેમ આ જિનાલય ૧૫૯ વર્ષ પહેલા કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિના ત્રણ શ્રેષ્ઠીઓ દ્વારા બનાવવામાં આવ્યું હતું. તેમના નામ છે શ્રી વેલજી માલુ, શ્રી શિવજી નેણશી અને શ્રી કેશવજી નાયક. આ ત્રણેય શ્રેષ્ઠીઓનો મુંબઈ અને વિદેશોમાં વેપાર ચાલતો હતો. પરંતુ એક સમયે આ લોકો નસીબ અજમાવવા કચ્છથી મુંબઈ ગયા હતા.

ત્યાં જઈને તેઓ શ્રીમંત બન્યા. મહાન શેઠ પણ બની ગયા. પરંતુ સફળતા મળ્યા બાદ પણ તેઓ પોતાનો ધર્મ અને વતનને ક્યારેય ભૂલ્યા નહીં.

કોઠારા ગામમાં આ ત્રણ મહાપુરુષોએ વિક્રમ સંવત ૧૯૧૪, ઈ.સ.૧૮૫૭માં શ્રી શાંતિનાથ ભગવાનના મેરુપ્રભ જિનાલયના નિર્માણ કાર્યની શરૂઆત કરી હતી.

૭૮ ફૂટ લાંબું, ૬૯ ફૂટ પહોળું અને ૭૪ ફૂટ ઊંચું આ મંદિર કચ્છ જિલ્લાનું સૌથી ઊંચું શિખરબંધ જિનાલય છે.

આ મંદિર આજુબાજુથી ઊંચા કોટ વડે ઘેરાયેલું છે જેમાં પાંચ બૂર્જ અને ૧૨x૬ ફૂટનો દરવાજો છે. તેને બે માળ જેટલું ઊંચું પ્રવેશદ્વાર છે.

આ જૈન મંદિર કચ્છના ૪૦૦ કારીગરોની અથાક મહેનતથી સાભરાઈના સલાટ નાથુની દેખરેખ હેઠળ ૪ વર્ષમાં બનાવવામાં આવ્યું હતું. અને તેના નિર્માણ કાર્યમાં ૧૬ લાખ કચ્છી કોરી એટલે કે ૪,૫૭,૧૪૩ રૂપિયાનો ખર્ચ થયો હતો. આજના હિસાબે જોઈએ તો એ વખતે અંદાજે ૬ કરોડથી વધુના ખર્ચે આ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

આ ભવ્ય જિનાલયની પ્રતિષ્ઠા સંવત ૧૯૧૮ મહા સુદી



તેરસ બુધવાર, ૧૩ ફેબ્રુઆરી ૧૮૬૨ના શુભ દિવસે પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી રત્નસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબની પાવન નિશ્રામાં કરવામાં આવી હતી.

મુખ્ય મંદિરની બાજુમાં બીજું એક સુંદર મંદિર છે. જે ૪૨૫ વર્ષ જૂનું છે અને તેમાં ભગવાન શાંતિનાથની પ્રતિમા લગભગ ૧૨૦૦ વર્ષ પ્રાચીન છે.

**વાંકી જૈન તીર્થ,**

કચ્છમાં ભદ્રેશ્વર જૈન તીર્થથી ૨૬ કિલોમીટર દૂર વાંકી Vaanki નામનું નાનકડું ગામ આવેલું છે. આ ગામના વતની લક્ષ્મીચંદભાઈ છેડાએ કાંડા ઘડિયાળના પટ્ટા બનાવવાની ફેક્ટરી કરવા માટે વાંકી ગામનાં મુખ્ય માર્ગ પર મોકાની પોણાત્રણ એકર જેટલી જમીન લઈ રાખી હતી. પરંતુ જૈનાચાર્ય શ્રી કલાપૂર્ણ સૂરીશ્વરજી મહારાજના વાંકી ગામે પગલાં થયાં, લક્ષ્મીચંદભાઈના મનનાં ભાવ બદલાયા અને આ જમીન પર Vanki Jain Tirth Kutch વાંકી જૈન તીર્થનું નિર્માણ થયું.

આમ તો વાંકી ગામમાં ૧૨૮ વર્ષ પ્રાચીન શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર છે જ. પણ વર્ષ ૧૯૭૪માં જૈનાચાર્ય શ્રી કલાપૂર્ણ સુરીશ્વરજી મહારાજ સાહેબ વાંકી ગામે પધાર્યા હતા એ વખતે ગામમાં મહોત્સવ જેવું વાતાવરણ સર્જાયું. વાંકી તથા આસપાસના ગામોના વતની શહેરમાં વસતા જૈનો આ પ્રસંગે વાંકી આવ્યા હતા.

આ પ્રસંગે આચાર્ય ભગવંતે વાંકી તીર્થ કચ્છ માટે પ્રેરણા

શુભ પ્રસંગોની
રંગતમાં સંગત માણવા મહેમાન ને નવાજવા,
સંતોષના ઓડકારની અપેક્ષા એટલે જ

# Gala Caterers

FINEST IN FOOD INDUSTRY

SINCE 1977

## આ શુભ સ્થળો માટેનાં અધિકૃત કેટરર્સ

**સેન્ટ્રલ મુંબઈ :**

- કામગાર ગ્રાઉન્ડ-પરેલ
- હાલાઈ વાડી-દાદર
- કિંગ જોર્જ હોલ એન્ડ ગ્રાઉન્ડ-દાદર
- વસંત સ્મૃતી-દાદર
- ગુજર વાડી-માટુંગા
- ગુજરાતી સેવા મંડળ-માટુંગા
- ફ્લેમિંગો હોલ-માટુંગા
- પંજાબ હોલ-માટુંગા
- રામવાડી-માટુંગા
- નારાયણજી શામજી વાડી-માટુંગા
- નપ્પુ હોલ-માટુંગા
- ખાલસા હોલ એન્ડ ગ્રાઉન્ડ-માટુંગા
- લોહારવાડી-માટુંગા
- માનવ સેવા સંઘ-સાયન
- સુમતી ગુજર-કુર્લા
- ભાટિયા વાડી-ઘાટકોપર
- સોમૈયા ગ્રાઉન્ડ-ચુનાભટ્ટી, ઘાટકોપર
- શિવાજી ટેક્નિકલ ગ્રાઉન્ડ-ઘાટકોપર
- પી પેલેસ હોલ-મુલુંડ(વેસ્ટ)
- આર.આર બેન્ક્વેટ-મુલુંડ (ઈસ્ટ)
- સૂરજ વોટર પાર્ક-થાણા
- રીટ્ઝ બેન્કવેટ-થાણા

**સાઉથ મુંબઈ :**

- એસ.આઈ.ઈ.એસ. ગ્રાઉન્ડ-વડાલા
- નીક્કો હોલ-વડાલા
- એસ.એન.ડી.ટી. કોલેજ-વડાલા
- એકર્સ ક્લબ-ચેંબુર
- ચેંબુર જીમખાના હોલ એન્ડ ગ્રાઉન્ડ-ચેંબુર
- ગ્રાન્ડ બેન્કવેટ-ચેંબુર
- ગ્રાન્ડ નાલંદા-ચેંબુર
- સિંધી જીમખાના-ચેંબુર
- ગુજરાત ભવન-વાશી
- આયુષ રીસોર્ટ-પનવેલ

**વેસ્ટર્ન મુંબઈ :**

- એમ.ઇ.ટી-બાન્દ્રા (વેસ્ટ)
- અંધેરી સ્પોર્ટસ કોમ્પલેક્સ-અંધેરી
- વાગડ વિશા ઓસવાલ મહાજન વાડી-અંધેરી
- કમલ અમરોહી-JVLR
- એફ.એમ.બેંકવેટ-ગોરેગામ અને રામ મંદીર
- તેરાપંથી ભવન-કાંદીવલી
- વુડ સ્ટોક રીસોર્ટ

**પ્રવીણ ગાલા : 9892183338**

અતુલ ગાલા : 93222 21205 • રાજેશ ગાલા : 98200 32010


રોહિત ગાલા : 98200 99251 • ચિરાગ ગાલા : 97020 29280

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૪૦૦ ૦૧૯

ફોન : ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૭

E: galacaterers@gmail.com | W: www.galacaterers.in

અમે આઉટ સ્ટેશન તથા કોર્પોરેટ ઓર્ડર્સ સ્વીકારીએ છીએ



કરી. એ વખતે ત્યાં ઉપસ્થિત કોઈએ નવું ભવ્ય જિનાલય બનાવવાનો વિચાર રજૂ કર્યો, પરંતુ ઉપસ્થિત અન્ય શ્રેષ્ઠીઓમાંથી કોઈએ કહ્યું કે, જિનાલયના બદલે જૈન વિદ્યાલય બનાવીએ તો? એ વખતે વાંકીના વતની પણ અમદાવાદ વસતા શેઠ શ્રી લક્ષ્મીચંદભાઈ છેડા આગળ આવ્યા અને તેમણે કહ્યું કે, આ શુભ કાર્ય માટે વાંકીના મુખ્ય માર્ગ પર આવેલી મારી સંપૂર્ણ જમીન હું આપવા તૈયાર છું.

આ જમીન પર તેઓ ઘડિયાળના પટ્ટા બનાવવા માટેનું કારખાનું બનાવવાના હતા પરંતુ આ શુભ પ્રસંગે, મંગળ ઘડીએ એ જમીન પર ધર્મસ્થાન બનાવવાનું નક્કી કરવામાં આવ્યું. લગભગ પોણા ત્રણ એકર જમીન દાનમાં મળ્યા બાદ વર્ષ ૧૯૭૫માં શ્રી વર્ધમાન તત્ત્વજ્ઞાન જૈન વિદ્યાલયનો શિલાન્યાસ થયો. આમ અહીંયા સમૃધ્ધ લાઈબ્રેરી (જ્ઞાન ભંડાર) સાથે સાધુ-સાધ્વી ભગવંતો તથા મુમુક્ષો તેમજ જૈનીઝમમાં રસ ધરાવતા અભ્યાસુઓ માટે વિદ્યાલયનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું.

**પંચતીર્થ માહિતી**

**નાની પંચતીર્થ**

કચ્છ નાની પંચતીર્થના ગામો વડાલા, ગુંદાલા, મુંદ્રા, ભુજપુર, મોટી ખાખર, નાની ખાખર, બિદડા, બોતેર જિનાલય, જૈન આશ્રમ માંડવી.

**મોટી પંચતીર્થ**

કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં સાંધાણ, સુથરી, કોઠારા, જખૌ, નલીયા, તેરા પંચતીર્થના ગામો આવેલા છે. ત્યાંના દેરાસરોની બાંધણી અને નક્શીકામ ખૂબ જ સુંદર અને કલાત્મક છે. જે ત્યાંના જ પથ્થરથી ત્યાંના જ સ્થાનિક કારીગરો સોમપુરાઓએ નિર્માણ કરેલા છે.

**સાંધણ :** શ્રી શાંતિનાથ પ્રભુજીની સોમ્ય શાંત પ્રતિમાજી બિરાજમાન છે. તે સાંધણ તીર્થમાં તિલકટુંક નામની નવટુંકો છે.

**સુથરી :** મુખ્ય તીર્થ સુથરી રહસ્યમય, ચમત્કારીક શ્રી ધૃતકલોલ પાર્શ્વનાથ તીર્થના નામે પ્રસિધ્ધ છે. તેમજ સહસ્રકુટ મંદિર પણ બંધાયું છે.

**કોઠારા :** કોઠારા તીર્થ મેરૂપ્રભ ટુંક નામે પ્રખ્યાત છે અને કચ્છના સર્વે જિનાલયોમાં ઉંચામાં ઉંચું શિખર ધરાવતું તથા મુખ્ય દ્વારા ઉચ્ચત્તમ કલાકૌશલ્ય ભરી કોતરીથી સુશોભિત તીર્થ છે. અહીં શ્રી શાંતિનાથ પ્રભુજી બિરાજમાન છે.

**જખૌ :** જખૌમાં રત્નટુંકના જિનાલયો શોભાયમાન છે. જ્યાં દહેરાસરજીમાં શાસનપતિ શ્રી મહાવીર સ્વામી પ્રભુજી તથા ચૌમુખજી પ્રતિમા બિરાજમાન છે.

**નલીયા :** નલીયા તીર્થ ચંદ્રપ્રભુજી તથા અષ્ટાપદના જિનાલયોના વિશાળ શિખરો, મંડપો તથા પથ્થર ઉપરની સુવર્ણ કલાવાળું ભવ્ય તીર્થ છે, જે વસહી ટુંક તરીકે પ્રખ્યાત છે.

**તેરા :** શ્રી સંપ્રતિ મહારાજના સમયની ચમત્કારીક શ્રી


J.P. Sangoi,
Manish J. Sangoi
Jayesh J. Sangoi
(Kapayawala)

**PARAS**
**REXINE HOUSE**

Phone : 24307609
M. : 9820156242
M. : 9820786889

**A.C. Show Room**

Mattress - Pillows - Cushion
P.V.C. Floor Carpet, P.V.C. Tiles - Wooden Flooring - Wall Paper - Wall Poster - Vertical Blind - Vanishing Blind - Speaker Box Carpet - Roller Blinds - Roman blinds - Suncontrol Films
**Plastic Mat - Grass Mat - Bath Mat - Flaxy Mat - Coir Mat - Rubber Mat**
Dealers in : ❇ All Kinds of Art Leather Cloth, Rexine, P.U. Foam, Rubber Foam, Rubberised Coir, Upholstry Materials & ETC. Memory Foam Mattress & Products ❇ Sleepwell ❇ Springwel ❇ MM Foam ❇ Kurlon ❇ Centuary ❇ Libra Mattres ❇ Mattress, Pillows, Cushion ❇ Sofa Cover

Tirthankar, Shop No. 5, S.K. Bole Road, Dadar (W), Mumbai-400 028.
Email : parasrexinehouse@gmail.com - Fecabook : parasrexinehouse
Intagama : parasrexinehouse

જીરાવલ્લા પાર્શ્વનાથ તથા શ્રી શામળીયા પાર્શ્વનાથ પ્રભુજીની પ્રતિમાઓ ધરાવતા સુંદર નયનરમ્ય જિનાલયો તેરા તીર્થમાં છે.



આ તીર્થો યાત્રા કરીએ ત્યારે જ તીર્થોની કલામય કોતરણી દર્શનીય સ્થાપત્ય તથા ભવ્યતાનો ખ્યાલ આવે, જે જીવનનો એક અણમોલ લ્હાવો છે.

નાની મોટી પંચતીર્થમાં નીચે મુજબ ગામોમાં રહેવાની તથા ભોજનાલયની સુંદર વ્યવસ્થા છે. બોંતેર જિનાલય, જૈન આશ્રમ, સુથરી, કોઠારા, જખૌ, તેરા તેમજ વાંકીમાં પણ ઉપર મુજબ સગવડ છે.

૨૦૧૬માં વાગડ વિસ્તારના ઓશવાળ સમાજના જૈન શ્રેષ્ઠીઓના સહયોગથી અંદાજે ૫ કરોડના ખર્ચે ભચાઉ-સામખિયાળી વચ્ચે નમસ્કાર તીર્થધામનું નિર્માણ થઈ રહ્યું છે. કચ્છ બહારથી આવતા જૈન શ્રાવકો માટે આધુનિક ધર્મશાળા પણ બંધાઈ રહી છે. એકાદ વર્ષમાં આ ભવ્ય મંદિરનું નિર્માણ કાર્ય સંપન્ન થશે.

કચ્છમાં મોટી સંખ્યામાં જૈન ધર્મી લોકો રહે છે. અહીંના પ્રાચીન જૈન મંદિરોમાં અનેક હસ્તપ્રતો સચવાયેલી છે. સદીઓ જૂના મંદિરો સમયે સમયે જીર્ણોધ્ધાર પામતાં રહે છે. અહીંની જૈન ઐતિહાસિક, સાંસ્કૃતિક અને સામાજિક ધરોહરો આજે વિશ્વભરમાં ફેલાયેલી છે. જોકે તે વિશે ગહન સંશોધન થયું નથી.

પરંતુ આ દિશામાં એક પહેલ કચ્છ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવી છે. સુચિતા બોઘાણી કનર જૈન ધર્મના પ્રાચીન ગ્રંથોનો વારસો સાચવવો, તેનો સંગ્રહ કરવો, તેનું ડિજિટાઈઝેશન કરવું, જૈન સ્થાપત્ય અને તેના મૂર્તિવિજ્ઞાન વિશે સંશોધન કરવું. કચ્છમાં પ્રવર્તતી જૈન પરંપરાઓ વગેરે અંગે અભ્યાસ કરવો અને કરાવવાના ઉદ્દેશ સાથે કચ્છ યુનિવર્સિટીમાં જૈન સ્ટડી અને રિસર્ચ સેન્ટર શરૂ કરાયું છે. આ સેન્ટર જૈન ધર્મ વિશે પાયાથી જાણવા અને સમજવા ઈચ્છતા લોકોને તેનું શિક્ષણ આપશે. તેમાં ઉચ્ચ અભ્યાસ માટે સગવડો પણ પૂરી પાડશે. આ ઉપરાંત ચાતુર્માસ દરમિયાન કચ્છના ગામોમાં આવતા જૈન તથા અન્ય લોકો માટે તેમના ગામમાં જઈને વિવિધ કોર્સ પણ કરાવવાનું આયોજન આ સેન્ટર દ્વારા કરાયું છે.

કચ્છમાં જૈનોનો ઈતિહાસ ક્યારથી શરૂ થયો, તે એક સંશોધનનો વિષય છે, પરંતુ ભારતમાં પ્રાચીનમાં પ્રાચીન જૈન તીર્થો પૈકીનું એક ગણાતું ભદ્રેશ્વર-વસઈ તીર્થ કચ્છમાં આવેલું છે. આ તીર્થ ૨૫૦૦ વર્ષ જૂનું હોવાનું મનાય છે. આ ઉપરાંત કચ્છમાં માંડવી તાલુકામાં નાની અને અબડાસા તાલુકામાં મોટી પંચતીર્થી આવેલી છે. જ્યાંના જૈન મંદિરો પ્રાચીન છે. આ મંદિરોનું સ્થાપત્ય ખૂબ કલાત્મક છે. માંડવી તાલુકાના જૈન મંદિરોમાં તો વિદ્યાનો મોટો ભંડાર સચવાયેલો પડ્યો છે. કચ્છમાં જૈનોનો ઈતિહાસ, તેનું સ્થાપત્ય, હસ્તપ્રતો કે પ્રાચીનત્તમ ગ્રંથો વિશે ઊંડાણપૂર્વક અભ્યાસ થવાનો બાકી છે. આવા અભ્યાસ માટે પણ ભવિષ્યમાં આ સેન્ટર ઉપયોગી થશે. ❁


**શ્રી ક.વિ.ઓ.બોરીવલી-કાંદીવલી સોશ્યલ ફોરમ (રજી.)**

**દહિંસર, બોરીવલી તથા કાંદીવલી પરિસરમાં વસતા ક.વિ.ઓ. પરિવારોના કલ્યાણ અર્થે કાર્યરત શ્રી ક.વિ.ઓ.બોરીવલી કાંતીવલી સોશ્યલ ફોરમ દ્વારા થતા ઉન્નત કાર્યોની ઝલક નીચે મુજબ છે.**

**આછેરી ઝલક...**

- ❁ નાતજાતના ભેદભાવ વગર શુદ્ધ અને સાત્વીક સૌને પરવડે એવું રૂા.૫૦/-માં ટીફીન સેવા છેલ્લા ૨ વર્ષથી શરૂ આ યજ્ઞમાં અત્યાર સુધી ૬૩,૦૦૦/- થી વધુ ટીફીનોનું વિતરણ.
- ❁ આર્થિક રીતે નબળા પરિવારો માટે રૂા.૫૧,૦૦૦/-માં સ્વાભિમાનથી સ્વમાન લગ્ન જેમાં લગ્નના સંપૂર્ણ આયોજન બને બાજુથી ૧૦૦ જણમાં કરી આપવામાં આવે છે. જરૂરિયાતમંદ પરિવાર માટે દાતાશ્રીના આર્થિક સહયોગથી લગ્નો તદ્દન ફ્રીમાં પણ થાય છે.
- ❁ ગરમીમાં ઠંડક પહોંચાડવા છાસ વિતરણ કેન્દ્ર જેમાં દરરોજના ૨,૫૦૦ થી વધુ ગ્લાસ છાશનું વિતરણ.
- ❁ ક.વિ.ઓ. પરિવાર માટે મેડીકલ કેમ્પ, પિકનીક મનોરંજનના કાર્યક્રમ જેમકે સંગીત મહેફીલ, ડાયરા, ચલચિત્ર, મહિલા માટે સિવણ વર્ગો વગેરે વગેરે.
- ❁ એકલા રહેતા વયોવૃદ્ધ વડીલોના ખબર અંતર પુછવા તેમની સાથે મેળાવડો જરૂરિયાત મુજબ સેવા જેવા કાર્યો થાય છે.

**વધુ વિગત માટે સંપર્ક**

લહેરચંદ મારૂ (ના.ભાડીયા) 9821064181
રમેશ ગડા (ના.ભાડીયા) 9320055122
સુરેશ સંગોઈ (ટોડા) 8983452796
જખ્ખુ મામા (બિદડા) 9323733000
મનીષ મામણીયા (પુનડી) 9820072425
એડ.લલીત છેડા (રાયણ) 9324575746
પંકજ દેઢિયા (ભુજપુર) 9757380573

# ‘સ્વૈચ્છિક નિવૃત્તિ’ એ જ મોટી સમાજસેવા

■ હર્ષદ પંડ્યા ‘શબ્દપ્રીત’




મારા એક મિત્ર છે, જેમણે બેંકમાંથી વીઆરએસ લઈને ખરેખર પ્રવૃત્તિશીલ બનવાનું નક્કી કર્યું. એમનું જોઈને મેંય વિચાર્યું કે સ્કૂલની નોકરીમાંથી મારે વીઆરએસ લઈ લેવું કે જેથી કરીને બાકીના વિદ્યાર્થીઓનું તો ભવિષ્ય સુધરે. પણ વીઆરએસ લીધા પછીના બીજા જ મહિને મને બ્રહ્મજ્ઞાન થયું કે કોઈ નિર્ણય ઉતાવળે નહીં લેવો. ઉતાવળે નિર્ણય લઈને હું આ બીજીવાર પસ્તાયો.

સ્વૈચ્છિક રિટાયર થયા પછી એટલી બધી પ્રવૃત્તિઓ વધી ગઈ કે એટલી તો મારા આટલાં વરસોની શિક્ષક તરીકેની નોકરીમાંય નહોતી.

એક દિવસ પેન્શનના કામ માટે મારે મારી ભૂતપૂર્વ શાળામાં જવાનું થયું. નિવૃત્તિ લીધાના બે-ત્રણ મહિના જ થયા’તા, એટલે મને વિચાર આવ્યો કે શિક્ષણ વિભાગે અને ખાસ કરીને મારી શાળાએ શિક્ષણમાં તમારા જેવા નિષ્ઠાવાન શિક્ષકની હજી ખૂબ જરૂર છે, માટે તમારું સ્વૈચ્છિક રાજીનામું અમે મંજૂર કર્યું નથી એવો શુભસંદેશો હજી સુધી મોકલ્યો નથી તો લાવને જરા તપાસ તો કરું કે રાજીનામું ખરેખર મંજૂર થઈ ગયું છે કે નહીં? અને થવાકાળ જો થઈ ગયું હોય તો પેન્શન ક્યારથી મળતું થશે એ પણ જાણી શકાશે, એમ વિચારી હું શાળાએ પહોંચ્યો.

શાળામાં મને આમ સાવ અચાનક આવેલો જોઈને દસ-બાર વિદ્યાર્થીઓ એકસામટા ટોળે વળી ગયા. એમાંના એક જણાએ હાંફતાં હાંફતાં પૂછ્યું, “અરે, સર ! તમે પાછા આવી ગયા !” મેં અતિલાગણીશીલ થઈ જતાં કહ્યું, “ના ભ’ઈ ના...” હજી આગળ હું બોલવા જાઉં ત્યાં જ એણે કહ્યું, “થેન્કગોડ, અમને તો ફાળ પડી કે પંડ્યા સર પાછા આવ્યા કે શું?”

શાળામાં પ્રવેશતાં જ મારા સ્વભાવ અને પ્રભાવનો આટલો રોકડો પ્રતિભાવ જોઈને મને થયું કે હવે સ્ટાફરૂમમાં કે કલાર્ક ઓફિસમાં જવાનું જોખમ લેવા જેવું નથી.

મને બાઘાની જેમ મૂઢમતિ અવસ્થામાં ઊભેલો જોઈને ચેમ્બરમાંથી બહાર આવી પ્રિન્સિપાલ સાહેબે સહેજ ઝીણી આંખો કરીને મને પૂછ્યું : “બ્રુટસ... આઈમીન, પંડ્યા યુ ટુ? તમે પણ?”

“કેમ સાહેબ આમ બોલો છો?” સાહેબનો ગભરાટ જોઈને હું મારો ગભરાટ ભૂલી ગયો. મેં પૂછ્યું, “સર, આર યુ ઓકે?”

મને એમની ચેમ્બરમાં ખેંચી જતાં એમણે સામેથી પૂછ્યું, “રાજીનામું પાછું ખેંચવા તો નથી આવ્યા ને?” સાહેબને પરસેવો વળતો જોઈને મેં કહ્યું, “ના રે ના... પણ આવું કેમ પૂછો છો?”

ખુરશીમાં બેસી મને સામેની ખુરશીમાં બેસવાનો ઈશારો કરી સાહેબે પટવાળા પાસે પાણી મંગાવી ચાનો ઓર્ડર આપ્યા પછી મને કહ્યું, “થયું એવું કે તમે સ્વૈચ્છિક રાજીનામું આપ્યું એના બીજા જ અઠવાડિયે આપણા શાહ સાહેબને ઓળખો ને, એમણે પણ સ્વૈચ્છિક રાજીનામું આપ્યું. અમે તો જેમ તમારી જગાએ બીજા શિક્ષકને ગોઠવી દીધા, એમ શાહ સાહેબની જગાએ પણ એક નવા શિક્ષકને ગોઠવી દીધા. નવો શિક્ષક બિચારો પોતાનો ચાર્જ સંભાળે એ પહેલાં તો શાહ સાહેબે શાળામાં આવીને મને કહ્યું, “સાહેબ, ઘરે રહીને કામ કરી કરી હું સાવ ખેંચાઈ જાઉં, એ પહેલાં હું રાજીનામું પાછું ખેંચી લેવા આવ્યો છું.”

આટલું બોલતાં બોલતાં તો એસી ચેમ્બરમાં પણ સાહેબને પરસેવો વળી ગયો'તો. પરસેવો લૂછતાં એમણે કહ્યું, ''એમનું માંડ માંડ ઠેકાણે પાડ્યું ત્યાં આજે તમને જોયા... એટલે મારાથી એવું બોલાઈ જવાયું કે, બ્રુટસ... મતલબ કે પંડ્યા યુ ટુ? તમે પણ? પણ તમે ખોટું ના લગાડશો હોં ભ'ઈ.''



મેં હિંમત રાખીને કહ્યું, ''અરે હોય સાહેબ, હવે તો ખોટું લગાડવા જેવી બાબતોમાંથી પણ મેં વીઆરએસ લઈ લીધું છે !''

આ સાંભળીને પ્રિન્સિપાલ સાહેબે તેમની બાજુમાં બેઠેલા મેનેજિંગ ટ્રસ્ટી-કમ-વાઈફની સામે જોઈને કહ્યું, ''તો તો તમે સુખી થશો, કેમ ખરું ને?''

શાળાના વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પ્રિન્સિપાલ સહિત સૌને હું રાજીનામું પાછું નથી ખેંચવાનો એવું આશ્વાસન અને ખાસ તો અભયવચન આપી, એ સૌની પ્રભુ પરની શ્રધ્ધા અકબંધ રાખી ઘેર આવ્યો ત્યારે વાઈફે વધામણી આપી, ''તમે ખુશ થાવ એવા એક સમાચાર છે !'' મેં તરત જ હરખાઈને સહેજ શરમાતાં શરમાતાં કહ્યું, ''વાહ ! પ્રભુની લીલા ન્યારી છે ! બોલ, નામ શું રાખીશું?''

''શું તમેય તે?'' વાઈફે સહેજ છણકો કરીને કહ્યું, ''એના કરતાંય વધારે ખુશ થાવ એવા સમાચાર છે !!''

''બોલ, બોલ... જલદી બોલ !''

''આજથી મેં ઘરઘાટીને છૂટો કરી દીધો.'' બાથરૂમમાંથી ધોવાના કપડાંનો ઢગલો બહાર કાઢતાં એણે કહ્યું, ''દર મહિને આઠસો રૂપિયાનો રોકડો ફાયદો !''

''પણ...'' મેં વાઈફની દયા ખાતાં ભોળાભાવે કહ્યું, ''એક તો તારી તબિયત સારી નથી રહેતી અને આ બધા કામ તું કેવી રીતે કરી શકીશ?''

''મારે થોડું કરવાનું છે?'' વાઈફ તાડૂકી, ''વીઆરએસ લીધા પછી સામેવાળા પેલા બેન્કરભાઈ તો પાર્ટટાઈમ જોબ માટે બીજી સોસાયટીઓમાં પણ કપડાં વાસણનું કામ બાંધી આવ્યા છે. તમારે તો ફક્ત ઘરનું જ કરવાનું છે.''

મને અત્યારે મારા સ્ટાફ મિત્ર પેલા શાહ સાહેબનું શાણપણ ગમી ગયું. માણસ કેવો અગમચેતીવાળો કહેવાય !

મને સાવ ઊડી ગયેલા બલ્બ જેવો નિસ્તેજ બની ગયેલો જોઈને વાઈફે મારા ખભે હાથ મૂકી મને હિંમત આપતાં કહ્યું, ''એમાં આટલા ડિપ્રેશ નહીં થાવ. હું છું ને, થાય એટલી મદદ કરતી રહીશ. પેલા રામલાને પણ હું વાર-તહેવારે મદદ કરતી'તી જ ને... તમે તો ઘરના છો.''

સ્વૈચ્છિક નિવૃત્તિ લેનારાઓ માટે મારી એક જ પ્રાર્થના છે કે વીઆરએસ જેવું મને ફળ્યું, એવું મારા જેવા સૌને ફળે !

❊




WE OFFER A VAST RANGE OF SERVICES CUSTOMISED TO SUIT BOTH CORPORATES AND INDIVIDULAS

LIC

૧૯૯૯થી કાર્યરત
C.M. Club મેમ્બર
M.D.R.T. ક્વોલીફાઈડ
ઓર્થોરાઈઝડ L.I.C.પ્રિમિયમ કલેક્શન સેન્ટર

- LIFE INSURANCE PLANNING
- REITREMENT PLANNING
- INVESTMENT PLANNING
- TAXATION PLANNING
- MEDICLAIM
- VEHICLE INSURANCE
- PROPERTY, SHOP, WAREHOUSE, FACTORY ETC INSURANCE
- PERSONAL ACCIDENTPOLICY

**શૈલેશ શામજી જેવત મારૂ (બીદડા)**

**જીવન વીમા તથા રોકાણ યોજનાઓના સલાહકાર**

Shree Sankalp Flat No.1601,
G.B. Road, Near Vedant Hospital,
Kasar Vadvali Thane (W) 400615
મો.: 9869154666, 7021907705
Email : shaileshsmaru@yahoo.com

## જૈન અસ્મિતાના પ્રસારક અને ધર્મતત્ત્વદર્શન મીમાંસક

# વીરચંદ રાઘવજી ગાંધી

## જન્મ : ૨૫મી ઓગસ્ટ, ૧૮૬૪ - નિધન : ૭મી ઓગસ્ટ, ૧૯૦૧

■ ભરત'કુમાર' પ્રા.ઠાકર, વૃન્દાવન નગર, અંજાર (કચ્છ) ૯૪૨૭૨ ૨૩૧૫૦

ભગવાન મહાવીર સ્વામી (ઈ.પૂ.૫૯૮-૫૨૬)ની શ્રમણ સંસ્કૃતિના સંવાહક અને સંવર્ધક તરીકે ગુજરાતમાં પણ અનેક વંદનીય વિભૂતિઓ પાકી છે. તેમાં હેમચન્દ્રાચાર્ય (૧૦૮૮-૧૧૭૩) સમાન જ્ઞાની આત્માઓ, શ્રીમદ્‌ રાજચન્દ્ર (૧૮૬૭-૧૯૦૧) જેવા તત્ત્વચિંતક વિદ્વાનો અને વીરચંદભાઈ રાઘવજી ગાંધી (૧૮૬૪-૧૯૦૧) જેવા પ્રસારક પણ થયા, જેમણે સ્વામી વિવેકાનંદ (૧૮૬૩-૧૯૦૨) સાથે અમેરિકાની વિશ્વ ધર્મ પરિષદ (૧૮૯૩)માં આપણા દેશની સાંસ્કૃતિક અસ્મિતા ઉજાગર કરી હતી.



### ટૂંકું પણ ઉજ્જવળ જીવન

૧૯મી સદીમાં હિન્દીભાષીઓમાં જૈન ધર્મનો પ્રચાર કરીને નવી કેડીઓ પાડનાર આચાર્ય વિજયાનંદસૂરિજી ઉર્ફે આત્મારામજી મહારાજ (૧૮૩૭-૯૭)ના સાન્નિધ્યમાં વીરચંદભાઈએ જિનશાસનનું આંતરબાહ્ય જ્ઞાન સંપાદન કરેલું. બહુવિધભાષી વીરચંદજી બૌધ્ધશાસ્ત્રો, વેદાન્તો, ખ્રિસ્તીપંથ, પાશ્ચાત્ય દર્શનના અભ્યાસી, યોગવિદ્યા-ગૂઢજ્ઞાનના ઉપાસક અને ખાસ તો ધર્મતત્ત્વદર્શનના સારા જ્ઞાતા હતા.

મહાવીરના અહિંસામાર્ગની સાર્વત્રિક અસર છતાં બૌદ્ધ ધર્મની માફક એક ધર્મચક્ર પ્રવર્તન તરીકે તેનો પરપ્રદેશોમાં જૂજ પ્રચાર થયો હતો. ત્યારે માત્ર પોણા ચાર દાયકાના ટૂંકા પણ સમુજ્જવળ જીવનમાં ગાંધીએ ઘણાં સમાજપ્રેરક કાર્યો કર્યાં હતાં. આજથી ૧૩૦ વર્ષ પૂર્વે ગુરુજીના આશીર્વાદ સાથે દરિયાપાર જઈ જાગતિક મંચ પર આર્ય સંસ્કૃતિ અને જૈન ધર્મની ઉદ્‌ઘોષણા કરી !

વીરચંદ ગાંધીનો જન્મ સૌરાષ્ટ્રમાં મહુવા (જિ.ભાવનગર) ખાતે ૨૫મી ઓગસ્ટ, ૧૮૬૪ના થયો હતો. પ્રાથમિક ભણતર મહુવા, માધ્યમિક ભાવનગર અને ઉચ્ચ શિક્ષણ મુંબઈમાં મેળવેલું. (જૈન જ્ઞાતિમાં તેઓ પ્રથમ સ્નાતક હોવાનું મનાય છે.) પ્રારંભથી જ તેઓ જ્ઞાનપિપાસુ અને વિદ્યાવ્યસંગી હતા.

### ધાર્મિક-સામાજિક પ્રવૃત્તિઓમાં

પ્રારંભે સોલિસિટર બનવાનું શરૂ કરેલું છતાં વારસાગત સંસ્કારો થકી તેઓ ધાર્મિક-સામાજિક કાર્યો તરફ વળ્યા. ૧૮૮૫માં જૈન એસોસિએશન ઓફ ઈન્ડિયા (મુંબઈ)ના મંત્રી પદે વરણી થતાં એમના આત્માને પ્રિય એવી પ્રવૃત્તિઓ કરવાનો અવસર મળ્યો. આ સંસ્થામાં કાર્ય કરી કેટલીક સિધ્ધિઓ મેળવી અને કેટલાક કૂટ પ્રશ્નોનો નિવેડો લાવવામાં સફળ થયા.

ગુજરાતના જૈનતીર્થ શેત્રુંજય પર પાલીતાણાના ઠાકોરસાહેબે 'મુંડકાવેરો' નાખેલો, જે માટે એમણે લડત ચલાવી અને ૧૮૮૬થી યાત્રિકોને કરમુક્ત બનાવ્યા. એ પછી એમનું બીજું મહત્ત્વનું કાર્ય દેશના વિખ્યાત જૈનતીર્થ સમેતશિખરજી (બિહાર) ઉપરનું કતલખાનું બંધ કરાવ્યું તે હતું. અહીંની એક ટેકરી પર ડુક્કર જેવાં પ્રાણીઓનું વ્યાપારી કતલખાનું સ્થાપવાની અંગ્રેજોની મુરાદ હતી.

પરંતુ અહિંસાની પાવન ભૂમિ પર આવા હીન કૃત્ય સામે

જૈનોનો વિરોધ જાગી ઊઠ્યો અને વિવાદ છેક કલકતા હાઈકોર્ટ સુધી પહોંચ્યો. ત્યારે પણ વીરચંદભાઈના અથાગ પ્રયત્નોથી આ અદાલતી દાવો જિતાયો (૧૮૯૧) અને અંગ્રેજોને ત્યાંથી જવું પડ્યું. આ આખોય મુકદમો ત્યારે 'પિગરી કેસ' તરીકે જાણીતો બનેલો.

### વિશ્વ ધર્મ સંમેલનમાં હાજરી

પરંતુ તેઓ જે ખાસ પ્રસંગથી વિખ્યાત થયા તે વિશ્વ ધર્મ પરિષદમાં એમની હાજરીનો હતો. ૧૮૯૩માં અમેરિકાના શિકાગો શહેરમાં મળનારી આ ધર્મસંસદમાં ભાગ લેવા આત્મારામજી મહારાજને નિમંત્રણ મળેલું. પરંતુ સાધુ તરીકેની મર્યાદાને કારણે તેઓ જઈ શકે એમ ન હતા. તેથી એમણે આ વૈશ્વિક સંમેલનમાં જૈન ધર્મનું પ્રતિનિધિત્વ સાચવી લેવા પોતાના વતી વીરચંદભાઈને મોકલવા યોગ્ય તાલીમ આપી તૈયાર કર્યા.

આ પરિષદમાં હિન્દુ ધર્મના સમર્થક તરીકે સ્વામી વિવેકાનંદજી પણ ભાગ લઈ રહ્યા હતા. જગતના વિવિધ ધર્માચાર્યોને એક મંચ પર એકત્રિત કરતું આ અનોખું સંમેલન ૧૧મી થી ૨૭મી સપ્ટેમ્બર, ૧૮૯૩ દરમ્યાન યોજાયું હતું. આ પહેલો જ એવો પ્રસંગ હતો, જેમાં દેશના બે યુવાનોએ વિદેશની ભૂમિ પર આપણી સંસ્કૃતિનો ઝંડો એકસાથે ફરકાવ્યો હતો !

ધાર્મિક વડાઓની પરિષદમાં એક ગૃહસ્થ વ્યક્તિ તરીકે વીરચંદભાઈનાં વ્યાખ્યાનોએ પણ સહુને પ્રભાવિત કર્યાં હતાં અને એમને સુવર્ણચંદ્રકથી સત્કારવામાં આવેલા. જૈન ધર્મના પ્રચારાર્થે બે વર્ષ અમેરિકામનાં રહી શિકાગો, બોસ્ટન, ન્યૂયોર્ક, વોશિંગ્ટન વગેરે સ્થળોએ જૈન તત્ત્વજ્ઞાન વિષે ૫૩૫ જેટલાં દર્શનયુક્ત પ્રવચનો આપ્યા. જૈન ધર્મના ક્રિયાકલાપો સમજવા એમણે ત્યાં 'ગાંધી ફિલોસોફિકલ સોસાયટી' પણ સ્થાપી. ૧૮૯૫માં તેઓ હિન્દ પાછા ફર્યા.

### ઈંગ્લેન્ડ-યુરોપની યાત્રા

એ પછીનો એમનો અલ્પ આયુકાળ ધાર્મિક-સામાજિક કાર્યોમાં અને જૈન-જૈનેતર સાહિત્યના અભ્યાસમાં વીતે છે. આર્યસમાજ, બુધ્ધિવર્ધક સભા, થિયોસોફિકલ સોસાયટી જેવી અગ્રણી સંસ્થાઓમાં પણ એમણે મનનીય વક્તવ્યો આપ્યાં. એમણે જૈન-ભારતીય તત્ત્વજ્ઞાન, યોગ, કર્મસિધ્ધાંત પર અનેક દાર્શનિક પુસ્તકોનું લેખન કર્યું અને એક ફ્રેન્ચ પુસ્તકનો અનુવાદ (એન અનનોન લાઈફ ઓફ જિસસ ક્રાઈસ્ટ) પણ આપ્યો છે.

૧૮૯૬માં નિમંત્રણ પર તેઓ ફરી વિદેશપ્રવાસે ગયા. એમની કીર્તિ અન્યત્ર પણ પ્રસરી ચૂકી હોવાથી આ વખતે અમેરિકા ઉપરાંત ઈંગ્લેન્ડ, ફ્રાન્સ, જર્મની અને બીજા દેશોમાં પ્રવચન-યાત્રાઓ કરી. દરમ્યાન, શેત્રુંજય તીર્થના કોઈ દાવાની સુનાવણી અર્થે ૧૮૯૮માં સ્વદેશ આવ્યા. ત્યારે



એમની સેવાઓને બિરદાવવા ન્યાયમૂર્તિ મહાદેવ ગોવિંદ રાનડે (૧૮૪૨-૧૯૦૧)ના પ્રમુખસ્થાને ૧૮૯૯માં વીરચંદભાઈને મુંબઈમાં માનપત્ર અર્પણ થયું.

તે પછી ઉક્ત ખટલા માટે ફરી ઈંગ્લેન્ડ ગયા. ત્યાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય વાણિજ્ય પરિષદ (૧૮૯૯, લંડન)માં એમણે સમગ્ર એશિયાનું પ્રતિનિધિત્વ કરેલું. સુનાવણી પત્યા બાદ એમની તબિયત લથડતાં ભારત પાછા ફર્યા. ૭મી ઓગસ્ટ, ૧૯૦૧ના માત્ર ૩૭ વર્ષની વયે એમનું અવસાન થતાં જૈનજગતે પોતાનો યુવાન સાંસ્કૃતિક દૂત ખોયો.

### કાયમી યાદગીરીનાં પ્રતીકો

શ્રી ગાંધીના પ્રેરક લેખો-પ્રવચનોનું પ્રથમ પ્રકાશન દેવચંદ લાલચંદ જ્ઞાનભંડાર (સુરત) દ્વારા થયેલું. પૃથ્વીરાજ જૈન (અંબાલા)એ એમનું હિન્દીમાં ચરિત્ર લખ્યું છે. તો, વલ્લભસૂરિ સ્મારક નિધિ (મુંબઈ) તરફથી એમના ચૂંટેલા વ્યાખ્યાનો અંગ્રેજીમાં પ્રગટ થયેલ. જન્મ શતાબ્દી વર્ષ (૧૯૬૪)માં કાંતિલાલ ઉપાધ્યાય લિખિત ટૂંકું જીવનચરિત્ર દિવ્ય જ્ઞાન સંઘ (મુંબઈ) દ્વારા બહાર પડાયેલ. જ્યારે પુણ્ય શતાબ્દી વર્ષ (૨૦૦૧)માં પન્નાલાલ શાહ લિખિત 'જ્યોતિર્ધરની જીવનગાથા' પુસ્તક 'જૈના' સંસ્થા (અમેરિકા) દ્વારા પ્રસિધ્ધ થયું છે.

આ મહાન દાર્શનિકની સ્મૃતિમાં ૮મી નવેમ્બર, ૨૦૦૯ના પાંચ રૂપિયા મૂલ્યની અને આડા આકારની ખાસ બહુરંગી ટપાલટિકિટ પણ બહાર પડી છે, જેના પર વિશ્વ ધર્મસંસદના દશ્ય સાથે ડાબી બાજુ એમની લંબગોળાકાર તસવીર મુકાઈ છે. આજે પણ એમની સ્મૃતિમાં અમેરિકામાં એમના નામથી સ્કોલરશિપ ફંડ ચલાવવામાં આવે છે. ❃

# પ.પૂ.આચાર્ય ભગવંત કલાપ્રભસાગર-સૂરીશ્વરજીનો શાનદાર ચાતુર્માસ પ્રવેશ

(અમારા પ્રતિનિધિ દ્વારા)







પ.પૂ.આચાર્ય ભગવંત ગુણસાગરસૂરીશ્વરજી મ.સાહેબ અચલગચ્છાધિપતિ બન્યાં તે પહેલાં પર-૪ર જૈન ગામોમાં યતિ સંસ્થાનું વર્ચસ્વ હતું. દેરાસરની પ્રતિષ્ઠા મહોત્સવમાં ક્ષમાનંદજી મહારાજ અને મોતીલાલ મહારાજ વિધિકાર તરીકે ધાર્મિક ક્રિયાઓ કરાવતાં અને મહોત્સવોની ઉજવણી ઉમંગથી થતી.

પૂ.આચાર્ય ભગવંત ગુણસાગરસૂરીશ્વરજી મ.સાહેબના આગમન પછી કચ્છ અને હાલારના સૌથી મોટા ગચ્છનું વાતાવરણ બદલાઈ ગયું અને સાધુ-સાધ્વીઓની સંખ્યા વધતી ગઈ. આજે કચ્છ જેવા પ્રદેશમાં અચલગચ્છ સૌથી મોટા ગચ્છ તરીકે નિર્માણ થતાં જૈન સમાજમાં ધાર્મિકતા છલકાઈ ગઈ અને સામાન્ય જૈનોમાં અચલગચ્છ સંઘ પ્રત્યે આકર્ષણ વધતું ગયું.

પૂ.આચાર્ય ભગવંત ગુણસાગરસૂરીશ્વરજી મ.સા. પછી અચલગચ્છાધિપતિ બનેલ પ.પૂ.ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સાહેબની તપસ્યાની મનોવૃત્તિના કારણે આખા જૈન સમાજમાં તપસ્વીઓની સંખ્યા વધી ગઈ અને આખા સમાજમાં તપસ્વીઓની અનુમોદના થવા લાગી. પરિણામે તપસ્વી જીવોને ભારે પ્રોત્સાહન મળતાં સામાન્ય લોકોના હૃદય લાગણીથી છલકાવવા લાગ્યાં. પરિણામે જીવદયાની પ્રવૃત્તિઓને ભારે વેગ મળવા લાગ્યો. આ પછી પ.પૂ.યુવા આચાર્ય ભગવંત કલાપ્રભસાગર સૂરીશ્વરજી જયારે અચલગચ્છાધિપતિ બન્યાં, ત્યારે સમગ્ર સમાજની અપેક્ષાઓ વધી ગઈ. કારણ એમનો વ્યાપક લોકસંપર્ક અને જ્ઞાન પ્રત્યેની જિજ્ઞાસાના કારણે સામાન્ય જ્ઞાતિજનોના જીવનમાં અંધકાર દૂર થઈ પ્રકાશમય બની જશે, એવી એક આશભરી પરિસ્થિતિ ઉભી થશે એવો માહોલ તૈયાર થતા અનેક યુવાનોના જીવનમાં ધાર્મિકતા છવાઈ ગઈ.

પરિણામે રાજેશ નાગડા જેવા યુવાનો યુવા આચાર્ય કલાપ્રભસાગરસૂરીશ્વરજીને સત્કારવા થનગની રહ્યાં હતાં આમે નાનપણમાં માતપિતાના સંસ્કારો અને યુવા આચાર્ય ભગવંતની ધાર્મિક શિબિર દ્વારા તેમના નીકટના સંપર્કમાં આવેલ રાજેશભાઈએ મોકો મળતાં પોતાના આંગણે સંસ્કાર નગરી વડોદરા ખાતે યુવા આચાર્યને ચાતુર્માસની શાનદાર ઉજવણી કરવાની તક આપવા નમ્ર વિનંતી કરી, ત્યારે અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સાહેબે તર્જનીને કપાળ ઉપર મૂકીને થોડોક વિચાર કર્યો. (આમે ચિત્તમાં સ્ફુરતી ભાષા એજ વિચારવાનું ખોળિયું છે. મનુષ્યના ચિત્તમાં ઉદ્ભવેલી ભાષાના અર્થ, સંકેતો અને મુદ્દાઓની ગોઠવણીને બહુધા વિચાર કહેવામાં આવે છે) અને સહજતાથી શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘ-વડોદરાની ચાતુર્માસની માંગણી






સ્વીકારાઈ, ત્યારે વડોદરાવાસીઓ મન મૂકીને નાચ્યાં. પરિણામે શ્રુતોપાસના ચાતુર્માસોત્સવ - ૨૦૭૯ના સંપૂર્ણ લાભાર્થી માતૃશ્રી મણિબેન વલ્લભજી નરશી નાગડા પરિવાર (વીંઢ-વડોદરા) બન્યાં. ખરેખર ! જીવનમાં ધાર્મિક લાગણી પ્રગટે છે, ત્યારે મનની ઋતુ બદલાઈ જાય છે.

વડોદરાના આંગણે વટપદ્ર નગર જેવા વિસ્તારમાં યુવા આચાર્ય પ.પૂ.કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.નો ચાતુર્માસ પ્રવેશ થતાં કોયલની કૂક, મોરનો કેકારવ અને વર્ષારાણીની છડી પોકારતાં ઉમટી આવતાં ઘનઘોર વાદળોથી કુદરતી વાતાવરણ પણ કાવ્યાત્મક બની ગયું અને તેમનું ભાવભર્યું સામૈયું કરવા એકત્ર થયેલ શ્રાવક-શ્રાવિકાઓ હાથી, ઘોડા અને બગીની સંગાથે વાજતે-ગાજતે સમારોહ સ્થળ પર પહોંચ્યાં હતાં.

આ પ્રસંગે યોજાયેલ સમારંભમાં યુવા આચાર્યે પોતાના માટે મૂકાયેલ સિંહાસનનું વિધિપૂર્વક ક્રિયા (ઉદ્‌ઘાટન) કરીને વાક્ષેપનો છંટકાર કરીને જ્યારે બિરાજમાન થયા, ત્યારે સામુદાયીક ગુરુ વંદનાની ક્રિયાથી વાતાવરણ ગાજી ઉઠ્યું અને એવા પવિત્ર વાતાવરણમાં યુવા આચાર્યે માંગલિક સંભળાવતાં આખા સમારંભમાં શાંતિ પ્રસરી ગઈ. શરૂઆતમાં ધીરજ માવજી છેડા (એકલવીર)એ પધારેલ મહેમાનો અને વડોદરા નિવાસી શ્રાવક-શ્રાવિકાઓનું પ્રેમભર્યું સ્વાગત કરીને મધુર આવકાર આપ્યો હતો. આ પછી શ્રી કચ્છી અચલગચ્છ જૈન સંઘના ટ્રસ્ટીઓએ દીપ પ્રગટાવીને ચાતુર્માસોત્સવ કાર્યક્રમનો માર્ગ ખુલ્લો મૂકતાં વડોદરાના યુવાનો નૃત્ય દ્વારા સ્વાગત ગીત ગાઈને સૌના દિલ હરી લીધાં હતાં.

આ ચાતુર્માસોત્સવના લાભાર્થી પરિવારના અગ્રણી રાજેશ વલ્લભજી નાગડાએ ધર્મગુરુઓનું મહત્ત્વ સમજાવતા જણાવ્યું હતું કે “ભારતમાં સદીઓથી ગુરુઓનું મહત્ત્વ છે. ભારતીય સંસ્કૃતિમાં માનવ જીવનના વિકાસ માટે મહત્ત્વની ભૂમિકા નિભાવે છે. માનવ જીવન રૂપી સમુદ્ર પાર કરવામાં





હોડીવાળાની જવાબદારી નિભાવે છે, એટલું જ નહીં, પણ સચોટ અને પ્રેરક માર્ગદર્શન આપીને પ્રભુની નીકટતાનો અનુભવ કરાવે છે.'' રાજેશભાઈનું વક્તવ્ય ગુરુમય બની ગયું હતું, એટલે વધુમાં તેમણે નમ્રભાવે જણાવ્યું હતું કે નાનપણમાં પોતે યુવા આચાર્યની જ્ઞાનસત્ર શિબિરમાં જોડાયેલાં હોવાનો ઉલ્લેખ કરીને ગુરુઓને જ્ઞાનદર્શક અને જૈન પરંપરાના રખેવાળ તરીકે ઓળખાવી ગુરુવંદના કરી હતી.



શનિવાર તા.૧લી જુલાઈ ૨૦૨૩ના રોજે યોજેલ આ સમારંભમાં ધર્મપુરી આચાર્ય ભગવંત રાજસૂરેશ્વર મ.સા. સંઘની વિનંતીને માન આપીને ખાસ પધાર્યા હતા. આ પછી પ.પૂ.આચાર્ય ભગવંત કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સાહેબે જણાવ્યું હતું કે સમેતશીખર મહાતીર્થની પવિત્ર ભૂમિમાં આવેલ કચ્છી ભવન ધર્મશાળાનું નવનિર્માણ અને તે ધર્મશાળામાં આવેલ ૨૦ જિનાલયના જીર્ણોદ્ધારનો મુખ્ય લાભ ગીતા સ્મૃતિ પરિવારે લીધેલ છે. આ અંગે વધુમાં આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે આ ધર્મશાળામાં આવેલ ઉપાશ્રયનો લાભ નવનીત પરિવારે લીધો હતો.





આ ચાતુર્માસોત્સવ સમારંભમાં રાજેશભાઈએ ઉદાર વલણ દાખવી પોતે ચાતુર્માસનો સંપૂર્ણ ખર્ચ ભોગવી પહેલા





પાંચ દિવસ બાદ કરી પર્યુષણ સુધીના ૪૫ દિવસના સંઘપતિ કે સંઘમાતાનો એક દિવસીય લાભ સામાન્ય જૈન જ્ઞાતિજનોને આપવાની જાહેરાત કરી હતી. વડોદરામાં વસતા દશા, વિશા, ગુર્જર અને રાજસ્થાની જૈનોના પરિવારોમાંથી જેમની લકી ચીઠ્ઠી નીકળે, તે વ્યક્તિ એક દિવસીય સંઘપતિ કે સંઘમાતા વિના ખર્ચે બની શકશે. આ ઉપરાંત વડોદરાની કર્મભૂમિનું ઋણ ચુકવવાની સાથે પોતાની જન્મભૂમિને યાદ કરીને ઉદાર દીલના રાજેશભાઈએ પોતાના ગામમાં વીંઢમાં માતૃશ્રી મણિબેન વલ્લભજી નાગડા ભોજનાલય બનાવવાની જાહેરાત કરી હતી, જેને શ્રોતાજનોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધી હતી.

આ આખાય કાર્યક્રમનું સંચાલન ધીરજ છેડા - એકલવીર અત્યંત સુંદર રીતે કરીને સૌના દીલ જીતી લીધાં હતાં. અંતે મિષ્ટ ભોજન આરોગીને સૌ વિખુટા પડ્યાં, ત્યારે સંતોષની લાગણી સાથે સૌના ચહેરા ચમકતા હતાં.

★ ફોટોગ્રાફી : હેતલ ફોટો આર્ટ



# નિષ્ફળતાનાં કારણો શોધીને તદ્દન નવી ટેકનોલોજીથી સજ્જ ચંદ્રયાન-૩

ભારતના સ્પેસ સાયન્સના ઈતિહાસમાં ખૂબ જ મોટી ઘટનાઓની વણજાર નજીકના ભવિષ્યમાં શરૂ થશે. તેમાં ટોપ થ્રી છે. આદિત્ય એલ-૧ મિશન, ગગનયાન અને ચંદ્રયાન-૩. તેમાં સૌથી પહેલો નંબર છે ચંદ્રયાન-૩નો. થોડા દિવસોમાં જ તેનું લોન્ચિંગ કરવામાં આવશે. આ ઘટના ઉપર અમેરિકા, રશિયા અને ચીનની પણ બાજ નજર રહેવાની છે. તેનું સૌથી મોટું કારણ છે, ચંદ્રયાન-૩ની ચંદ્ર પર ઊતરવાની ઘટના. આ ઘટનાને ટેકનિકલ લેન્ગ્વેજમાં ‘સોફ્ટ લેન્ડિંગ’ તરીકે ઓળખવામાં આવે છે.



ચંદ્રયાન-૨ વખતે સોફ્ટ લેન્ડિંગની ઘટનાએ એટલી ઉત્સુકતા જગાવી હતી કે એ વખતે ભારત અને પાકિસ્તાનની વર્લ્ડ કપની મેચ કરતાં પણ વધારે આ ઘટના જોવાયેલી હતી. અમેરિકા, રશિયા અને ચીને આટલા બધા પ્રયત્નો કર્યા છતાં સોફ્ટવેરમાં સફળતા મળી નથી. તેવી જ રીતે જેનો સક્સેસ રેશિયો સૌથી વધુ છે તે દેશ ભારતને પણ અત્યંત ચીવટ રાખી હોવા છતાં ભલે ધારી સફળતા ન મળી, પણ આવા હાર્ડ લેન્ડિંગને પાર કરીને ચંદ્રયાન-૨ ચંદ્રની ધરતી પર પહોંચી ચૂક્યું છે અને સહેજ વાંકી અવસ્થામાં પડ્યું છે. સોફ્ટ લેન્ડિંગ માટે જરૂરી ઉપયોગી માહિતી પણ આપણને પહોંચાડી દીધી છે. તેથી ચંદ્રયાન-૨ની નિષ્ફળતા છતાં અમેરિકા અને જાપાને હવે પછીના સ્પેસ પ્રોગ્રામ ભારત સાથે કરવાની ઈચ્છા જાહેર કરી હતી. આમ દુનિયાની મહાસત્તા આપણા માટે આટલી બધી સોફ્ટ બને એ ખૂબ જ મોટી સફળતા છે.



સોફ્ટ લેન્ડિંગ ધારીએ તેટલું સોફ્ટ નથી. ચંદ્રયાન-૨નું લેન્ડર ચંદ્ર ફરતે ગોળ ગોળ ફરતું હોય ત્યારે તેને ચંદ્રની સપાટી તરફ ઉતરાણ માટે વળાંક આપવો તે ખૂબ જ અઘરો તબક્કો હતો. પુરવાટ વ્યક્તિ, દોડતી કારે અચાનક વળાંક લે તો તે કેવી ફંગોળાઈ જાય છે! બસ, આવી જ રીતે ચંદ્રયાન-૨ને વાતાવરણ કે કોઈ પણ જાતના ઘર્ષણ વગર ચંદ્ર તરફ વળાંક આપવામાં આવે ત્યારે તેની એસ્કેપ વેલોસિટીને કારણે ફંગોળાઈ જવાની શક્યતા નથી. આ તબક્કાને ‘રફ બ્રેકિંગ’ કહેવાય છે. આ તબક્કો સફળતાપૂર્વક પાર પાડ્યો હતો. ગરબડ થઈ ફાઈન બ્રેકિંગના તબક્કામાં. માત્ર બે કિલોમીટર ઉપર ચંદ્રની સપાટી પર હોવર કરતું ચંદ્રયાન-૨ને ત્યાં ઊંડા વંટોળને કારણે અંતર માપવામાં થાપ થઈ ગયું? ભૂલભુલૈયાવાળા ગુરુત્વાકર્ષણ બળે તેને જમીન તરફ ખેંચી લીધું કે રફ બ્રેકિંગ અને ફાઈન બ્રેકિંગના તબક્કા વચ્ચે લડખડાયું-ચંદ્રયાન-૨ના બૂસ્ટર રોકેટ તેને સ્થિર રાખવામાં નિષ્ફળ ગયાં?





ચંદ્રયાન-૨ની નિષ્ફળતામાંથી જે બોધપાઠ મળ્યો તેમાંથી નવું શીખીને હવે ચંદ્રયાન-૩ લોન્ચિંગ માટે તૈયાર છે. ભારતના વૈજ્ઞાનિકો દ્વારા આ ઘટનાનું બારીકાઈથી વિશ્લેષણ કરવામાં આવ્યું. નિષ્ફળતાનાં કારણો શોધવામાં આવ્યાં. નબળા પાસાંઓને સબળ બનાવવામાં આવ્યાં. ટેકનોલોજીને અપગ્રેડ કરવામાં આવી. આ લેખમાં આપણે ચંદ્રયાન-૩માં ક્યા ક્યા ફેરફાર કરવામાં આવ્યા તેની ચર્ચા કરીશું.

ચંદ્રયાન-૩એ ચંદ્રયાન-૨ની કાર્બન કોપી નથી. ચંદ્રયાન-૩નું એન્જિનિયરિંગ એકદમ અલગ પ્રકારનું છે. તેને ખૂબ જ મજબૂત બનાવવામાં આવ્યું છે. જેના કારણે અગાઉ પડેલી તકલીફનો સામનો નહીં કરવો પડે. ચંદ્રયાન-૩ના હાર્ડવેર, સ્ટ્રક્ચર, કમ્પ્યુટર, સોફ્ટવેર અને સેન્સરમાં સુધારો કરવામાં આવ્યો છે. ચંદ્રયાન-૨માં વિક્રમ લેન્ડર, પ્રજ્ઞાન રોવર અને એક ઓર્બિટર હતું. જ્યારે ચંદ્રયાન-૩માં માત્ર લેન્ડર અને રોવર જ છે. ઓર્બિટરનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

સોફ્ટ લેન્ડિંગનું પરાક્રમ પૃથ્વી પર કરવું ખૂબ સહેલું છે. પૃથ્વી પર પોતાનું વાતાવરણ છે, જેને કારણે હેલિકોપ્ટર અને ડ્રોનની જેમ સોફ્ટ લેન્ડિંગ સાવ સહેલું બને છે. ચંદ્ર પર વાતાવરણ નહિવત્ છે. વાતાવરણને કારણે જેમ આપણે પતંગ ચગાવી શકીએ છીએ, ડ્રોન ઉડાડી શકીએ છીએ તેમ આવી ઘટના ચંદ્ર ઉપર કરવી ખૂબ જ અઘરી છે. ખૂબ જ પાતળા વાતાવરણને કારણે તેના પંખાઓને ખૂબ જ ઝડપથી ફેરવવા પડે છે, પાતળા વાતાવરણને કારણે મંગળની જેમ પેરાશૂટ લેન્ડિંગ પણ શક્ય નથી. પૃથ્વીના વાતાવરણને કારણે સૂર્યમાંથી આવતાં અલ્ટ્રા વાયોલેટ કિરણો ધરતી સુધી પહોંચી શકતા નથી. તેના કારણે માનવ જીવન ઉપર અને પૃથ્વી ઉપર રહેલા જુદાં-જુદાં ઈન્સ્ટ્રુમેન્ટને કોઈ નુકસાન પહોંચતું નથી, પણ જો ચંદ્રની વાત હોય તો ચંદ્રયાનના સેન્સર, ટ્રાન્સમીટર અને રિસીવર જેવા પાર્ટને સૂર્યના પારજાંબલી કિરણો નુકસાન પહોંચાડે છે. આવા કિરણોને રોકવાની વ્યવસ્થા કરવી પડે છે. લૅન્ડર જયારે ચંદ્રની ધરતીની નજીક આવે સોફ્ટ લૅન્ડિંગ માટે ઝડપ ઘટાડવી પડે છે. ઝડપ ઘટાડવા માટે બૂસ્ટર રૉકેટ ચાલુ કરવા પડે છે. જેના પ્રત્યાઘાતને કારણે ચંદ્રયાનની ઝડપમાં ઘટાડો થાય છે. તેના બૂસ્ટર રૉકેટમાંથી ફાયર થતા ફ્યુઅલના ધુમાડાને કારણે ધૂળની ડમરી ઊડી શકે છે. આ ડમરીને કારણે લૅન્ડરના સેન્સર તેનું જમીનની અંતર માપવામાં થાપ ખાઈ શકે છે. આવી ભૂલ ફરી ન થાય તેના માટે ચંદ્રયાન-૩માં કેમેરાની સંખ્યા વધારવામાં આવી છે.



જેમ છાશ વલોવીએ ત્યારે પ્રમાણમાં હલકું માખણ ઉપર તરી આવે છે તેમ કોઈ ગોળ વસ્તુ પોતાની ધરી પર ગોળ ગોળ ફરે એટલે તેમાં રહેલા



વાતાવરણ હોય તેનું નાનું અમથું ઘર્ષણ અને ચંદ્રયાનના એન્જિનના જબરજસ્ત ઘોંઘાટને કારણે કોમ્યુનિકેશન માટે ખૂબ જ મોટા એન્ટેનાનો ઉપયોગ કરવો પડે છે. ચંદ્રના પેટાળમાં માસ (દળ)નું વિભાજન એકસરખું ના હોવાથી તેનું ગુરુત્વ પણ ભુલૈયા જેવું છે. અચાનક ગુરુત્વાકર્ષણ વધી કે ઘટી શકે છે. તે ઉપરાંત દક્ષિણ ધ્રુવ પ્રદેશની જમીનના ઉષ્ણતામાનની ચોક્કસ ખબર ન હોવાથી તે ગરમીની અસર ચંદ્રયાન-૩નાં યંત્રો પર પડી શકે

હલકા પદાર્થ જેમ કે રેતી, રજકણ તેમજ બરફના કણો પણ ચંદ્રના ઉત્તર અને દક્ષિણ ધ્રુવના ભાગમાં વધારે હોવાની શક્યતા છે. આપણા લૅન્ડરને તેના કારણે જમીનનું અંતર માપવામાં ભૂલ થઈ હોય અને તેના એન્જિન વહેલાં બંધ થવાને કારણે પછડાયું હોય તેવું બની શકે, કારણ કે તે ચંદ્રની ધરતી ઉપર ડ્રોનની જેમ સ્થિર તો થઈ જ ગયું હતું, પરંતુ અંતિમ પળોમાં ઉતરાણ જ બાકી હતું.

જો ધ્રુવ પ્રદેશમાં ધૂળનું પ્રમાણ વધુ હોય તો ફાયદો એ થવાનો કે લૅન્ડરે ભલે પછડાટ ખાધી તો હોય, પણ ધૂળને કારણે અંદરનાં બધાં જ યંત્રોને ખૂબ જ ઓછું નુકસાન થાય એવી શક્યતા છે. ધૂળ વધારે હોય તો રોવર ચાલે ત્યારે તેનાં પૈડાં સ્લીપ પણ થઈ શકે છે. ચંદ્રયાન-૩ને જ્યારે ઉતરાણ કરવાનું હોય ત્યારે પૃથ્વી અને ચંદ્રનું અસંતુલિત ગુરુત્વાકર્ષણ બળ સોલાર રેડિયેશન પ્રેશર અને ચંદ્રની પોતાની કક્ષીય ગતિ પણ નડે છે. આવાં પરિબળો સામે રક્ષણ મેળવવા માટે ચંદ્રયાન-૩ના લૅન્ડિંગ લેગ્સને મજબૂત બનાવવામાં આવ્યા છે.

પૃથ્વી અને ચંદ્ર વચ્ચે ૩,૮૪,૫૦૦ કિલોમીટરનું અંતર છે. વળી, ચંદ્રયાન-૨માં સીમિત માત્રામાં ઈલેક્ટ્રિક પાવર હતો. તેમાંથી જ સિગ્નલોની આપ-લે કરવા માટે જરૂરી પાવર વાપરવાનો હતો. ચંદ્રયાન-૩માં ઈલેક્ટ્રિક પાવરની અછત દૂર કરવા માટે તેમાં મોટી-મોટી સોલર પેનલો લગાવવામાં આવી છે. તે ઉપરાંત તેમાં ફ્યુઅલનું પ્રમાણ પણ વધારવામાં આવ્યું છે. ચંદ્રયાન ગતિ કરતું હોય ત્યારે ચંદ્રનું જે કોઈ છે. આવું ન થાય તેના માટે તેનું સ્ટ્રક્ચર ખૂબ જ મજબૂત બનાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત ચંદ્રયાન-૩માં ઝડપને માપવા માટે લેસર ડોપલર વેલોસિટી મીટરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચંદ્રયાન-૩ના અલ્ગોરિધમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. તેનાથી ફાયદો એ થશે કે જો ચંદ્રયાન-૩ નક્કી કરેલી જગ્યા પર લૅન્ડિંગ ન કરી શકે તો તેને બીજી જગ્યાએ લૅન્ડિંગ કરાવી શકાશે. તેના માટે પણ જુદા સોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

આમ ચંદ્રયાન-૩ને સફળ બનાવવા માટે હવામાનશાસ્ત્રીઓ, ખગોળશાસ્ત્રીઓ, ગણિતશાસ્ત્રીઓ ટેકનોલોજીસ્ટ, સોફ્ટવેર એન્જિનિયર, મિકેનિકલ એન્જિનિયર, ઈલેક્ટ્રોનિક એન્જિનિયર, કેમિકલ એન્જિનિયર જેવા જુદાં જુદાં ક્ષેત્રના એક્સપર્ટનો સહિયારો પ્રયાસ છે. આ બધા લોકોને પોતાના વિષય સિવાય અન્ય વિષયનું જ્ઞાન પણ એટલું જ જરૂરી છે. આ જ્ઞાન હોય તો જ તેઓ આ પ્રોજેક્ટમાં જોડાઈ શકે છે. આ વાત અત્યારે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પણ શીખવા જેવી છે. નિષ્ફળતામાંથી સફળતાના પ્રયત્નો કેવી રીતે થાય તે પણ શીખવું જોઈએ. આપણે સૌ પ્રાર્થના કરીએ કે ચંદ્રયાન-૩નો પ્રોજેક્ટ સફળ થાય. તેના ઉપર પણ કોઈ ફિલ્મ બને.


■ **ધનંજય રાવલ**

**અંકુર હોબી સેન્ટર, નારણપુરા, અમદાવાદ-૧૪**

**લેખક : ઈસરોના ઓથોરાઈઝડ સ્પેસ એડ્યુકેટર છે**

# કચ્છની મહિલાઓનું વિવિધ ક્ષેત્રોમાં સાફલ્ય

■ પ્રા.સૂર્યકાન્ત ભટ્ટ - ભુજ

કચ્છની મહિલાઓએ સાહિત્ય ક્ષેત્રે, રાજકીય ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે આમ અનેકવિધ ક્ષેત્રે પ્રગતિ આદરીને સ્ત્રી સશક્તિકરણના દર્શન કરાવેલા છે. તેંત્રીસ ટકામાંથી હવે પચાસ ટકા સુધીનું સ્થાન મહિલાઓએ હાંસલ કરેલું છે. વિશ્વમાં પ્રતિવર્ષ આઠમી માર્ચ મહિલા દિન તરીકે ઉજવાઈ રહ્યો છે. જે ''આંતરરાષ્ટ્રીય મહિલા દિન'' છે.

ભક્તિ અને જ્ઞાન માર્ગનું સાહિત્ય પીરસનારાઓમાં કચ્છના પ્રેમાબાઈ, જેઠીબાઈ, ગોમતીબાઈ, અજાનબીબી, યોગિની આનંદ લહેરી, સકીના બીબી, યોગિની રત્નાગીરી આદિ સમાવિષ્ટ છે. કચ્છ પ્રદેશના સંશોધક, વિવેચક, સર્જક શ્રી ધુલેરાય કારાણીના પુસ્તકમાં નારી કવિઓની કહો કે કચ્છની કવયત્રીઓ વિશે માહિતી પ્રાપ્ત થાય છે. કચ્છના રાજવીઓ સાથે ઘરેલુ સંપર્ક ધરાવતા શ્રી જાદવજીભાઈ બુધ્ધ ભટ્ટીના પુત્રી ચંદાબેન બુધ્ધભટ્ટી પાઈલટ પદેથી નિવૃત્ત થયેલા. કચ્છના માજી કલેક્ટર સ્વ.શ્રી તુલસીદાસભાઈ શેઠના પુત્રી શ્રીમતી વિજયાબેન શેઠ ''ઈન્ડિયા પોસ્ટલ સર્વિસ''માં ઉત્તીર્ણ થઈ, ઈન્ડીયન પોસ્ટ સર્વિસમાં ઉચ્ચ અધિકારી તરીકે એ પદ અજવાળશું.

ભુજના નામાંકિત મહિલા શ્રીમતી અનસુયા બહેન છેલશંકર દેસાઈએ, ભુજની છઠ્ઠીબારી વિસ્તારમાં મહિલામંડળ પ્રસ્થાપિત કરેલું. તેમના પુત્રી ડૉ.તિલોત્તમાબેન દેસાઈ (જાની) પણ કાર્યરત હતા. ઈ.સ.૧૯૭૧માં પાકિસ્તાને આક્રમણ કર્યું. પાકિસ્તાનના યુધ્ધ વિમાનોએ ભુજની હવાઈ પટ્ટી પર બોમ્બ ઝીંકી રનવેને તહસનહસ કરી નાંખ્યો. તે સમયે માધાપરની વિરાંગનાઓએ જીવની પરવા કર્યા વિના, રાત દિવસ ઝઝૂમી હવાઈ પટ્ટી દુરસ્ત કરી. આજે પણ આ વૃધ્ધ વિરાંગનાઓના સન્માન થઈ રહ્યા છે. જેમાંની કેટલીક ભગવાનના ગૃહે પહોંચી જવા પામી છે. કચ્છના ટેરવાના કસબીઓ, વણકર સમાજને ઉન્નત કરવા, આર્થિક રીતે પગભર કરવા, વિવિધ વણાટો માટે, ડીઝાઈનો માટે સજ્જ કરવા તેમની પ્રતિષ્ઠા વધારવા, શ્રીમતી ચંદાબહેન કોતિસેનભાઈ શ્રોફે અતિ ઉચ્ચ ભૂમિકા ભજવી છે.

કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્રના પ્રણેતા, ચંદ્રજ્યોતિ બહેન દ્વારા સંસ્થાના શ્રી ગણેશ થયેલા. આજે અત્યંત નવીન



સુવિધાઓ સાથે કેન્દ્રે સમાજમાં અદ્યતન પ્રસિધ્ધી ઊભી કરી છે. દાદી નિર્મલાબેન ગજવાણીનું કચ્છના રીસેટલમેન્ટ માટે નામ ગૂંજતું રહ્યું છે. જો રાજકારણમાં ડોકિયું કરીએ તો કચ્છના પ્રથમ સાંસદ ઉષાબેન ઠક્કર પ્રથમ ધારાસભ્ય ત્રિલોચનાબેન ધોળકિયાનું સારું એવું યોગદાન રહેવા પામ્યું.

શૈક્ષણિક સ્તરે માંડવીના પ્રભાબેન વસા, ભુજના નલીનીબેન પી. શાહ, ડૉ.દર્શના બહેન ધોળકિયા, રાજ્યકક્ષાએ સ્થાન ધરાવે છે. આકાશવાણીના સુગમ સંગીતના કાર્યક્રમોમાં એડવોકેટ શ્રીમતી મૃદુલાબેન બુચ, નીશાબહેન અંતાણી નામો મોખરે રહ્યા છે. આજે તો રોટરી કલબ, લાયન્સ કલબ, જાયન્ટસ આદિ સામાજિક સેવા સંસ્થાઓનું સુકાનીપદ ઘણી મહિલાઓએ જાળવ્યું છે.

કોરોનાકાળમાં અનેક બહેનો ટીફીન સર્વિસ સાથે કાર્યરત છે. કેટલીક મહિલા તબીબો, નર્સો, મહિલા સફાઈ કામદારોની સેવાઓ બીરદાવવામાં આવી રહી છે.

સાહિત્યક્ષેત્રેને અજવાળતી બહેનોની નામાવલિ લાંબી છે. પુષ્પા વૈદ્ય અમી, જોગેશ્વરી છાયા, અરૂણા ઠક્કર 'માધવી', કમલા ઠક્કર, નૂતન મહેતા, રમીલા મહેતા, પુષ્પા અંતાણી, લતા સોલંકી, કૃષ્ણા મિસ્ત્રી, હસમુખ મહેતા, ડૉ.ભાવના મહેતા, ભાવના ભટ્ટ (રાવલ), ઝોહરા ઢોલિયા, નિર્મળા ત્રિપાઠી, ડૉ.દર્શના ધોળકિયા આદિ.

હાલે ભુજમાં વાર્તાવિહાર, સાંધ્યદીપ, ગઝલ ગરીમા, કાવ્યનિર્ઝરી આદિ સાહિત્યને, કવિ-કવયત્રીઓની કૃતિઓને પ્રોત્સાહન આપતા મંડળો, વિવિધ સ્થળે બેઠકો યોજી, સ્પર્ધાઓના આયોજન હાથ ધરી મહિલાઓને પ્રોત્સાહન પૂરું પાડી રહ્યા છે.




# સોની કાનજી આણંદજી જ્વેલર્સ પ્રા.લી.

**IN MUMBAI**

**Since 1968**

**બી/૧૮, રોયલ ઈન્ડ. એસ્ટેટ, ૨જે માળે, સહકાર નગરની સામે,**

**નાયગાંવ ક્રોસ રોડ, વડાલા, મુંબઈ-૪૦૦૦૩૧. ફોન : ૨૪૧૫૦૫૭૨, ૪૧૭૫૫૫૦૦**

**E-mail : admin@sonikanji.com - Website : www.sonikanji.com**

**કચ્છ : ફરાદીવાલા**

લે. વૈદ્ય રામ ભારતેન્દુ શુક્લ

# ત્વચા વિકાર - કારણ - નિવારણ



'ત્વચા' (ચામડી) શબ્દની ઉત્પત્તિ 'ત્વચ સંવરણે ધાતુથી થઈ છે.' જેનો અર્થ થાય છે શરીરને ચારે તરફથી આચ્છાદિત કરવું. એટલે શરીરને ચારે તરફથી આચ્છાદિ કરનાર ઘટકને ત્વચા કહે છે. સ્પર્શનેન્દ્રિય ત્વચાને આશ્રિત છે, જે ગરમી તથા ઠંડીથી શરીરનાં અભ્યંતર અવયવોનું નિરંતર સંરક્ષણ કરે છે તથા વર્ણ અને કાંતિ દ્વારા શરીરને ઉત્તમ સ્વરૂપ પ્રદાન કરે છે તેથી ત્વચાને શરીરનું અત્યંત મહત્ત્વપૂર્ણ ઘટકદ્રવ્ય માનેલ છે. આપણી ત્વચા સાત સ્તરો (પડ) થી બનેલી છે. આધુનિક શાસ્ત્ર ત્વચાને મુખ્યરૂપે બે સ્તરોથી બનેલી જણાવેલી છે. (૧) બાહ્ય ત્વચા અને (૨) અંતઃ ત્વચા. બાહ્ય ત્વચાનું બહારનું સ્તર આઘાત, જીવાણુ તથા પાણી તેમજ રાસાયણિક દ્રવ્યોથી શરીરનું રક્ષણ કરે છે. આ સ્તર પર વ્રણ થવા પર તરત જ તેની પુનઃ ઉત્પત્તિ થાય છે. ત્વચાનું આ સ્તર મૃત થયેલી ત્વચાને ફરીથી તૈયાર કરે છે. આનાં દ્વારા વાળ, નખ અને સ્વેદગ્રંથિ તૈયાર થાય છે. જ્યારે અંતઃત્વચામાં રક્તવાહિનીઓ હોય છે. એનાથી બાહ્ય ત્વચાનું રસરક્તાદિ દ્વારા પોષણ થાય છે. અંતઃત્વચાની નીચે ઉત્તાન ત્વચા અને એની નીચે ગંભીર કલા હોય છે. ઉત્તાન ત્વચા (કલા)માં સંયોજક તંતુ તથા વસા હોય છે. જેનાથી આઘાત આદિથી શરીરનું સંરક્ષણ થાય છે. ઉષ્ણતા નિયમન કરવાનું કાર્ય પણ ત્વચાના આ સ્તરેથી થાય છે. ત્વચાના પ્રાકૃત વર્ણ બાબતે શાસ્ત્રમાં જણાવ્યાનુસાર ત્વચાના પ્રાકૃત વર્ણમાં ગોરી, શ્યામ (કૃષ્ણ, શ્યામ, શ્યામાવદા) તથા અવદાત આ વર્ણનો સમાવેશ થયેલ છે. આ ઉપરાંત અતિગૌર તથા અતિકૃષ્ણ વર્ણવાળી વ્યક્તિઓને નિંદિત વર્ગ તરીકે સંબોધિત કરેલ છે. આપણે ત્યાં પ્રાચીનકાળથી જ ત્વચાને સ્વસ્થ રાખવા માટે વિવિધ ઉપક્રમોને શાસ્ત્રોના માધ્યમથી જણાવેલા છે. ત્વચાનું સૌંદર્ય ઓછું થવાને લીધે કે પછી ત્વચા વિકાર ઉત્પન્ન થવાને લીધે સામાજિક સ્તરે ઘણીવાર ત્વચા વિકાર પીડિત વ્યક્તિઓ તરફ ધિક્કાર ધૃણાની નજરે જોવામાં આવે છે. આધુનિક યુગમાં ત્વચાના સ્વાસ્થ્ય પર વિશેષ રૂપે ધ્યાન અપાઈ રહ્યું છે. વાતાવરણમાં ફેરફાર, અહિતકર, આહાર વિહાર, કૃત્રિમ સૌંદર્યપ્રસાધનોનો આડેધડ ઉપયોગ જેવા કારણોને લીધે સ્વાસ્થ્ય નિશ્ચિતરૂપે બગડે છે. તેથી ત્વચાના સ્વાસ્થ્યને સંતુલિત બનાવી રાખવા માટેના ઉપાયોની સાથે સાથે ત્વચા વિકારોની ઉત્પત્તિ માટે, લક્ષણ, સામાન્ય ચિકિત્સાની સાથે સાથે વધારે પડતા દેખાતા વિકારોનું વર્ણન જરૂરી છે.

ત્વચાવિકારોના કારણમાં આહાર - વિહાર - ભ્રષ્ટ આચરણ - ઉપસર્ગ જવાબદાર હોય છે. વિરૂધ્ધ આહાર, દ્રવ્ય, સ્નિગ્ધ, ગુરૂ પદાર્થોનું અધિક સેવન, અતિભોજન કે અપક્વ પદાર્થોનું સેવન, નવું અન્ન, દહીં, માછલી, બટેટા, અડદ, અધિક લવણયુક્ત પદાર્થો અને ખારી ચીજોનું સેવન, પિષ્ટ અન્ન, તલ, દૂધ તથા ગોળનું અધિક સેવન, જવ જેવા જંગલી ક્ષુદ્ર અન્નનું દૂધ, દહીં, મઠ્ઠો, કુલથી અડદ, અતેસી તથા કુસુમ્ભનાં તેલ સાથેનું સેવનનો સમાવેશ ત્વચા વિકાર માટેના આહારનો સમાવેશ થાય છે. જ્યારે વિહારમાં ભોજન બાદ વ્યાયામ કરવો, તાપમાં ફરવું કે અગ્નિ સંપર્ક, દિવસની ઉંઘ, સંતાપ, પરિશ્રમ કે ભયથી આંક્રાંત થઈને ઠંડા પાણીએ સ્નાન, ભોજન પછી તરત મૈથુન કે દુષિત સ્ત્રી સાથે સહવાસ, પંચકર્મોનો મિથ્યા ઉપયોગ તથા મળ મૂત્ર જેવા



વેગોને રોકવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત વિદ્વાન તથા ગુરૂજનોનું અપમાન, આ જન્મ તથા પૂર્વ જન્મમાં કરેલ પાપકર્મ, સજ્જનો, સાધુ સંતોનો તિરસ્કાર કે નિંદા કરવી. રક્ત જ કૃમિનો પ્રાદુર્ભાવ, વંશજ - કુષ્ઠગ્રસ્ત માતા-પિતાના રજ વીર્યથી દુષ્ટ થવું છે. ઉપસર્ગ મુજબ કુષ્ઠરોગથી પીડિત વ્યક્તિની સાથે અંગોનો સંસ્પર્શ એક જ વાસણમાં ભોજન ગ્રહણ કરવું, જેવા બીજી વ્યક્તિના ઉપસર્ગથી થાય છે. આધુનિક દૃષ્ટિએ ત્વચાવિકારોની ઉત્પત્તિ એલેર્જીક (અનુર્જતાજન્ય), કવકજન્ય (ફંગલ) તથા જીવાણુઓ (બેક્ટરિઅલ) ને કારણે થાય છે. તેમજ કેટલાક ત્વચા રોગોનાં કારણો તો આજે પણ અજ્ઞાત છે.

સામાન્ય રીતે તમામ ત્વચા વિકારોને 'કુષ્ઠ' નામે સંબોધિત થયેલ છે અને તેમાં ક્ષુદ્ર રોગોનો સમાવેશ થાય છે. જે રોગ શરીરના અંગપ્રત્યાંગ, ધાતુ, ઉપધાતુ વિ.ને ગળાવીને વિકૃત બનાવે છે તેને કુષ્ઠ કહે છે. રોગીનું જીવન અત્યંત કલેશદાયી કરનાર હોવાથી આ રોગને 'અષ્ટો મહાગદ' અંતર્ગત લીધેલ છે. કુષ્ઠરોગ વ્યાધિ ઔપસર્ગિક તથા સંક્રમક છે. કુષ્ઠમાં સ્પર્શ, એક જ શય્યા પર શયન, એક પાત્રમાં ભોજન, બીજાના વસ્ત્ર પરિધાન કરવા, નિશ્વાસ આદિથી ઉત્પન્ન વિકાર છે. કુષ્ઠ રોગના સામાન્ય લક્ષણમાં - ત્વચાનો સ્પર્શ અત્યાધિક ચીકણો કે અધિક સૂકો લાગવો, વિવર્ણતા દાહ, ખંજવાળ, સનાપણું, સોય ભોંકાવા જેવી પીડા થવી, ત્વચા પર ચકામા પડવા, વ્રણોની જલ્દીથી ઉત્પત્તિ થવી અને લાંબા સમય સુધી રહેવી, વ્રણોના રોપન થયા પછી પણ રૂક્ષતા તથા સ્પલ્ય કારણોથી પણ વ્રત વધી જવા, રોમહર્ષ થવા, અધિક પરસેવો આવવો યા સર્વથા પરસેવો જ ન થવો,


*With Best Complimants*

KALYANJI RAMBHIA PARAS RAMBHIA








- B.P.MACHINE
- GLUCO METER
- WHEEL CHAIR
- NEBULIZER
- AIR BED
- MORNING WALKER
- PULSE OXYMETER
- ADULT DAIPPER
- HOT WATER BAG
- HEATING PAD
- WEIGHT SCALE
- WATER BED

**FORTUNE SURGICALS**

C/004, SUPATH-2, NEAR OLD VADAJ BUS STAND,
ASHRAM ROAD, USMANPURA, AHMEDABAD-380013
PH.27560480 M.9375022555

રક્ત કાળું પડી જવું વિ. છે. કુષ્ઠ રોગમાં શોધન ચિકિત્સા મહત્ત્વપૂર્ણ છે. સાથે સાથે અભ્યંતર શમનૌષધિઓની સાથે બાહ્ય ઉપચારોનો પણ ચિકિત્સામાં અંતર્ભાવ જરૂરી છે. શોધનમાં વમન, વિરેચન તથા રક્તમોક્ષણ, શોધનમાં ઔષધિ અન્ન, વિહાર - કફઘ્ન, કલેશનાશક, તિક્તે, કષાય, ત્વચ્ય દ્રવ્યોનો પ્રયોગ અને બાહ્યોપચારમાં - લેપ, તૈલ, પ્રતિસરણનો સમાવેશ થાય છે. અન્ય ત્વચારોગોમાં શ્વિત્ર - શરીરનાં અંગની ત્વચા પર સફેદ દાગ ઉત્પન્ન થવા, વીંટીંલ્ગો ત્વચામાં વર્ણ ઉત્પન્ન કરનાર Melanin આ રંજક દ્રવ્યના અભાવથી આ વ્યાધિ ઉત્પન્ન થાય છે. આમાં રક્ત ત્વચા, રક્ત, માંસ, મેદની દુષ્ટી રહે છે. બીજો એક રોગ છે મુખ દૂષિકા - યુવાન પિડકા - મુંહાસા - ખીલ પરેશાનીથી પીડીત થવું, આ રોગ મુખ્યત્વે તારૂણ્યાવસ્થામાં થાય છે. અન્ય ત્વચા રોગોમાં ક્ષુદ્ર કુષ્ઠયામા, વિચર્ચિકા, એક કુષ્ઠ, કિટીતી - સોરાયસીસ છે. પામામાં નાની નાની ફોડકીઓ થાય છે. આ રોગ મુખ્યત્વે બાળકોમાં વધારે જોવાય છે. આ સંસર્ગજન્ય બીમારી છે. આમાં પિત્ત અને કફ દુષ્ટિ હોય છે. વિવર્ચિકામાં અધિક માત્રામાં પિંડકાઓ ઉત્પન્ન થાય છે, જે શ્યામ વર્ણની હોય છે અને આમાં ખંજવાળ તથા સ્રાવ વધુ માત્રામાં થાય છે. ત્વચા વિકારોમાં કુષ્ઠ તથા કુષ્ઠમાં 'કૃમિ' પણ મહત્ત્વનું કારણ જણાવેલ છે. શરીરની ત્વચામાં સ્વચ્છતાનો અભાવથી બાહ્ય કૃમિઓ ઉત્પન્ન થાય છે જેનાથી ત્વક દુષ્ટી થઈને ત્વચામાં ખંજવાળ, ચકતા પડી જવા, ફોડકીઓ નીકળવી જેવા લક્ષણ દેખાય છે. આભ્યંતર કૃમિઓમાં વિશેષ કરીને, રક્ત જ કૃમિ કુષ્ઠ થવામાં કારણભૂત હોય છે. આ કૃમિઓને લીધે કેશ, શ્મશ્રુ, લોમ, પક્ષ્મ અને નખ તૂટે છે. આ કૃમિ જ્યારે વ્રણમાં હોય છે ત્યારે રોમાંચ ખંજવાળ અને સોય ભોંકાતી હોય તેવી વેદના થાય છે. આના અધિક્યથી ત્વચા, સિરા, સ્નાયુ, માંસ તથા તરૂણાસ્થિ પ્રભાવિત થઈને કુષ્ઠ, વિસર્પ, પિડકા, કોઠ તથા ચર્મદળ જેવા રોગ ઉત્પન્ન થાય છે. સોરાયસીસ અને ચામડીનો ભયંકર રોગ છે અને આ રોગમાં રોગીઓને જ્યારે અન્ય ઉપલબ્ધ ચિકિત્સા પધ્ધતિમાં ઉકેલ ન મળે ત્યારે છેવટે મોટાભાગના રોગીઓ આયુર્વેદ પાસે આવે છે. પામા રોગ મુખ્યત્વે બાળકોમાં વિશેષ જોવાય છે અને આ રોગ બધી ઋતુમાં જોવાય છે. આમાં ઝીણી ઝીણી ફોડકીઓ ઉત્પન્ન થાય છે, જેમાં પરૂ થયા પછી ઘણો સ્રાવ થાય છે. સાથે સાથે ખંજવાળ તથા બળતરા મુખ્ય લક્ષણ હોય છે. આ બીમારી ચેપી બીમારી છે. આ રોગમાં મુખ્ય કારણ પિત્ત તથા કફની દુષ્ટિ હોય છે.

ત્વચા રોગથી પીડિત દરેક રોગી ચિકિત્સક પાસે હંમેશ એવી આશા રાખે છે કે ચિકિત્સક એમને કોઈ એવા મલમ આપે જેના પ્રયોગથી તેના રોગ મટી જાય, પણ કોષ્ઠ શુધ્ધિ વિના જ મલમના પ્રયોગ કરાય ત્યારે ઉપસ્થિત ત્વચા વિકાર વકરી પણ શકે છે. આયુર્વેદ ચિકિત્સા ત્વચા રોગમાં જડમૂળથી રોગનો નાશ કરનાર સિધ્ધ થઈ છે. આયુર્વેદ ચિકિત્સામાં રોગની લાક્ષણિકતા પારખીને આરોગ્યવર્ધિની, ગંધક રસાયન, મહામંજીષ્ઠાદિ ઉકાળો, અમૃતાદિ ગુગળ, પંચતિક્ત ગુગળ, કૃમિકુકારરસ, સ્વાયંભુવ ગુગળ જેવા અનેક સિધ્ધ પ્રયોગો છે. જેમાં પથ્યાપથ્યનું પાલન જરૂરી છે. બાહ્યોપચારમાં લેપ, તૈલ, પ્રતિસારણ અજમાવાય છે. ત્વચા રોગોમાં જેમ બને તેમ જલ્દીથી ચિકિત્સા કરાય તે જરૂરી છે. કારણ કે ત્વચા રોગો હઠીલા છે. તેમાં રોગી હેરાન હેરાન થઈ જાય છે તેમજ ચેપ લાગી જવાના ડરે સગા સંબંધીઓએ પણ તેનાથી દૂર રહેવું પડે છે. રોગીના વસ્ત્રો પણ અલગથી અને વિશિષ્ઠ પ્રકારે ધોવા-સૂકવવાના હોય છે. ત્વચા વિકારોમાં ત્વચાના સ્થાનિક પરીક્ષણની સાથે સાથે અન્ય સાર્વદેહિક પરીક્ષણ પણ આવશ્યક છે. ઘણીવાર અન્ય વિકારોને કારણે પણ ત્વચા વિકાર થતાં જોવામાં આવે છે. ત્વચાનું સૌંદર્ય ઘટી જવાને કારણે અથવા ત્વચા વિકાર ઉત્પન્ન થવાને કારણે ઘણીવાર ત્વચા વિકારોથી પીડિત રોગીઓને ધૃણાઓ પણ સહન કરી લેવી પડે છે.

❃




With Best Compliments From



# JAINAM

## OPTICS & CONTACT LENS CLINIC

**5-B, HASAN MANZIL, 71-77, A.K. MARG,**
**NEAR AUGUST KRANTI MAIDAN,**
**GOWALIA TANK, MUMBAI-400036.**

**TEL. : 23814446**

**E-mail : jainamoptics@yahoo.com**

## કુંવરજી ઠાકરશી છેડા - (ગામ-તલવાણા)

# રડવાની ફિઝિયો થેરાપી

■ મનુભાઈ શાહ - ભાવનગર



આ જે દેશમાં વ્યક્તિઓ પોતાના આરોગ્ય ઉપર વિશેષ ધ્યાન આપતો થયો છે. "વ્યક્તિ પોતે પોતાનો ડૉક્ટર થયો છે." આથી શરીરના આરોગ્યને લક્ષમાં રાખી અનેક થેરાપી પ્રચલિત થઈ છે. તાળી થેરાપી, હાસ્ય થેરાપી, હાથ-પગના દરેક પોઈન્ટ દબાવવા, એક્યુપ્રેશર, એક્યુપંક્ચર, જીભની કસરત, રડવાની થેરાપી, આ ઉપરાંત ભક્તિને પણ થેરાપીના રૂપમાં કહી શકાય. આ બધી થેરાપી બિન ખર્ચાળ અને વ્યક્તિ પોતે જ કરી શકે છે. શરીરને રોગમુક્ત આ થેરાપીથી બનાવી શકાય છે.

રડવાની તે પણ અકુદરતી હોય તો તે વ્યક્તિનો તનાવ દૂર કરવા ઓછો સંભવ છે. આ થેરાપીમાં સંકોચ અનુભવાય છે. ઘણી વખત તે હાસ્યાસ્પદ બની શકે છે. બાળકો અને અમુક પ્રસંગોમાં બહેનોને આ થેરાપી સહજ બને છે. અને તેમાં સંવેદનાને કારણે તનાવ ઓછો થાય છે. પણ પુરુષ વર્ગમાં આ થેરાપી પ્રચલિત નથી બની શકતી. સંકોચ અનુભવાય છે.

આપણે જાણીએ છીએ કે પુરુષ વર્ગ તેમનામાં રડવાનો સ્વભાવ નથી. સંકોચ પેદા થાય છે. હા કોઈ બહુ જ નિકટના સ્વજનના દુઃખદ અવસાન થયું હોય, દિકરીને સાસરે વળાવવી હોય, કોઈ કરુણ દશ્ય જોવા મળ્યું હોય તો પુરુષની આંખમાં આંસુ આવે છે પણ તે મોટેથી રડી શકતો નથી.

**રડવાની થેરાપીના અનેક હેતુ હોય છે.**

(૧) માનસિક તનાવ ઓછો થાય છે.

(૨) માનસિક અસ્વસ્થતા દૂર થાય છે.

(૩) અનેક ચિંતાથી ઘેરાયેલી વ્યક્તિ જો એકાંતમાં રડી લેતો તેને માનસિક રાહત થાય છે. જાહેરમાં તો રડી શકતી નથી.

(૪) આર્થિક ભીંસને કારણે તનાવ પેદા થાય છે તેમાંથી આ થેરાપીથી થોડી રાહત થાય છે.

(૫) બહેનોને આ થેરાપી સહજ બને છે કારણ કે તેમાં કરુણાના ભાવો પ્રગટતા હોય છે.

(૬) પરિવારના ઝઘડાથી મોટો અસંતોષ પેદા થતો હોય છે. તે રડવાથી થોડો અસંતોષ ઓછો થાય છે.

(૭) પરિવારમાં કોઈ અકસ્માત થયો હોય તેથી મનમાં તનાવ પેદા થાય છે. તે રડવાથી તનાવ થોડો ઓછો થાય છે. પણ મોટેથી રડી શકતો નથી.

(૮) કોઈએ અપમાન કર્યું હોય, વગર વાંકે દોષિત ઠરાવવામાં આવે ત્યારે માનસિક તનાવ પેદા થાય છે ત્યારે વ્યક્તિ એકાંતમાં રડી લે છે.

(૯) પતિ-પત્નીના ઝઘડામાં માનસિક ચિંતા થતી હોય છે. તનાવમાં અસ્વસ્થ બની જવાય છે ત્યારે રડી લેવાય છે.

(૧૦) પરીક્ષામાં સારું પરિણામ ન આવ્યું હોય તો ચિંતાના વાદળો ઘેરાતા રહે છે. તેમાંથી હળવાશ મેળવવા રડી લે છે.

(૧૧) લાંબા સમયથી અસહ્ય બીમારીથી માનસિક તનાવ પેદા થવાથી, બીમારીથી કંટાળી જવાથી એકાંતમાં વ્યક્તિ રડી લે છે. તેથી થોડી હળવાશ અનુભવે છે.

(૧૨) અમુક કારણોસર અસહ્ય તનાવ પેદા થયો હોય તો વ્યક્તિ આપઘાત સુધી પહોંચી જાય છે.

તનાવ પેદા થવાના અનેક કારણો હોય છે. તેનાથી વ્યક્તિ ચિંતામાં ડૂબી જાય છે. વ્યક્તિ સહન કરી શકતી નથી.

જાહેરમાં રડવાની થેરાપીનો ઉપયોગ સહજ થઈ શકે કે નહિ તેનો વિચાર કરીએ તો લાગે છે કે

(૧) યુવાનીથી વૃધ્ધો જાહેરમાં રડી શકતા નથી તેઓ માટે આ શક્ય નથી.

(૨) રડવાની થેરાપીમાં રડવાનું આવે તો સંકોચ થાય છે. હાસ્યાસ્પદ બને.

(૩) સમૂહમાં આ થેરાપીનો ઉપયોગ કરાય તો તે ઢોંગ જેવું લાગે છે. કૃત્રિમ લાગે છે. અકુદરતી લાગે છે.

(૪) જોરજોરથી રડવાથી સમાજમાં વ્યક્તિની કંઈ છાપ

પડશે તે ન કહી શકાય. તેવી છાપ વ્યક્તિમાં પડે છે.

(૫) આ થેરાપીથી કદાચ ગાંડાઈમાં ગણાશે.

(૬) કૃત્રિમ રડવું તેમાં કોઈ ફાયદો હોવાનો સંભવ નથી.

(૭) હાસ્ય થેરાપી અને રડવાની થેરાપી બંને અલગ છે.

(૮) હાસ્ય થેરાપી કૃત્રિમ હોવા છતાં સમાજ તેને સ્વીકારી લેશે. સામાન્ય છે. સહજ છે. પણ રડવાની કૃત્રિમ થેરાપી હાસીપાત્ર બને છે.

(૯) પરિવારમાં કે સમાજમાં એવા કરૂણ બનાવો બને તો સંવેદન વ્યક્તિ સાચી-ભાવથી હૃદયથી રડી લે છે.

(૧૦) રડવાના બે પ્રકાર છે : (૧) સાચી રીતે સહજ ભાવે રડવું (૨) અકુદરતી રીતે રડવું.

આ બંને વચ્ચે ઘણો મોટો તફાવત છે. સાચી રીતે રડવામાં પ્રયત્ન કરવો પડતો નથી. સહજ રીતે રડી લેવાય છે. તેમાં કરૂણાનો ભાવ છે. મનનો તનાવ ઓછો થાય છે. જ્યારે કૃત્રિમ રીતે રડવામાં કોઈ ભાવ-તનાવ, કરૂણા નથી. રડવાની થેરાપી છે તો રડી લઈએ તેમ મનાય છે.

આ થેરાપીમાં કોઈ પ્રકારનું શિક્ષણ નથી. વર્ગમાં કે શિક્ષક સંવેદના પ્રગટાવવાનું શિક્ષણ આપી ન શકે. સંવેદના હૃદયનો વિષય છે. બનાવો, કરુણા ભરેલા પ્રસંગો નથી, સંવેદના પ્રગટે છે.

સમાજમાં એવા ઘણા કરૂણાભર્યા બનાવો બનતા હોય છે. તેનાથી સંવેદના જાગૃતિ થતી હોય છે. આ સંવેદના રડાવતી હોય છે.

મારા જીવનમાં એવા બનાવો જોયા છે. જેમકે મોરબીના પૂરને કારણે જે ખાનાખરાબી થઈ તેમાં કુટુંબના સભ્યોમાંથી થોડા લપેટમાં આવ્યા અને નાનું બાળક અને તેની મા બચી ગયા હોય, ઘરની તમામ ચીજવસ્તુ તણાઈ ગઈ ત્યારે બહેનની જે હાલત જોવા મળી ત્યારે હૃદયથી રડી લેવાયું, આ સાચી સંવેદના પેદા થઈ કહેવાય.

કચ્છના ભૂકંપમાં પણ આવા દશ્યો જોવા મળ્યા. કુદરતનાં



કોપને કારણે પરિસ્થિતિ નિર્માણ થઈ ત્યારે માયલો રડી ઊઠે. આ સહજ ભાવ પેદા થાય છે. તેમાં કરૂણાનો ભાવ આવે છે.


દરેક વ્યક્તિના જીવનમાં આવા અનેક પ્રસંગો આવતા હોય છે ત્યારે વ્યક્તિ સહન કરી શકતી નથી અને રડાય જવાય છે.


ત્યારે રડવાની થેરાપીમાં સંવેદના, કરૂણાભાવ, હૃદયનો ભાવ નથી. માત્ર કૃત્રિમ રીતે રડવાનું હોય છે, તેમાં શરીરમાં કોઈ વિશેષ લાભ મળતો નથી.


આ થેરાપી શોધનારે ઘણી મથામણ કરી હશે પણ તેના ઉપર પ્રયોગો પણ કર્યા હશે. શરીરમાં તેની કેવી કેટલી અસર થાય છે તે જાણ્યું હશે. સવાલ મોટો એ છે કે આ થીયેરીમાં સંવેદના નથી. જાહેરમાં રડી શકાતું નથી. કૃત્રિમ રીતે રડાય તો હાસ્યાસ્પદ બને છે. છતાં આ થીયેરી કેટલી સફળ થશે તે કહી શકાય નહિ.

આ થીયેરી માટે ઊંડાણથી પ્રયોગો સાથે વિચારી શકાય છતાં સમાજમાં આ થીયેરી કેટલી કારગત બને તેમ કહી શકાય. ❁


Mahendra M. Goggree
(M) 9821924090







CITY STORAGE SYSTEMS ®

Manufacturers of

Slotted Angles/Two Tire Rack/Heavy Duty/Racks/Loft & Mobile Racks/Trolleys/Steel Furniture/Super Market, Display Racks.

Office : B/03, Nyay Sagar, 1st Floor, Old Nagardas Road, Opp. Post Office, Andheri (E), Mumbai-400069. E-mail : cityslotted@rediffmail.com - Website : www.cityslottedsystem.com
Cell : 9821924090, Tel. : 26824141, 65001097 - Tele Fax : 26834742



# હસજો હળવે હળવે

- પ્રેમિકા : પ્રિય, આપણી જિંદગીનો આ સૌથી ખુશીનો દિવસ છે.
  પ્રેમી : પણ આપણા લગ્ન તો હજી કાલે થશે.
  પ્રેમિકા : એટલે જ આજનો દિવસ કહું છું.
- મોહન : અરે સોહન, તમે કાણો ચોકીદાર કેમ રાખ્યો છે?
  સોહન : ભિખારીઓને ભગાડવા માટે. સવાર સવારમાં અપશુકન કરવા તેઓ આવે નહીં ને તેટલા માટે.
- પત્ની : હું મરી જાઉં પછી તમે મારી કબર પર તો રોજ આવશોને?
  પતિ : હા હા જરૂર. કબ્રસ્તાન, ઓફિસ જતા રસ્તામાં જ આવે છે.
- રીતા : અલી મીતા, તારી સાસુ આખો દિવસ બસ રામાયણ જ વાંચ્યા કરે છે?
  મીતા : હા. છેલ્લી પરીક્ષાની તૈયારી કરે છે.
- જજ : આ અઠવાડીયામાં તેં આઠ વાર ચોરી કરી છે. જરા શરમા તો ખરો.
  ચોર : જજ સાહેબ. હું મહેનત કરવામાં પાછો પડતો નથી.
- મનુ : બોલ જોઈએ. રાતના રાજા-રાણી કોણ છે?
  કનુ : ઘુવડ અને ચામાચીડિયું.
- રાજુ : અરે વીજુ, આ શું થયું તારા માથામાં આટલું બધું કેવી રીતે વાગ્યું?
  વીજુ : એ તો પત્ની ખુશ એટલે ફુલ વરસાવ્યા.
  રાજુ : ફૂલ આટલા બધા વાગતા હશે?
  વીજુ : ફૂલમાંથી ફૂલદાની કાઢવાનું ભૂલી ગઈ હતી.
- પ્રેમિકા : શું તમે મને પ્રેમ કરો છો?
  પ્રેમી : કેમ તને શું કોઈ શક છે?
  પ્રેમિકા : તમે મારા માટે જીવ આપી શકો?
  પ્રેમી : ના પ્રિયે. મારો પ્રેમ તો અમર છે.
- શ્રીદેવી : શ્રીકાંત તમે ગાડી આટલી બધી ધીમી કેમ ચલાવો છો? વળી અહીં ઠેકઠેકાણે બોર્ડ કેમ લગાવ્યા છે કે 'ગાડી ધીમી ચલાવો.'
  શ્રીકાંત : અહીં નજીકમાં કે દૂર સુધી કોઈ હોસ્પિટલ નથી માટે.

■ **ગુલાબચંદ ધારશી રાંભીયા**

# હસવાની મનાઈ છે

- કેતન : પપ્પા પૃથ્વી અને ચંદ્રવચ્ચે કોઈ સંબંધ છે?
  પપ્પા : બેટા ! પૃથ્વી આપણી માતા છે. ને ચંદ્ર આપણા મામા છે. હવે તું જ કહે એમનો સંબંધ શું?
  કેતન : તો તો એ ભાઈ-બહેન કહેવાય.
- કનક : પપ્પા લાકડું પાણીમાં તરે ને લોખંડ ડૂબી જાય એમ કેમ?
  નવનીતરાય : બેટા ! લાકડાના બાપે એને તરવાની તાલીમ આપી છે. લોખંડના બાપે આપી નથી.
- કવિતા : હું તો લો પ્રેસરની રોગી છું. તમારી દિકરી બધું કામ સંભાળી લેશે?
  સવિતા : તમે ચિંતા ન કરો. મારી દિકરીને પ્રેસર ઊંચે લાવતા આવડે છે.
- કેતન : પોતાની સ્ટેશે શીલાને પૂછ્યું "તારી ઉંમર કેટલી?"
  શીલા : સ્ત્રીને ઉંમર ન પૂછાય.
  કેતન : ઠીક છે. તારી જન્મ તારીખ કહી દે.
- કથને દુકાનદાર પાસેથી ઊંઘની ગોળી માગી તો દુકાનદારે કહ્યું : ડૉક્ટરની ચીઠ્ઠી લાવ્યા છો? તે વગર ગોળી ન મળે.
  કથને ખિસ્સામાંથી રામપુરી ચપ્પુ કાઢ્યું ને કહ્યું, આ ડૉક્ટરી ચિઠ્ઠી છે.
  ને એને મફતમાં ગોળી મળી ગઈ.
- ખેતાબાઈ : જમાઈ ! આવતા ભવમાં શું બનશો.
  જમાઈ : તમારી દિકરીનો વર તો નહીં જ બનું.

■ **લઘુગોવિંદ**

## બચુડો

| | | |
|---|---|---|
| અધા | : | પુત્તર બચુડા? |
| બચુડો | : | કો અધા? |
| અધા | : | જ્યોર્જ વોશિંગ્ટન પંઢજે ઘરમેં ઝાડ વો સે કુહાડી સે કપે, તડે પણ અનેજા પે અનકે સજા કુલા ન કેં? |
| બચુડો | : | ઓન વખત પણ કુહાડી જ્યોર્જ વોશિંગ્ટન જે હથમેં જ વી તેંલા કરે. |

A LEGACY OF OVER
9 DECADES
IS SURE TO LEAD YOU AHEAD WITH
STRENGTH &
GLOBAL BELIEF




The foundation of LILADHAR PASOO is built on strong business ethics and a solid legacy since 1919. Business Partner, Innovator, Industry Expert is what you will find every LILADHAR PASOO professional to be.

Our strength includes a solid know-how combined with an extensive geographical offering. We offer global reach being a complete one stop supply-chain solution provider, present in 170 countries worldwide.

LILADHAR PASOO is the only partner you need in logistics.

57, Mulji House,
41-45, Devji Ratansey Marg.,
Dana Bunder, Masjid (East),
Mumbai-400 009. India.
Tel. : +91-22 6616 6900. +91-22 6743 1800
Fax : +91-22 6616 6966, +91-22 6631 1875
E-mail : info@liladharpasoo.com

Liladhar Pasoo LP
FUTURISTIC SINCE 1919

kreate-12072012

www.liladharpasoo.com

# વાનગી

### મકાઈના પકોડા

**સામગ્રી :** એક વાટકી મકાઈનો લોટ, બે ચમચી રવો, મીઠું અને રૂટિન મસાલા, પા ચમચી સોડા, બે લીલાં મરચાં, કોથમીર, સર્વ કરવા લીલી ચટણી, અડધી વાટકી છીણેલી મકાઈ.

**રીત :** સૌપ્રથમ એક કડાઈમાં તેલ ગરમ કરો. પછી એક તપેલીમાં મકાઈનો લોટ, રવો અને છીણેલી મકાઈ મિક્સ કરો. તેમાં લીલાં મરચાં, કોથમીર, સ્વાદ પ્રમાણે મીઠું અને રૂટિન મસાલા ઉમેરો. છેલ્લે ગરમ તેલ અને સોડા નાખી સરખી રીતે મિક્સ કરો. તેલમાં નાના પકોડા નાખી આછા ગુલાબી રંગના તળી લો. આ મકાઈના પકોડાને કોથમીર-મરચાંની ચટણી સાથે સર્વ કરો.

### મેંગો કેક

**સામગ્રી :** ૧ કપ મેંદો, પા કપ મિલ્ક મેઈડ, ૧ ચમચી બેકિંગ પાઉડર, પા ચમચી સોડા, દળેલી ખાંડ સ્વાદ પ્રમાણે, મેંગો એસેન્સ, કાજુ-બદામ, એક કપ મેંગો પલ્પ.

**રીત :** સૌપ્રથમ એક મોટી કડાઈ લો. તેમાં નીચે મીઠું નાખી તેને ગરમ કરવા મૂકો. પછી એક બાઉલમાં મિલ્ક મેઈડમાં દળેલી ખાંડ નાખી હલાવો. ત્યારબાદ તેમાં મેંદો નાખો. પછી બેકિંગ પાઉડર, સોડા નાખી ફરીથી હલાવો. છેલ્લે એસેન્સ નાખો. હવે તેમાં કેરીનો પલ્પ નાખી એકસરખું હલાવો. એક કેકના મોલ્ડને ગ્રીઝ કરી તેમાં કેકનું બેટર પાથરી સરખું ટેપ કરો. પછી તેના પર કાજુ-બદામ નાખો. આને ગરમ કડાઈમાં બેક કરવા મૂકો. વીસથી પચ્ચીસ મિનિટમાં મેંગો કેક તૈયાર થઈ જશે.

### પંજાબી ગટ્ટાનું શાક

**સામગ્રી :** એક કાંદો, એક ટામેટું, એક સીમલા મરચું, પાંચ કળી લસણ, આદું નાનો કટકો, એક લીલું મરચું, વઘાર માટે બાદિયાં, લવિંગ, બેસનના લોટના ગટ્ટા એક વાટકી, વઘાર માટે તેલ, જરૂરી રોજના મસાલા.

**રીત :** સૌપ્રથમ ગટ્ટા બનાવવા બેસનમાં તેલ, મરચું, હળદર, મીઠું નાંખી ગટ્ટા વાળીને વરાળે બાફી લો. હવે ટમેટાં, ડુંગળી, લસણ, લીલું મરચું, આદું અને મીઠું નાખી ગ્રેવી બનાવો. એક પેનમાં તેલ લઈ જીરું, લાલ મરચાં, બાદિયાં, લવિંગનો વઘાર કરી ગ્રેવી સાંતળો. પછી સીમલા મરચાંની ચીરી નાંખો. ત્યારબાદ બેસનના ગટ્ટાના નાના પીસ કરી નાંખો. થોડી વાર ધીમી આંચ પર રાખો. હવે તૈયાર છે ગટ્ટાની પંજાબી સબ્જી જે પરાઠા કે રોટલા સાથે ખૂબ સરસ લાગે છે.

### લસણિયા બેબી પોટેટો

**સામગ્રી :** ૨૫૦ ગ્રામ નાની બટાકી, ૩ કાશ્મીરી મરચાં, છીણેલાં ડુંગળી, ટામેટાં, ૩ કાજુની પેસ્ટ, ૧૦ કળી લસણ તેલ, રૂટિન મસાલો, મીઠું, ૨ નાનાં કાપેલાં લીલાં મરચાં, કોથમીર.

**રીત :** સૌપ્રથમ કાશ્મીરી મરચાં અને લસણની પેસ્ટ બનાવો. પછી એક કડાઈમાં તેલ લઈ જીરું-રાઈનો વઘાર કરો સાથે ખડા મસાલા પણ નાખો. હવે તેમાં છીણેલાં ડુંગળી-ટામેટાં નાખો. ત્યારબાદ ધીમા તાપે તેલ છૂટું પડે ત્યાં સુધી સાંતળો. હવે કાજુની પેસ્ટ ઉમેરો અને હલાવો. પછી નાની બટાકીને મીઠું નાખી બાફી લો. થોડું તેલ લઈને તેમાં આ બટાકી સાંતળો અને તેને ગ્રેવીમાં ઉમેરો. ઉપર કોથમીરથી ગાર્નિશ કરો.

❁





# મહિલા મંચ

**સંપાદિકા : રેખાબેન શુક્લ**



## સ્ત્રીઓ શા માટે જલ્દી થાકી જાય છે?

■ **રેખાબેન શુક્લ**

**સા**માન્ય રીતે નોકરી કરતી મહિલાઓમાં પોતે થાકી જતી હોવાની તથા કંઈ ઘરકામ કરવાનો થાકને કારણે કંટાળો આવવાની ફરિયાદ વધારે જોવાય છે. આવી ફરિયાદ સ્વાભાવિક પણ ગણાય છે. પણ એવી પણ ઘણી મહિલાઓ હોય છે કે જેઓ સવારે ૮.૩૦ આસપાસ નોકરીએ નીકળી જઈ સાંજે ૬ વાગ્યા આસપાસ ઘરે પાછી ફરતી હોવા છતાં પણ ઘેર પરત આવતાંની સાથે જ રસોઈ કે કોઈ ખૂટતી ચીજવસ્તુ તરત ખરીદવા દોડી જતી હોય છે અને ઘરનાં તમામ સદસ્યો જમી પરવારી વળે ત્યાં સુધી સતત વ્યસ્ત રહેતી હોય છે અને શરીરમાં સ્ફૂર્તિ પણ અનુભવતી હોય છે અને ઘરના અન્ય નાના-મોટાં કામ વાસણ ગોઠવવા, ઝાપટઝુપટ, બિસ્તર પાથરવા - કપડાં સંકેલવા તેમજ તેમાં નાની મોટી હાથ સિલાઈ જેવા કામ પણ ચીવટતાપૂર્વક કરી નાખે છે.

થાક લાગવો કોઈ વિશેષ રોગ નથી કે જેને કોઈ ગંભીરતાથી સમજવું પડે. ઘણી સ્ત્રીઓ સ્વયં નબળી-દુબળી હોવાને કારણે અથવા શરીરમાં કોઈ દર્દ પ્રવેશવાને કારણે પણ થાકી જતી હોય છે, જે વ્યાજબી છે. પણ અત્યારે તો મોટી સંખ્યાની મહિલાઓ તંદુરસ્ત હોવા છતાં પણ થોડું નાનું-અમસ્તું કામ કરતાં જ હાય ! હું તો થાકી ગઈ તેમ જણાવી બીજા પાસે કામ કઢાવતી હોય છે. ઘણી મહિલાઓ પિયરમાં બધાં જ કામ હોંશે હોંશે કરે છે પણ સાસરિયામાં તેમને કામ કરતાં થાક લાગી જાય છે. આ તો થઈ સામાન્ય વાત. હવે મુદ્દાની વાત એ છે કે અત્યારની મહિલાઓમાં દરેક ચીજવસ્તુઓ - કામકાજ બાબતે આધુનિક ઉપકરણોનો વપરાશ હદ બહાર વધી ગયો છે અને રસોઈ ઘર આખું



આવા નાના-મોટાં અનેક ઉપકરણોથી ભર્યું પડ્યું હોય છે. જેને કારણે તેમની શારીરિક શ્રમ કરવાની ક્ષમતા તથા આદત છૂટી ગઈ છે. કપડાં ધોવા, પોતા કરવા, મસાલા વાટવા જેવા ઘણા બધા ઘરેલું કામકાજ પણ મશીનોનો ઉપયોગ થવા લાગ્યો છે અને કોઈ ઉપકરણ બગડે ત્યારે તેમની બધી તાકાત ખોરવાઈ જાય છે અને મશીન વગર પરાણે થોડું પણ કામ કરવા જતાં તેઓ થાકી જતી હોય છે.

એક વિશ્વસનીય પ્રયોગો પરથી તબીબો દ્વારા જણાવાયેલ અભિપ્રાયો અનુસાર શારીરિક શ્રમની તુલનાએ બિલકુલ શ્રમ જ ન કરનાર યુવતીઓ થાક અનુભવે છે. આવી યુવતીઓની શારીરિક મહેનત ન કરવાની આદતને કારણે તેમના શરીરની માંસપેશીઓમાં આવેલા લેક્ટિક અમ્લ અને કાર્બન ડાયોક્સાઈડ ઉર્જામાં પરિવર્તન ન થવાને કારણે તે રક્તમાં ભળી જાય છે. ભોજન પછી શારીરિક શ્રમ ન કરવામાં આવે તો શરીરમાંના એકસ્ટ્રોજન તે કારણે સ્ત્રીઓના શરીરમાંથી દ્રવ્યો બહાર ન નીકળતાં શરીરમાં જ રહી જાય છે. શરીરમાં જમા થયેલી ચરબી અને બીજા નકામાં તત્ત્વો શરીરની અંદર રહી જઈ શરીરમાં સેલ્યુલાઈટ ઉત્પન્ન કરે છે. આ બધાને લીધે રક્તસંચાર અવરોધાય છે અને તરત જ થાકની અનુભૂતિ થવા લાગે છે. વિશેષજ્ઞોના અભિપ્રાય અનુસાર મેદસ્વી

સ્ત્રીઓમાં આવી સમસ્યાઓ વિશેષ જોવાય છે. વધારે પડતા શારીરિક શ્રમને કારણે થાક લાગવાની સમસ્યામાંથી થોડો વિશ્રામ લઈ લેવાથી થાક ઉતરી જાય છે, પણ આરામ કર્યા પછી પણ થાક ન ઉતરે અને કંઈપણ કામ કરવામાં મન ન લાગે ત્યારે તેની ઉપેક્ષા કર્યા વિના વહેલી તબક્કે તબીબની સલાહ-માર્ગદર્શન લઈ લેવું એ જ શાણપણ છે. શરીરમાં રક્તની ઉણપ, મધુપ્રમેહ, ક્ષય-ટીબી જેવા રોગના કારણે પણ થાક લાગે છે. કાર્ય કરવાની ક્ષમતા ઓછી હોવા છતાં પણ વધારે મહેનત કરવી પડતી હોય, અસમતોલ આહારને કારણે ટાઈફોઈડ થવાની શક્યતા વધી જાય છે અને ટાઈફોઈડ પછી તો શરીરમાં નબળાઈ-અશક્તિ વધી જાય છે. ક્ષમતા ન હોવા છતાં પણ વ્રત-પર્વે નકોરડા ઉપવાસ પણ થાકમાં ઉમેરો કરે છે.

શારીરિક શ્રમ ઉપરાંત માનસિક થાક અનુભવતી સ્ત્રીઓ પણ અશક્તિનો શિકાર બને છે. વધારે પડતી ચિંતા - ફિકર, હતાશા-નિરાશા, અપૂરતી ઉંઘ-અનિંદ્રા, પતિ-પત્ની વચ્ચે અવારનવાર છાશવારે થતાં મતભેદ-મનભેદ-કકળાટ-ટોકાટોકીથી પણ માનસિક તાણ ઉદ્ભવે છે અને થાક અનુભવે છે. માનસિક તાણ હટાવવા તેની ઉત્પતિના કારણો જાણી લઈ કામ ધંધેથી આવ્યા પછી સ્નાન પતાવી ફ્રેશ થઈ પત્ની-બાળકો-પરિવાર સાથે આનંદથી સમય પસાર કરવાથી પુરુષોનો થાક ગાયબ થઈ જાય છે. વિશેષજ્ઞ અને કચ્છના વિખ્યાત તરણવીર જયેન્દુભાઈ શુક્લને મતે ‘સ્વીમિંગ - તરવું’ એ માનસિક તાણ દૂર કરવાનો ઉત્તમ ઉપાય છે. ઘણીવાર અન્ય વ્યક્તિને પણ પોતાની ચિંતાથી માહિતગાર કરી તેમની સહાનુભૂતિ મેળવવાથી પણ ચિંતા રૂપી દુઃખ દૂર થઈ જાય છે. આ સિવાય વ્યાયામ કરવાથી પણ માનસિક તાણથી છૂટકારો મળે છે. મનપસંદ ફિલ્મી ગીતો - ભજનો - સ્તવનો - હાસ્યના પ્રોગ્રામો જોવાથી પણ માનસિક આરામ મળી જતાં થાક ઉતરી જાય છે. સત્સંગ પણ માનસિક રાહત અનુભવવામાં અગત્યનો ભાગ ભજવે છે. શ્રી નરેશમુનિ જેવા મહાત્માઓના વ્યાખ્યાન પણ માનસિક શાંતિમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

નોકરી-જોબ કરતી ગૃહિણીઓને અધિક ઉર્જાની આવશ્યકતા હોય છે. આ ઉર્જા નિયમિતપણે લેવાતા આહારમાંથી મેળવવાની હોય છે. તેથી ઘરેલુ મહિલાઓની તુલનામાં નોકરી કરતી સ્ત્રીઓને વધુ પૌષ્ટિક સાત્વિક અને સમતોલ આહારની જરૂરત હોય છે. બીજું માસિક ધર્મ તેમજ ગર્ભાવસ્થામાં પણ સ્ત્રીઓ થાકી જાય છે. શરીરમાં એસ્ટ્રોજન હોર્મોનની માત્રા વધી જવાને કારણે થાક લાગે છે. ગર્ભાવસ્થા દરમ્યાન માસિક ધર્મ બંધ થઈ જવાને કારણે શરીરમાં લેક્ટિક અમ્લ એકત્રિત થઈ જવાને કારણે વધારે પડતી આળસ સુસ્તી અને થાક લાગે છે. સગર્ભાવસ્થા દરમ્યાન સ્ત્રીઓ શારીરિક શ્રમ ઓછી કરતી હોવાને કારણે રક્તભ્રમણ ઉચિત રીતે નથી થતું. પરિણામ સ્વરૂપ ચુસ્તી-સ્ફૂર્તિનો અભાવ થવા લાગે છે. શરીરમાં કાર્બનડાયોક્સાઈડની માત્રા વધી જવાને કારણે પણ થાક વધારે લાગે છે. વહેલી સવારે શુધ્ધ હવામાં ટહેલવાથી શરીરમાંથી કાર્બનડાયોક્સાઈડ માત્રા ઘટી જવાને લીધે થાકની અસર ઓછી થઈ જાય છે. કિશોરાવસ્થામાં પણ હોર્મોનમાં થતાં ફેરફારથી પણ થાકનાં લક્ષણો વરતાવા લાગે છે, પણ યુવાનીનાં જોશને કારણે કિશોરીઓ થાકની તકલીફ જણાવતી નથી. કામ કરવાની ખોટી રીત પણ સ્ત્રીઓના થાકનું કારણનું નિમિત્ત બને છે. રોજનું કામકાજ રોજે રોજ પતાવી નાખવાને બદલે એક જ દિવસમાં બધાં કામ આટોપવાને કારણે ક્ષમતા કરતાં વધારે પરિશ્રમથી થાક લાગવા માંડે છે. ઘણી વખત ધારેલાં કામ સમયસર ન થવાને કારણે ઉત્પન્ન થતી માનસિક તાણ પણ થાક લગાડે છે. માનસિક તાણ હદ બહાર રહેતી હોય ત્યારે મનોચિકિત્સક પાસે સારવાર લેવામાં દેરી ન કરવી.

નવરા બેઠા નખ્ખોદ વાળે, નવરી બજાર માખીઓ મારે, ઘણીવાર કામ વગર નવરા બેસી રહેવાથી પણ નકારાત્મક વિચારો મગજમાં ચઢી જતાં મગજ પણ થાક અનુભવે છે. એટલે નવરાશ - હળવાશની પળોમાં એમને એમ બેસી રહી ઓટલા ભાંગવા કરતાં મનપસંદ કાર્ય કરવાથી પણ શરીર સ્ફૂર્તિ અનુભવે છે. રોજિંદા આહારમાં સમતોલ આહાર અપનાવવાની આદત, રોજેરોજ તળેલા અને શરીરમાં ચરબી વધારે તેવા ચરબીયુક્ત આહાર ખાદ્ય પદાર્થ ઓછા કરવા, સાઈકલીંગ, જોગિંગ, વ્યાયામ, યોગાસન, સવાર સાંજ ખુલ્લી શુધ્ધ હવામાં ફરવું, ખુલ્લા વાતાવરણમાં સંગીતના તાલે નૃત્ય પણ સ્ત્રીઓ માટે સરળતમ વ્યાયામ છે. ઘરમાં ભલે કામવાળી કે રામા કામ કરતાં હોય પણ દિવસમાં એકાદ વખત કંપાઉન્ડ-ગેલેરી વિ.માં જાતે ઝાડુ પોતા કરવા એ પણ સારો વ્યાયામ છે. શારીરિક શ્રમ કર્યા પછી થોડા સમય આરામ લેવો એ પણ થાકની સમસ્યામાંથી છૂટકારો અપાવે છે. એક સાથે ભાવતા ભોજનનો પણ અતિરેક ન કરવો, થોડું થોડું અને ધીરે ધીરે ચાવીચાવીને ખાવાથી પણ શરીર સ્ફૂર્તિલું - થનગનતું રહે છે.

❁

# સ્ત્રીઓમાં સ્થૂળતા

ડૉ. નમ્રતા ઉપાધ્યાય

તમે કદી વિચાર કર્યો છે ખરો કે જો કોઈ વ્યક્તિને હંમેશ વધારે પડતું વજન ઉંચક્યા કરવું પડતું હોય ત્યારે તેની શારીરિક અને માનસિક પ્રક્રિયા પર કેવો પ્રભાવ પડે છે. તમને ખ્યાલ આવી જશે કે તેમની ગુણવત્તા અને કાર્ય પ્રણાલીનો હ્રાસ જણાઈ આવશે. હવે આ ભાર જ્યારે કોઈ બહારનું દ્રવ્ય નહીં પણ શરીરનો જ એક હિસ્સો બની જાય તો ત્યારે તેને લીધે શરીરમાં વિકાર જ માત્ર ઉત્પન્ન નહીં થાય પણ વિકાર ઉત્પન્ન થવાની સાથે સાથે શરીરનું શોષણ પણ થશે. શારીરિક મોટાપા - સ્થૂળતા આનું જ સૂચક છે. મધુમેહ, ઉચ્ચ રક્તચાપ, સંધિવાત જેવા વિકાર ઉત્પન્ન થવાનું કારણ પણ તે બની શકે છે. સ્થૂળતા પ્રતિ જાગરૂકતા સ્વાસ્થ્યનું કારણ નહીં પણ સૌંદર્યનું કારણ બને છે. બિનજરૂરી ભાર તથા ઉદર ઉત્સેધ (પેટનો ઘેરાવો) વધવો એ સ્થૂળતાની લાલબત્તી છે અને તેને લીધે શક્તિ ઘટી છે અને સરેરાશ આયુષ્ય પણ ઘટ્યું છે. મોજશોખ, ફેશન, કૃત્રિમ રહેણીકરણી વધતાં લોકો એમ સમજે છે કે આપણે સુધર્યા છીએ અને જીવન ધોરણ ઉંચું ગયું છે. પણ સાચા અર્થમાં તો ફુગાવાની માફક રોગો વધ્યા છે. જીવનમાંથી આનંદ ઉત્સાહ, ઉમંગ, સંતોષ, શાંતિ, સલામતી, પ્રસન્નતાનું ઉત્પાદન તળિયે બેસી ગયું છે.

શરીરમાં ચરબીનાં થર વધ્યે જતાં શરીર બેડોળ બની જાય છે. શરીરનાં અંગ-ઉપાંગ વિચિત્રને મશ્કરીને પાત્ર બની જાય છે. ચરબી વધવાના મુખ્ય કારણોમાં વારંવાર અને વધુ પ્રમાણમાં ખાવાની આદત - વધારે પડતી ઉંઘ, દિવસની ઉંઘ, બેઠાડું જીવન અથવા મહેનતનો અભાવ, આળસ, તમસ, પ્રમાદ, માનસિક કારણ, વારસો જેવા કારણો છે. આ ઉપરાંત ચરબીવૃધ્ધિના બીજા પણ કેટલાક કાર્યો હોય છે જેમાં પિચ્યુઈટરી કે થાઈરોઈડ જેવી અંતઃસ્રાવી ગ્રંથિઓનું અસંતુલન, મહિલાને માસિક ઓછું અથવા મોડું આવવું, પ્રસૂતિ પછી બેકાળજીને કારણે આપોઆપ વજન વધી જવું, જીવનમાંથી રસ ઉડી જવો અને પરિણામ સ્વરૂપ ઉત્સાહ હીન કે આળસુ બની જવું વિ. કારણો પણ ગણી શકાય છે. વંશાનુગત પ્રભાવ, સવારે મોડે સુધી ઉંઘી રહેવું, ભોજન પછી તરત જ દિવસે ઉંઘી જવું, હંમેશા બેસ્યા રહેવું, ભોજન વખતે મર્યાદા ન જાળવવી, ભોજન પછી પાણી પીવું, માંસાહાર સેવન, મદ્ય-શરાબનું વધારે પડતું સેવન વિ. સ્ત્રી અને પુરુષ બંનેમાં સ્થૂળતાનું કારણ બને છે. થાઈરોઈડ ગ્રંથિની અસંતુલિત ક્રિયાશીલતા પણ સ્થૂળતાનું કારણ બની શકે છે. આ ઉપરાંત અધિક ખાંડવાળી એકદમ મીઠી ચા, મીઠું વધારે,



ગળપણવાળું દૂધ, અધિક મીઠા ફળ ખાવા તથા ફ્રીઝ, રેફ્રીજેટર, બરફવાળું પાણી પીધે રાખવું, મેંદાવાળા ખોરાક ખાવા તથા ભીંડા અરબી, બટેટા તથા ચોખા-ભાતનો અધિક ઉપયોગ પણ સ્થૂળતાનું કારણ બને છે.

સ્થૂળતાથી બચવા તથા સ્થૂળતા ઘટાડવા માટે આરોગ્યના નિયમો જાણી પાળવા, પથ્યપાલન કરવું, જીવનશૈલી બદલવી એ સચોટ-સરળ ઉપાય છે. કાયાને સુડોળ, સશક્ત, ક્રિયાશીલ, નિરોગી બનાવવા માટે - દરરોજ બે કલાક શારીરિક વ્યાયામ, યોગાસનો તથા સવારે દોડવું, જોગિંગ જરૂરી છે. બેઠાડું આરામપ્રિય જીવન અટકાવો, દિવસ ઉંઘવાનું બંધ કરો, જીભ પર અંકુશ અર્થાત્ આહારમાં મનભાવતા ભોજન, માંસ, મિઠાઈ, ફરસાણ, દારૂ, ચા, ચોકલેટ, બીડી-તમાકુ, સિગારેટ, બ્રેડ, બિસ્કિટ તથા આથેલા આહારમાં ધરખમ ઘટાડો કરો. દરરોજ એકાદ કલાક ચાલો તથા પરિશ્રમવાળું (શારીરિક) કાર્ય કરો. ભોજન દરમ્યાન ઉશ્કેરાટ, ચિંતા, રઘવાટ, ક્રોધ, ભય તથા માનસિક તણાવમાં ન રહેવું, પરંતુ પ્રસન્ન ચિત્ત, હસવું, સંગીત સાંભળવું, બાળકો સાથે ગમ્મત સાથે ભોજનની આદત પાડો. નોકરિયાત હોય તો પણ સ્ત્રીઓએ કેટલાક ઘરકામ જ કરવા, ઝાડુ વાળવું, પોતા કરવા, ઘરમાં ઝાપટઝુપટ, વાસણ ઉટકવા, કપડાં ધોવા-સૂકવવા-સંકેલવા, ઈસ્ત્રી કરવી, શાકભાજી ફળફળાદિ ખરીદવા જાતે જવું જેવા થોડા થોડા કામ પણ સ્ત્રીઓને માટે શરીરમાં ચરબી ન વધે એ માટે ઉપયોગી છે. વારંવાર નાસ્તો કરવાની કુટેવથી બચો. રાત્રે સૂર્યાસ્ત પહેલાં ભોજન કરો. જીવનમાં નિયમિતતા અપનાવો. સ્થૂળતાના લક્ષણો જણાય કે તરત જ કુશળ આયુર્વેદ ચિકિત્સકનાં માર્ગદર્શન હેઠળ ઔષધ લો અને પથ્યપાલન કરો. બસ આટલા ઉપાયોનું પાલન કરો સ્થૂળતાથી બચો.

❁

# વરસાદ થયો સ્ટાર્ટ, છત્રી-રેઈનકોટ બન્યા સ્માર્ટ

### સ્માર્ટ રેઈન કોટ

જો તમે વરસાદની મોસમમાં તમારા માટે એક પરફેક્ટ રેઈનકોટ શોધી રહ્યા છો, તો સ્માર્ટ રેઈનકોટ તમારા માટે એક ઉત્તમ વિકલ્પ સાબિત થઈ શકે છે. આ સ્માર્ટ રેઈન કોટ મોબાઈલથી કનેક્ટ થાય છે. જ્યારે વરસાદ પડે ત્યારે તેની આગળ એક ઓટો ઝિપ હોય છે. જે વરસાદ પડતાં આપોઆપ બંધ થઈ જાય છે. પરંતુ આ માટે તમારે મોબાઈલ એપથી કમાન્ડ આપવા પડશે. ત્યારબાદ તે આખા શરીર પર આપોઆપ ફીટ થઈ જાય છે. આ રેઈન કોટ બાળકો અને મહિલાઓ માટે પણ ઉપલબ્ધ છે.

### એલઈડી લાઈટ વિથ ટોર્ચ અમ્બ્રેલા

આ છત્રીની ખાસિયત એ છે કે તેમાં એલઈડી લાઈટ અને ટોર્ચ આપવામાં આવ્યા છે. છત્રીમાં ઈન્સ્ટોલ કરેલી લાઈટ બેટરીથી ચાલે છે. જેમાં વોટરપ્રૂફ શીટનો ઉપયોગ કરવામાં આવ્યો છે અને તે યુવી પ્રોટેક્શન સાથે આવે છે. રાત્રે વરસાદમાં આ છત્રીની એલઈડી લાઈટ ચાલુ કરવાથી તે સામેની વ્યક્તિને પણ એલર્ટ કરે છે. તે જ સમયે, પ્રકાશને કારણે, છત્રી એકદમ આકર્ષક પણ લાગે છે.

### બ્લૂ ટૂથ અમ્બ્રેલા

આ બ્લૂટૂથ કનેક્ટિવિટી સાથેની છત્રી છે. તેમાં બ્લૂટૂથ સ્પીકર છે. એટલે કે સંગીત સાથેની આ છત્રી વરસાદમાં આનંદ આપશે. છત્રીની સાઈઝ કોમ્પેક્ટ અને વજન ૫૦૦ ગ્રામથી પણ ઓછું છે જેના કારણે તેને લેપટોપ, કારના ગ્લોવ બોક્સ અથવા બેગમાં સરળતાથી રાખી શકાય છે. આ છત્રી સિંગલ બટનથી આપોઆપ ખુલે છે અને બંધ થાય છે. તેમજ જોવામાં સ્ટાઈલિશ હોવાથી યંગસ્ટર્સની ફેવરિટ બની રહી છે.

### રેઈન હેટ અમ્બ્રેલા

તમે ઘણી વખત લોકોને રમતના મેદાનમાં તડકાથી બચવા માટે ટોપી છત્રી પહેરતા જોયા હશે. જો કે, રેઈન હેટ અમ્બ્રેલા તદ્દન અલગ છે. તેની ડિઝાઈન શિયાળાથી બચવા માટે મંકી





કેપ જેવી છે. જેમાં ખભાની ઉપર તે છત્રીની જેમ ખુલે છે. આ પ્રકારની છત્રી વડે કમરથી ઉપરનો વિસ્તાર ભીનો થવાથી બચાવી શકાય છે, પરંતુ સંપૂર્ણપણે ભીના થવાથી બચી શકાશે નહીં. છતાં લોકોને તેના આકર્ષક દેખાવનું ઘેલું લાગ્યું છે.

### રેઈન શૂઝ

વરસાદમાં શૂઝ ખરાબ થવાની શક્યતા વધુ હોય છે, જેથી ખાસ ચોમાસાને ધ્યાનમાં રાખીને રેઈન શૂઝ પણ લોન્ચ કરવામાં આવ્યા છે. આ શૂઝને મોબાઈલ એપ સાથે કનેક્ટ કર્યા પછી આપોઆપ કડક અને ઢીલા કરી શકાય છે. આ શૂઝ પીવીસી, પોલિએસ્ટર મટિરિયલમાંથી બનેલા છે. અમ્બ્રેલા શૂઝ તરીકે ઓળખાતા આ શૂઝ લોકપ્રિય થઈ રહ્યાં છે.

### મોબાઈલ કવર

મોબાઈલ ફોન આજે તમામ વર્ગના લોકોની પહેલી જરૂરિયાત બની ગયો છે. જો કે વરસાદમાં મોબાઈલને સાચવવો ખરેખર અઘરો થઈ જાય છે. ત્યારે મોબાઈલ ફોન માટે વોટરપ્રૂફ ટ્રાન્સપરન્ટ ટચ સેન્સિટિવ પાઉચ કવર બજારમાં મળતાં થયા છે. જેની મજબૂત સીલિંગને કારણે પાણી કે ભેજની ચિંતા કર્યા વિના વરસાદમાં પણ મોબાઈલનો ઉપયોગ કરી શકાશે.

### અમ્બ્રેલા વિથ ફેન

આ છત્રી એવા લોકો માટે છે જેમને થોડી વધારે ગરમી લાગે છે. ખરેખર, આ છત્રીમાં એક પંખો આપવામાં આવ્યો છે. એટલે કે, વરસાદની સાથે જ ઉનાળામાં પણ રાહત આપે છે. પંખાને ચલાવવા માટે બેટરી છે. છત્રીમાં નાયલોનની સીટનો ઉપયોગ કર્યો હોવાથી તે સંપૂર્ણપણે વોટરપ્રૂફ છે. જેથી લોકો બંને ઋતુ માટે તેના પર પસંદગી ઉતારી રહ્યાં છે.

# લાલ મરચાં : ડાયાબીટીસને નિયંત્રણમાં રાખવાનો સ્વાદિષ્ટ ઉપાય

■ ઉમેશ ઠક્કર

નાઈટશેડ પરિવાર સોલેનેશી સાથે સંબંધ ધરાવતા મરચાં ભારતના દરેક રસોડામાં સ્થાન ધરાવે છે અને તેના તીખા સ્વાદ માટે જાણીતા છે. મરચાંમાં એક મુખ્ય સક્રિય સંયોજન કેપ્સેસીન હોય છે જેમાં ડાયાબીટીસની રોકથામ અને વ્યવસ્થાપન કરવા સહિત અનેક સ્વાસ્થ્ય લાભો છે.

ડાયાબિટીસ હોય તેવા લોકોએ ચુસ્ત ડાયટનું પાલન કરવું પડે છે. પણ મરચાં મસાલો હોવાથી તે ઓ સરળતાથી તેને કોઈપણ વાનગીમાં ઉમેરી શકે છે. તાજેતરના અભ્યાસોમાં જણાયું છે કે મરચાં ડાયાબિટીસના દર્દીઓ માટે ઉત્તમ છે અને ડાયાબીટીસને નિયંત્રિત કરવા માટે તેને આહારનો નિયમિત ભાગ બનાવવા જોઈએ. તેમાં રહેલા ક્રોમિયમ અને મેગ્નેશિયમ બ્લડ સુગરને નિયંત્રિત રાખે છે. ઉપરાંત તેમાં કેલરી અને ચરબીનું પ્રમાણ પણ ઓછું હોવાથી ડાયાબિટીસ લોકો બેફીકરપણે તેનું સેવન કરી શકે છે. તેમાં હાજર એન્ટીઓક્સિડન્ટ લાઈકોપીન બ્લડ સુગર લેવલ અને ઓક્સિડેટીવ સ્ટ્રેસને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. મરચાંમાં રહેલું ફાઈબર ટાઈપ ટુ ડાયાબિટીસ સામે પૂરતું રક્ષણ આપે છે.

ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ ટેકનોલોજીના વૈજ્ઞાનિકોએ મરચાંની એન્ટિહાયપરગ્લાયકેમિક અને એન્ટિહાયપરલિપિડેમિક અસર માટે વિશ્લેષણ કર્યું છે અને પ્રોત્સાહક પરિણામો મળ્યાં છે.

અમેરિકન ડાયાબિટીસ એસોસિએસન અનુસાર, મરચાંને સ્ટાર્ચ વગરની શાકભાજી માનવામાં આવે છે, જેનો અર્થ છે કે મરચાંમાં જોવા મળતા મોટાભાગના કાર્બોહાઈડ્રેટ્સ ફાઈબરના રૂપમાં હોય છે. તેમાં સ્ટાર્ચ ન હોવાથી ડાયાબીટીક લોકો બેફીકરપણે તેનું સેવન કરી શકે છે.

ઈરાની જર્નલ ઓફ બેઝિક મેડિકલ સાયન્સમાં પ્રકાશિત થયેલા અભ્યાસ મુજબ, લાલ મરચાં અને કેપ્સેસીન મેટાબોલિક સિન્ડ્રોમ અને ડાયાબીટીસ જેવા રોગોને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે લાલ મરચાં અનેક પ્રકારના છે. મરચાંનું સેવન ડાયાબિટીસ સાથે કેવી



રીતે સંકળાયેલું છે તેનો અભ્યાસ કરવો જરૂરી છે.

**ઓટોઈમ્યુન ડાયાબીટીસ સામે રક્ષણ આપે છે.**

સમગ્ર વિશ્વમાં ઓટોઈમ્યુન બીમારીમાં ટાઈપ ૧ ડાયાબીટીસ સૌથી વધુ પ્રચલિત છે. ટાઈપ ૧ ડાયાબીટીસ રોગપ્રતિકારક યંત્રણાનો ભાગ રહેલા એવા ટી-સેલ્સથી પ્રભાવિત થાય છે. એનાથી શરીરમાં ઓટોઈમ્યુન રીએક્શન સર્જાય છે અને શરીર સ્વાદુપિંડના પોતાના જ કોષો પર હુમલો કરીને ઈન્સ્યુલીનના ઉત્પાદનમાં અવરોધ ઊભો કરે છે. મૌખિક રીતે સેવન કરવામાં આવતા કેપ્સેસીનમાં રોગપ્રતિકારક ગુણધર્મો હોય છે. આ મહત્ત્વપૂર્ણ સંયોજન સ્વાદુપિંડની લસિકા ગાંઠોમાં ઓટોઈમ્યુન પ્રતિક્રિયાઓને દબાવને ટાઈપ ૧ ડાયાબીટીસ થતું અટકાવવામાં મદદ કરી શકે છે.

**ડાયાબીટીસ હોય તેવી સગર્ભા મહિલાઓ માટે લાભદાયક**

સગર્ભાવસ્થા દરમ્યાન ડાયાબીટીસ એટલે કે જેન્ટેશનલ ડાયાબીટીસ (જીડી) માતા અને બાળક બંને માટે જોખમકારક સાબિત થઈ શકે છે. માતાઓમાં તે પ્રિક્લેમ્પસિયાનું જોખમ વધારી શકે છે જ્યારે બાળકોમાં અકાળ જન્મ, મૃત જન્મ, બાળકને મોટી ઉંમરે ડાયાબીટીસનું જોખમ તેમજ મૃત્યુનું પણ કારણ બની શકે છે. જીડી ધરાવતી ૪૨ સગર્ભા મહિલા પર કરાયેલા એક અભ્યાસ અનુસાર તેમને કેપ્સેસીન ધરાવતા મરચાંના સપ્લીમેન્ટ આપવાથી ભોજન પછી ગ્લુકોઝના સ્તરમાં વધારો અને ઈન્સ્યુલીન તેમજ કોલેસ્ટેરોલના સ્તરમાં

સુધારો થયો હતો. એનાથી બાળકને મોટી ઉંમરે ડાયાબીટીસનું જોખમ ઘટી શકે છે.

**કેપ્સેસીન ગ્લુકોઝ હોમીયોસ્ટેસીસ જાળવી રાખે છે.**

એક અભ્યાસમાં કેપ્સેસીન અને ગ્લુકોઝ હોમીયોસ્ટેસીસને સુધારવામાં અને ડાયાબીટીસનું જોખમ ઘટાડવામાં તેની ભૂમિકા વચ્ચેના સંબંધ પર પ્રકાશ નાખવામાં આવ્યો છે. ગ્લુકોઝ હોમીયોસ્ટેસીસ એટલે બ્લડ ગ્લુકોઝનું સ્તર જાળવવામાં શરીરમાં ઈન્સ્યુલીન અને ગ્લુકેગન વચ્ચેનું સંતુલન.

ટીઆરપીવી ૧ કેપ્સેસીન રીસેપ્ટર છે જે ઓક્સિડેટીવ તણાવ, બળતરા અને પીડાની સંવેદના સંબંધિત તેની પ્રવૃત્તિઓ માટે જાણીતું છે. એક અભ્યાસમાં જણાયું છે કે કેપ્સેસીન યુક્ત મરચાંનું સેવન આ રીસેપ્ટરોને સક્રિય કરી શકે છે. જે ઈન્સ્યુલીન પ્રતિકાર, કોલેસ્ટેરોલના સ્તર અને સોજો તેમજ બળતરા પર કાબુ મેળવીને ડાયાબીટીસનો સામનો કરવામાં મદદ કરે છે.

**સ્થૂળતા સંબંધિત ડાયાબીટીસનું જોખમ ઘટાડે છે**

ડાયાબીટીસ થવા પાછળ સ્થૂળતા એક મહત્ત્વનું કારણ છે. એક અભ્યાસ મુજબ કેપ્સેસીનયુક્ત ખોરાકનું સેવન સ્થૂળતાને અટકાવે પણ છે અને તેમાં ઘટાડો પણ કરે છે. સ્થૂળ અથવા વધુ વજન ધરાવતા લોકો લાંબા ગાળા સુધી કેપ્સેસીન યુક્ત મરચાંનું સેવન કરે તો તેમને વજન સંબંધિત સકારાત્મક પરિણામ મળી શકે છે. મરચાં સહેલાઈથી અન્ય વાનગીઓમાં સામેલ થઈ શકતા હોવાથી તેનું લાંબા ગાળા સુધી સેવન કરવું સરળ છે. વજનમાં ઘટાડો થવાથી સ્થૂળતા સંબંધિત ડાયાબિટીસનું જોખમ ઘટી જાય છે.

**ડાયાબીટીસમાં મરચાંથી થતું નુકસાન**

દરેક બાબતની જેમ સારી નરસી બંને બાજુ હોય છે, તેમ કેટલાક અભ્યાસમાં વધુ પ્રમાણમાં મરચાંનું સેવન કરવાથી ડાયાબીટીસમાં થતા નુકસાન સામે પણ લાલબત્તી ધરવામાં આવી છે. લાલ મરચાંમાં વધુ માત્રામાં રહેલું વિટામીન સી ખોરાકમાંથી વધુ પ્રમાણમાં આયર્નનું શોષણ કરે છે અને લાલ રક્ત કણોની સંખ્યા વધારી નાખે છે. શરીરમાં આયર્નની વધુ માત્રા નબળા રીએક્ટીવ ફ્રી રેડિકલ્સ વધુ પ્રમાણમાં સક્રિય કરે છે અને સ્વાદુપિંડના કોષો સહિત અન્ય કોષોને થતા ઓક્સીડેટિવ નુકસાનમાં વધારે કરે છે. એનાથી ઈન્સ્યુલીનના સ્ત્રાવમાં સમસ્યા સર્જાય છે અને ઈન્સ્યુલીનના પ્રતિકારની સ્થિતિ ઉત્પન્ન થાય છે. આથી ડાયાબીટીસ હોય તેવા લોકો તેમજ ડાયાબીટીસનું જેમના પર વધુ જોખમ હોય તેવા લોકોમાં મરચાંનું વધુ પ્રમાણમાં સેવન કરવાથી સમસ્યા સર્જાઈ શકે છે. ઉપરાંત મરચાંનું વધુ માત્રામાં સેવન કરવાથી મોઢામાં ચાંદા તેમજ આંતરડામાં પીડા, ઝાડા, બળતરા અને પેટ ફૂલવાની સમસ્યા થઈ શકે છે. ઈરિટેબલ બાવેલ સીન્ડ્રોમથી પીડાતા લોકોમાં મરચાંનાં સેવનથી સમસ્યા વકરી શકે છે.

યાદ રહે કે ડાયાબીટીસને રોકવા અને તેને નિયંત્રણમાં રાખવા માટે મરચાં સહાયક જરૂર છે, પણ તે એક મસાલો હોવાથી તેની માત્રામાં પ્રમાણભાન રાખવું જરૂરી છે. વળી કેટલાક લોકોને મરચાંની એલર્જી પણ હોય છે. આથી વધુ માત્રામાં સેવન કરવું હોય તો ડૉક્ટરની સલાહ જરૂર લેવી.

❁

**"તમે કોને મળશો?"**
**એ તમારો સમય નક્કી કરશે**
**અને**
**"તમારા જીવનમાં કોણ આવશે?"**
**એ તમારું હૃદય નક્કી કરશે,**
**પણ**
**"તમારા જીવનમાં કોણ રહેશે?"**
**એ તમારું વર્તન નક્કી કરશે.**


॥ શ્રી ગણેશાય નમઃ ॥ ફોન ઘર : ૨૪૦૯૨૦૪૩/૨૪૦૭૬૪૧૮

**શ્રી ઓધવાનંદ જ્યોતિષ મંગલ કાર્યાલય**

સંચાલક : રાજગુરુ હિંમતલાલ ઉત્તમરામ મોતા, જ્યોતિર્વિદ, બી.એ.એસ. - મો.-૯૩૨૨૧૦૩૪૪૫ રાજગુરુ હરેશ હિંમતલાલ મોતા, જ્યોતિર્વિદ, બી.કોમ.-મો.-૯૩૨૪૩૯૯૫૭૫ - રાજુભાઈ મો. : ૯૩૨૪૫૨૭૪૨૭ - સચીન મો. : ૯૯૩૦૩૭૨૪૬૨ જન્માક્ષર, વાસ્તુ, ગૃહપ્રવેશ, લગ્ન મુહુર્ત તથા અન્ય મુહુર્તો, લગ્ન રજીસ્ટર્ડ વિધી, જૈન લગ્ન વિધી, રાશી મેળાપક, લગ્ન વિધી, ધાર્મિક કર્મકાંડ, વૈદિક મંત્ર જાપ, જયેષ્ઠનક્ષત્ર, મૂળનક્ષત્ર, આશ્લેષનક્ષત્ર, વૈધૃતિયોગ, વ્યતિપાતયોગ, વદી ૧૪ અમાવાસ્ય ભારી વેરાઘડી શાન્તીપૂજા વગેરે ક્રિયાઓ કરનાર. ચંડીપાઠ, નવચંડી, શિવરૂદ્રાભિષેક, સત્યનારાયણ મહાપૂજા, કુંભ વિવાહ, અર્કવિવાહ, વિષ્ણુ વિવાહ, ભૂમિ પૂજન, નવગ્રહ શાંતી, નવગ્રહ જાપ, નવગ્રહ રત્ન સિધ્ધિ તથા જાપ, યંત્ર સિધ્ધિ પૂજા કરનારા.

૨૮૨/૪, સેવાકુંજ, જયશંકર યાજ્ઞીક માર્ગ, હિમાલય હોટલ પછી, સન્મુખાનંદ હોલની બાજુમાં, જનતા અને મેઘદૂત સ્ટોરની બાજુમાં, સાયન, મુંબઈ-૪૦૦૦૨૨.

# હમ તો મોત કે ઘર ભી,
# બિના બુલાયે નહીં જાતે - ગુલાબચંદ ધારશી

**મા**નવી જયારે કશુંક કરીને સિધ્ધિ પ્રાપ્ત કરે છે, અને ઈતિહાસના પાને તેની નોંધ લેવાય છે, ત્યારે પાછળની સાત પેઢી અને આગળની સાત પેઢીને અજવાળે છે. પોતાની જન્મ-ભૂમિ અને કર્મભૂમિને અચૂક અજવાળી સમાજને તેજની એક આભા બક્ષે છે. કચ્છ રચના પરિવારના ગુલાબચંદ ધારશી રાંભિયા (નાના ભાડિયા) તા.૧૨-૭-૨૦૨૩ના રોજે મૃત્યુ પામીને એક જીવંત યાદ રૂપે જીવીને આપણને ઘણું આપી ગયાં છે. આમે ધર્મગુરુઓના મુખમાંથી સરી પડેલાં શબ્દો જન્મીને મરી જતા હોય છે, જયારે લેખકોના શબ્દો જીવંત રહીને યુગેયુગ સુધી માનવ ચેતનાને જગાડતા હોય છે. રવીન્દ્રનાથ ટાગોરે શિક્ષણ ક્ષેત્રે આપેલ પ્રદાન વિષે વિચારીએ અને એમની કવિતાઓ અને સાહિત્ય વિષે મૂલ્યાંકન કરીએ, ત્યારે આ હકીકત વધુ સ્પષ્ટ બને છે.

એ કહેવાની જરૂર નથી કે કચ્છ રચનાના વિકાસમાં ગુલાબચંદભાઈનો અમૂલ્ય ફાળો છે. દર વર્ષે કચ્છ રચના પર્યુષણ વિશેષાંક પ્રગટ કરે છે અને તેનું સંપાદન કાર્ય ગુલાબચંદભાઈ એકલે હાથે કરીને જૈન સમાજને ઘણું જ્ઞાન પીરસ્યું છે. નવકાર મંત્ર વિશેષાંક (૨૦૦૬), શત્રુંજય તીર્થ વિશેષાંક (૨૦૧૧), ભક્તામર વિશેષાંક (૨૦૦૭), સમેત શિખર વિશેષાંક (૨૦૧૨), ગીરનાર મહાતીર્થ વિશેષાંક (૨૦૧૩), ભરહેસર સજ્જાય મહાત્મય (૨૦૦૮) વગેરે ઘણા વિશેષાંકો ગ્રંથની ગરજ સારે એવા રહ્યાં છે. આપણા જૈન સમાજમાં સાહિત્યક સમીક્ષકો બહુ ઓછા છે, એટલે અખબારોમાં સ્વીકાર નોંધો પ્રગટ થાય છે અને નવોદિત સાહિત્યકારો દ્વારા સર્જાતું સાહિત્યની યોગ્ય નોંધ લેવાતી નથી અને સાહિત્યકારોને પ્રોત્સાહન મળતું નથી. પણ ઈતિહાસનો પ્રવાહ આપમેળે યોગ્ય સાધનો પેદા કરે છે, તેવો કાર્લ માર્કસના મતનો આધાર લઈએ,



તો ગુલાબચંદભાઈના સાહિત્ય સર્જનની નોંધ ઈતિહાસ લેશે, એ વિષે કશી શંકા નથી.

ગુલાબચંદભાઈ M.A. વીથ સાયકોલોજી અને એલએલબી સુધી અભ્યાસ કરીને લેખન-પ્રવૃત્તિ શરૂ કરી હતી અને ઘરમાં એક સમૃદ્ધ લાયબ્રેરી ધરાવતાં હતાં. ગુલાબચંદભાઈએ પ્રકૃતિ સાથે તાદાત્મ્ય સાધીને જીવનશૈલી અપનાવી હતી, એટલે જીવન સામે કદી પણ ફરિયાદ કરી ન હતી. તેમને મૃત્યુ ડરાવી શક્યું ન હતું, એટલે થોડા વર્ષો પહેલાં તેઓ મજાકને મજાકમાં હું ૭૬ વર્ષે અંતિમ શ્વાસ લઈશ અને પ્રભુ ધામે જઈશ. બરાબર ૭૬ વર્ષે તેઓ મૃત્યુ પામ્યાં.

આપણે તેમના કાર્યો-સિદ્ધિને ભાવભરી અંજલી આપીએ અને તેમના પરિવારને આ વસમી વિદાય સહન કરવાની શક્તિ આપે, એવી ઈશ્વર પાસે પ્રાર્થના કરીએ. અસ્તુ.

**"કચ્છ રચના" પરિવાર**

# સમાચાર વિભાગ

# બૃહદ કચ્છ વર્તમાન

**સંપાદક : ભાવેશ કુરિયા**

## બિદડા ખાતે ટી.સી.એમ. પધ્ધતિથી સાંધાના દુઃખાવાનો કેમ્પ યોજાયો

બિદડા સર્વોદય ટ્રસ્ટ ખાતે પ્રથમ વખત ટી.સી.એમ. પધ્ધતિ દ્વારા સાંધાના દુઃખાવાના રાહત માટે કેમ્પ યોજવામાં આવ્યો હતો. જેમાં મુંબઈના ટી.સી.એમ. માસ્ટર ડૉ.રશ્મિન કેનિયાએ ૧૦૦ દર્દીઓની ટ્રેડિશનલ ચાઈનીઝ મેથડ દ્વારા સારવાર કરી હતી. ઘૂંટણ, ખભા, ગરદન, એડી, કાંડા, કોણી, પગની ઘૂંટી, હીપ, સાઈટીકા, પીઠ અને સ્લીપ ડિસ્ક વગેરે દુઃખાવાથી રાહત મેળવવા માટે સારવાર કારગર નીવડી છે અને વિશ્વની સૌથી ઝડપી પેઈન રિલીફ પધ્ધતિ છે. યુ.એસ.આર્મી દ્વારા આર્મીના જવાનો માટે આ ટી.સી.એમ. પધ્ધતિનો ઉપયોગ કરી તેમની સારવાર કરવામાં આવે છે. આ કેમ્પ ઉપરાંત ટ્રસ્ટ ખાતે સ્પાઈન સર્જરી કેમ્પ પણ યોજાયો હતો, જેમાં અમદાવાદની સેલ્બી હોસ્પિટલનાં સ્પાઈન સર્જન ડૉ.વિશાલ બૌઆએ કમરના દુઃખાવાના ૧૩ દર્દીઓની તપાસણી કરી યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. સ્વયંસેવક તરીકે પોપટભાઈ ગાલા, અમૃતભાઈ મારૂ અને કેતનભાઈ ગાલાએ સેવાઓ આપી હતી. બિદડા સર્વોદય ટ્રસ્ટના સર્વે ટ્રસ્ટીઓએ ડૉ.વિશાળ બૌઆ અને ડૉ.રશ્મિન કેનિયાનો આભાર વ્યક્ત કર્યો હતો.

## ભુજના યુવાને પિતાને અનોખી અંજલિ આપી

પોતાના પિતા સ્વ.મહાભાઈ રુશીકાન્ત વોરાના અવસાન પછી તેમને અંજલિ આપવા માટે ભુજના યુવા લેખક મિહિર મહાભાઈ વોરાએ સ્વ નિર્ભર લેખક અને સ્વ નિર્ભર પ્રકાશન હેઠળ પોતાની માતાના નામ મિહિર જાગૃતિ વોરાના નામ સાથે આ પુસ્તકો લખવાની શરૂઆત કરી હતી.

કુલ ૩ ભાષા જેમાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં સાહિત્યના દરેક પુસ્તક ઓછામાં ઓછા ૪૦ પાનાંના દરેક વિષય જેવા કે બાળ સાહિત્ય, ટૂંકી વાર્તા, નવલિકા, નિબંધ, વિવેચન, કલા, વિજ્ઞાન, શિક્ષણ, ધાર્મિક સાહિત્ય, પશુ-પક્ષી વિજ્ઞાન, સામાન્ય જ્ઞાન, ભારતની આઝાદીનો ઈતિહાસ, ભૂગોળ, સામાજિક પ્રશ્નો, ભારત, ગુજરાત, કચ્છની સંસ્કૃતિ, રસોઈ વિજ્ઞાન, ભારત ગુજરાત, કચ્છના જાણીતા વ્યક્તિ વિશેષ, પ્રવાસનના અલગ અલગ રંગીન ચિત્રો સહિત કુલ ૧૭૦ પુસ્તકો આઈ.એસ.બી.એન નંબર સાથે આંતરરાષ્ટ્રીય ભારતીય પ્રકાશન નોશન પ્રેસ ચેન્નાઈ અને પેન્સિલ પ્રકાશન મુંબઈ હેઠળ પ્રકાશિત કર્યા છે. નોશન પ્રેસ એ ચેન્નાઈ અને પેન્સિલ પ્રકાશન મુંબઈમાં ભારતીય સ્વ-પ્રકાશન કંપની છે. આ તમામ પુસ્તકોનું વિમોચન લેખકે જાતે સ્વનિર્ભર કરીને સાહિત્યજગતમાં એક નવી પહેલને આવકાર આપ્યો છે અને યુવા લેખકને જણાવ્યું છે કે પુસ્તક પ્રકાશન અને તેના વિમોચનનો જે ખર્ચો થાય છે તેને પોતાના પુસ્તક વિતરણમાં કરવાથી લેખકનો મોટો ફાયદો થાય તેમ છે. આ તમામ પુસ્તકોની પ્રિન્ટ કોપી અને ડિજિટલ ઈ કોપી તમામ વાચકો માટે નોશન પ્રેસ, અમેઝોન, ફ્લિપકાર્ટ, પેન્નસિલ, શોપસી, ઈબે જેવી ઓનલાઈન બજાર ઉપર રાહત દરે ઉપલબ્ધ છે. તમામ સાહિત્ય પ્રેમી લોકો આ પુસ્તકનો લાભ લે તેવી લેખકે અપીલ કરી છે.

## કચ્છના દંપતીએ ૩૩૦૦થી વધુ સર્પ પકડીને કરી છે સેવા

મોટી વિરાણી પર્યાવરણ માટે સર્પ અત્યંત મહત્ત્વનો જીવ છે. પરંતુ તેને લઈને લોકોમાં ડર ફેલાયેલો છે. અનેક દંતકથાઓ પણ અસ્તિત્વમાં છે. આવામાં ઘણા લોકો ડરના માર્યા સાપને મારી નાખે છે. સર્પને બચાવવા તથા તેમને

લગતી ગેરમાન્યતા દૂર કરવામાં નખત્રાણાનું શિક્ષક દંપતી મહત્ત્વની સેવા બજાવી રહ્યું છે. આ દંપતીએ અત્યાર સુધી ૩૩૦૦થી વધુ સર્પને પકડી સલામત સ્થળે મુક્ત કર્યા છે.

મૂળ પોરબંદરના હાલે નખત્રાણાની ગણેશનગર પ્રાથમિક શાળામાં ગણિત, વિજ્ઞાનના શિક્ષક એવા આશિષ કારાવાદરા તથા તેમના પત્ની હિરલબેન સાપ પકડવામાં માહિર છે. આ દંપતી આજુબાજુના વિસ્તારમાં સરિસૃપોની બચાવ કામગીરી કરે છે.

આશિષભાઈએ કહ્યું હતું કે, તેમને નાનપણથી સાપ પકડવાનો શોખ હતો. ઉપરાંત નેશનલ જિયોગ્રાફી તથા ડિસ્કવરી જેવી ટીવી ચેનલો પર આવતા જુદા જુદા કાર્યક્રમોથી પ્રભાવિત થઈને તેમને સરિસૃપોને પકડવાનો શોખ જાગ્યો. કચ્છમાં છેલ્લા આઠેક વર્ષથી તેઓ આ કાર્ય કરે છે. તેમણે અત્યાર સુધી ૩૦૮૨, જ્યારે તેમના પત્નીએ ૩૦૦થી વધુ સર્પને પકડીને બચાવ્યા છે.

તેઓ કહે છે, સાપને મારો નહીં અમને જાણ કરો. તેઓ એક ફોન માત્રથી ૪૦ કિ.મી.ના વિસ્તારમાં પહોંચી જઈને સાપને પકડે છે તથા સલામત સ્થળે છોડી દે છે. તેમના આ અભિયાનમાં તેઓ મફત સેવા આપે છે. સિવાય કે સ્થળ દૂર હોય તો પેટ્રોલનો ખર્ચ તેઓ લે છે. પકડતી વેળા જો સાપ ઈજાગ્રસ્ત થાય તો તેની સારવાર પણ તેઓ કરાવે છે.

## કચ્છી બાળકની માર્શલ આર્ટ્સમાં નોંધપાત્ર સિધ્ધિ

ઘાટકોપર વેસ્ટરમાં રહેતા કચ્છી ખુશ સુનિલ રતડા (ભાનુશાલી) એ ૧ મિનિટમાં ૧૦૦ સાઈડ ટુ સાઈડ લંગ્સ સિટ અપ્સ સફળતાપૂર્વક પૂર્ણ કરીને અનોખો વિક્રમ નોંધાવ્યો છે. તે બાર વર્ષની નીચેનો માર્શલ આર્ટ ખેલાડી છે અને પવઈની એસએમ શેટ્ટી હાઈસ્કૂલ જુનિયર કોલેજના ધોરણ ૬માં ભણે છે. તે સુનિલ લેંગરેના માર્ગદર્શન હેઠળ માર્શલ આર્ટની ટ્રેનીંગ લઈ રહ્યો છે. વર્લ્ડ રેકોર્ડ બુક ઓફ ઈન્ડિયાના વરિષ્ઠ પ્રતિનિધિઓ સુષ્મા નાર્વેકર અને સંજય નાર્વેકર દ્વારા તેને મેડલ અને પ્રમાણપત્ર આપીને સન્માનીત કરવામાં આવ્યો હતો. કચ્છના અબડાસા જિલ્લાના તેરા ગામનો વતની અને હાલ ઘાટકોપરના વેપારી સુનિલ ભાનુશાલીએ જણાવ્યું કે ખુશ છેલ્લા ૫ વર્ષથી કરાટેની ટ્રેનીંગ લે છે. મીતા ભાનુશાલીએ કહ્યું કે, મારા બંને દીકરા દક્ષ અને ખુશ માર્શલ આર્ટસમાં ટ્રેઈનીંગ લઈ રહ્યા છે. પરંતુ ખુશે સફળતા મેળવી અમારા પરિવાર અને સમાજનું ગૌરવ વધાર્યું છે.

સુષ્મા નાર્વેકર અને સંજય નાર્વેકર વિવિધ ક્ષેત્રોના ઉમેદવારોને મંચ આપવા મહેનત કરી રહ્યા છે. મોબાઈલ અને સોશિયલ મીડિયાના વ્યસની આ પેઢીને આ એક સંદેશ છે કે પોતાનો કિંમતી સમય અન્ય જગ્યાએ વિતાવવાને બદલે તેઓ પોતાની આવડત કેળવવાનો પ્રયાસ કરે અને તેમાંથી એક ઓળખ ઉભી કરે છે.

## કોઠારાની ધમધમતી મુખ્ય બજાર હવે બની સૂમસામ

અબડાસા તાલુકાના આ ગામે અનાજના ભંડારો હશે એટલે તેના કોઠાર એટલે કોઠારા એમ કહેવાતું. પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે. ગામની એક સમયે ધમધમતી મુખ્ય બજાર અત્યારે ભેંકાર ભાસી રહી છે.

૧૫ વર્ષ પહેલાં મુખ્ય બજારની દુકાનોમાં ગ્રાહકોની લાઈન લાગતી. આ વિસ્તારમાં દેના બેંક, લાયબ્રેરી પણ હતી. અનાજ, રસકસ, તૈયાર વસ્ત્રો, સોના-ચાંદીની દુકાનો પણ બજારમાં હતી. આસપાસના ગામડાના લોકો કોઠારાની આ બજારમાં ખરીદી માટે ઊમટતા.

ધીમે ધીમે આ ગ્રાહકો ઘટવા માંડી, હવે તો વારે-તહેવારે





Greeting Cards

| | |
|---|---|
| Books, Music, Movies | Watches, Clocks, Electronics |
| Photo Albums, Photo trames | Fine Writing Pens, Stationeries |
| Ties, Wallets, Belts, Cufflinks | Ceramlcs, Crystals, Stonewares |
| Perfumes, Cosmetics, Jewelery, Leather Bags | Posters, Prints, Frames |
| Plants, Murals, Handicrafts | Lamps, Water-fountains, Name-plates |
| Trophies, Plaques, Awards | Games, Toys |

Satyam Collection

When you want to express your emotions

J.Tata Road, Nr.Eros, Churchgate, Mumbai. P : 22854703 / 04 - C : 9820596961
Ghantali, Vishnu Nagar, Thane (W). P : 25408714 / 25424224
e : info@satyamcollection.com

પણ ગ્રાહકો દેખાતા નથી. પરિણામે ૧૫ વર્ષ પહેલાં જ્યાં ૭૦ જેટલી દુકાન ધમધમતી હતી ત્યાં હવે આઠેક દુકાન જ ખૂલી જણાય છે.

અહીંના વેપારી કિશોરભાઈ ઠક્કરે જણાવ્યું હતું કે, પહેલાં અહીં લોકોની આવ-જા રહેતી અને તહેવારોમાં ભીડભાડ જોવા મળતી. રોજ સવારે અહીંના ચોકમાં ટ્રાન્સપોર્ટ મારફતે આખા ગામના વેપારીઓનો માલ આવતો. વેપારીઓ એ માલ અહીંથી લઈ જતા, સવારથી સાંજ સુધી લોકોની આવ-જા ચાલુ જ રહેતી. એ બાબત આજે ભૂતકાળ બની ગઈ છે. અત્યારે ગામની આગળ બહારી વિસ્તારમાં નવી દુકાનો બની જતાં બજારમાં ગ્રાહક ઘટવા માંડ્યા. અહીંના વેપારીઓએ પણ પછી બહાર દુકાનો શરૂ કરી જેને લઈને મુખ્ય બજાર સૂમસામ બની ગઈ છે.

## વાગડમાં વૃક્ષો વાવીને રણને આગળ વધતું અટકાવાયું

ખારાપટ્ટ ધરાવતા વાગડ વિસ્તારમાં ખારાશ ઘટાડવા માટે વન વિભાગની દક્ષિણ નોર્મલ રેન્જ દ્વારા મોટા વિસ્તારમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. આ પ્રકલ્પને સારી સફળતા મળી છે.

કચ્છ વન વિભાગના મુખ્ય વન સંરક્ષક વી.જે.રાણા અને પૂર્વ કચ્છના ડી.સી.એફ ગોવિંદસિંહ સરવૈયાના માર્ગદર્શન હેઠળ રાપર વન વિભાગના નોર્મલ રેન્જ દ્વારા વન પિયત વાવેતર યોજના અંતર્ગત માંજુવાસમાં ૧૦૦ હેક્ટર રણકાંઠાની જમીન ઉપર વાવેતર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દક્ષિણ રેન્જના આર.એફ.ઓ સતિષ જેઠાના જણાવ્યા પ્રમાણે માંજુવાસ, ફતેહગઢ અને આડેસર રેન્જ હેઠળના મોમાયમોરા સહિતના ચારેક કિલોમીટરના રણકાંઠાનો પટ્ટો ખારાશવાળો હતો. રણ ધીમે ધીમે આગળ વધતું હતું, ત્યારે રણને અટકાવવા માટે વર્ષ ૨૦૨૧-૨૨માં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. ૧૦૦ હેક્ટરના પ્લોટમાં લીમડા, દેશી બાવળ, ગોરાડ, લિયાર, બોરડી, હરમો, ખીજડા, વડ, ગરમાણો, રંગત રાયડો, સહિતના ૧.૭૦ લાખ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. બે વર્ષ બાદ આ વૃક્ષો ત્રણથી ચાર ફૂટ જેટલા થઈ ગયા છે.

આ વિસ્તારમાં હરણવીસ, નીલગાય, ઘુડખર, શાહુડી, મોર, ઝરખ, શિયાળ, તેતર, સસલા, લોકડી, વિચરણ કરી રહ્યા છે. વન વિભાગ દ્વારા ઘાસ ઉગાડવામાં આવ્યું છે અને કુદરતી રીતે પણ ઘાસ ઉગ્યું છે. આ ઘાસચારો અન્ય પ્રાણીઓ માટે આશીર્વાદ સમાન બની રહ્યું છે. પક્ષીઓ માટે પીલું, લિયાર સહિતના બીજવાળા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે. ઉનાળામાં પાણી માટે ગસલર પધ્ધતિથી અવાડા જમીનમાં બનાવવામાં આવ્યા છે. વાવેતર કરાયેલા વૃક્ષોના જતન માટે વનપાલ નારણ કોલી, સહયોગી બની રહ્યા છે અને રખેવાળી માટે ચોકીદારની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. ઉનાળામાં પક્ષીઓને પાણીની વ્યવસ્થા માટે નર્મદા કેનાલમાંથી ડીઝલ એન્જિન દ્વારા બે થી ત્રણ કિલોમીટર સુધી પાણી પૂરું પાડવામાં આવી રહ્યું છે. આ વિસ્તાર ભવિષ્યમાં આ વિસ્તાર અનેરો વિસ્તાર બની શકશે. તેમજ વન, રણ અને વન્ય પ્રાણીઓની માહિતી માટે શાળા કોલેજના વિદ્યાર્થીઓ માટે ઉત્તમ સ્થળ બની શકશે.

## શ્રધ્ધા સ્કૂલ અને કોલેજ માધાપર ખાતે સીએ બનવા મતે સેમિનાર યોજાવા બાબતે

જન કલ્યાણ ટ્રસ્ટ શ્રધ્ધા સ્કૂલ એન્ડ કોલેજ માધાપર ખાતે બાળકોને વ્યવસાયલક્ષી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળામાં તારીખ ૨૮ જૂન, ૨૦૨૩ના બાળકોને કેરિયર કાઉન્સિલિંગ પ્રોગ્રામ દ્વારા વ્યવસાય અંગેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્યશ્રી રીટાબેન અધ્યારુ દ્વારા તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓએ આ પ્રોગ્રામમાં ભાગ લીધો હતો. સી.એ. ચેતનાબેન ઠક્કર અને વકીલ રોનિત શાહ દ્વારા બાળકોને ધોરણ ૧૨ પછી ક્યા ફિલ્ડમાં જવું તથા સી.એ. કોર્સમાં કઈ રીતે આગળ વધવું તથા સી.એ. બન્યા પછી ક્યા ક્યા ફિલ્ડમાં જઈ શકીએ તે વિશેની માહિતી આપી હતી અને એમની ટીમ દ્વારા બાળકોને પ્રશ્નોત્તરી જેવી રમત રમાડીને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળાના ચેરમેન શ્રી પ્રીતમભાઈ ઠક્કર મેનેજિંગ ડાયરેક્ટર શ્રી મનોજભાઈ ઠક્કર ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ શાળાના શિક્ષિકા બહેનો કોમલબેન સોનેતા, દીપાબેન વેગડ, અદિતિબેન ઉપાધ્યાય, ભૂમિકાબેન ડાંગર, રીયાબેન ગોર ઉપસ્થિત રહ્યા હતા અને આભાર વિધિ અદિતિબેન દ્વારા કરવામાં આવી હતી.

## કચ્છમાં અલગ જ પ્રકારના પથ્થરનું ફોર્મેશન જોવા મળ્યું

કચ્છ તેની પ્રાકૃતિક સંપદામાં વિવિધતા સભર છે. પરિભ્રમણ પ્રેમીઓને કચ્છમાં નવી નવી જગ્યાઓ ધીરે ધીરે

જોવા મળી રહી છે. ભુજ તાલુકાના કોડકી ગામ પાસેના કોડકી ગંગાજી નજીક આવેલા ભોંયરાવાળા હનુમાન મંદિર ખાતે અલગ જ પ્રકારના પથ્થરની ફોર્મેશન ટ્રેક દરમિયાન જોવા મળી હોવાનું જાણવા મળ્યું છે. તાજેતરમાં એડવેન્ચર અનલિમિટેડ કચ્છ ગ્રુપ દ્વારા અવાર-નવાર નવી નવી જગ્યાએ ટ્રેકીંગના આયોજન કરવામાં આવતા હોય છે જે સંદર્ભે કોડકી ગંગાજી નજીક આવેલા ભોંયરાવાળા હનુમાન મંદિરે યોજાયેલા ટ્રેકીંગના આયોજનમાં અંદાજે ૫૦૫ લોકો જોડાયા હતા. આ મુલાકાતમાં કંઈક અલગ જ પ્રકારના પથ્થરની ફોર્મેશન જોવા મળી હતી, જે કચ્છમાં અન્ય કોઈ જગ્યાએ ખાસ જોવા મળતા ન હોવાનું જણાવાયું છે. આ ટ્રેકમાં ભુજ, માધાપર, આદિપુર, ગાંધીધામ, મુન્દ્રા સહિત આસપાસના ગ્રામ્ય વિસ્તારના લોકો જોડાયા હતા. કચ્છની ભૂસંપદામાં અલગ જ ફોર્મેશનના પથ્થર મળી આવવાની બાબત રિસર્ચનો વિષય મનાય છે.

## ચંદ્રયાન-૩ના કેમેરા મૂળ કચ્છીની કંપનીએ બનાવ્યા

તાજેતરમાં ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશને ચંદ્રયાન-૩ની અંતરીક્ષ યાત્રામાં મહત્ત્વની સફળતા મેળવી છે. આ ચંદ્રયાન ૪૫ દિવસ પછી ચંદ્ર સપાટીએ ઉતરશે ત્યારે અગત્યની તસ્વીર અને માહિતીઓ પૃથ્વી પર ટેકનોલોજીના કાર્ય માટે મૂળ કચ્છીની કંપની પારસ ડિફેન્સ એન્ડ સ્પેસ ટેકનોલોજીને કામ સોંપવામાં આવ્યું છે. ૮૪૪૦૦ કિમી દૂરથી ચંદ્રયાન પર ફોટા મુકવાનું કામ કરશે, જે મહત્ત્વની બાબત છે.

ચંદ્રયાનમાં અત્યાર સુધીમાં ૧૪ જેટલી કંપનીઓ પોતાની આધુનિક ટેકનોલોજીમાં નિષ્ણાંત હોવાથી તેમને કામ સોંપવામાં આવ્યું હતું જેમાં અંતરીક્ષમાં ચંદ્રયાન લેન્ડ થયા બાદ પોપ્યુલેશન મોડ્યુલ લેન્ડર અને રોવર સામેલ છે તેમાંથી લેન્ડર અને રોવર ચંદ્રની સપાટી પર ઉતરશે. રોવર શોધખોળ કરશે. જે માટે માઈક્રો અને સૂક્ષ્મ કેમેરા ચારે બાજુ મુકવામાં આવ્યા છે તે ચંદ્ર પરની તમામ ગતિવિધિઓના ડેટા અને ફોટા પૃથ્વી પર મોકલશે. જે પ્રોજેક્ટનું કામ મૂળ કચ્છની કંપનીને સોંપવામાં આવતાં ચંદ્રયાનમાં કચ્છ પણ છવાયું છે.

માંડવી તાલુકાના બિદડા ગામના બચુભાઈ રાંભીયાના સગાભાઈના પુત્ર મુંજાલની કંપની પારસ ડિફેન્સ એન્ડ સ્પેસ ટેકનોલોજી દ્વારા નેશનલ ડિફેન્સ એકેડેમી રક્ષામંત્રાલયને ડ્રોન, એન્ટીડ્રોન, સબમરીન માટે ઈલેક્ટ્રોનિક સર્કિટ સહિતની લશ્કરની અગત્યની સામગ્રી પૂરી પડાઈ રહી છે. મહારાષ્ટ્રના નેહરૂલ અને અમરનાથ ખાતે કામ ચાલી રહ્યું છે હૈદરાબાદ અને બેંગ્લોરમાં રિસર્ચ સાયન્ટિસ્ટો દ્વારા કરવામાં આવી રહ્યું છે. ૮૪,૪૦૦ કિમી દૂરથી ચંદ્રયાન પર ફોટા મુકવાનું કામ મુંબઈ ખાતે કચ્છની કંપની પારસ ડિફેન્સ એન્ડ સ્પેસ ટેકનોલોજીને મળતા ચંદ્રયાનમાં કચ્છનું નામ પણ સંકળાયેલું હોવાથી કચ્છને ગૌરવ મળ્યું છે. બિદડા ખાતે રતનવીર નેચરક્યોર સેન્ટરના ડાયરેક્ટર હેમત રાંભીયાના કાકાઈ ભાઈ નેશનલ ડિફેન્સ એકેડેમી ધરાવી રહ્યા છે.

**ટુંક સમયમાં**
**નવેમ્બર-ડિસેમ્બરમાં**
**હોમિયોપેથી વિશેષાંક**
**બહાર પડશે**


Ramesh P. Shah
M. : 9321414680

Sagar R. Shah
M. : 9833184943

**Shree Mamal Novelty**

Mfg, of Hairpins & Hair Accossoiles

A-15, Bhatiya Estate, Ganesh Nagar, Opp. Garuda Petrol Pump, Kandivali (West),
Mumbai-400 067. Maharashtra (India) - E-mail : gapu.saga@gmail.com

since 1975

MANSI textiles

Specialise in :
Fabric for girl's dresses, infant wear, women's night wear and men's shirting

101, Humar Fun'n'shop, 1st Floor, Old Hindmata Theatre, Dr Ambedkar Rd., Dadar East, Mumbai 400014

TEL : 02224114329 / 02224136151
Harakhchand Gangar : 9820032030
Kirti (Ravi) Gangar : 9967768833

MILAN textiles

Specialise in :
Exclusive fancy shirting fabric

21, Saraswati Gally, New Hindmata Cloth Market, Tata Mill Compound, Dadar East, Mumbai 400014

TEL : 02224112352 , 02224113032
Nemchand Gangar : 9821097336

APNA textiles

Specialise in :
Fancy shirting fabric

22 , Saraswati Gally, New Hindmata Cloth Market, Tata Mill Compound, Dadar East, Mumbai 400014

TEL : 02224120734
Vinod Gangar : 9321162013
Hasmukh Gada : 9320031226

Sankalp SYNTHETICS

Specialise in :
Exclusive shirting fabric

37, Kesharbaug , Dr. B. J Devrukhkar Marg, Opposite Progressive Co-op Bank, Hindmata, Dadar East, Mumbai 400014

TEL: 02224131661
Shivji Shah : 9820001312 | Sailesh Shah : 9821016559
Mayur Shah : 9820790587

MAYKA Lifestyle

Specialise in :
Casual wear fabrics for men and women

37/38 , Hewal Industrial Estate, Ground Floor, Senapati Bapat Marg, Lower Parel, Mumbai 400013

TEL : 02249556666
Amit Gangar : 9819901234 | Hardik Gangar : 9819577677
Mayank Gangar : 9820550015

MAYKA SYNTEX

Specialise in :
100% Cotton shirting garment fabric supplier, smart formals and clubwear shirting fabric

52, Hewal Industrial Estate, Ground Flr, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013

TEL : 02262495555
Jayanti Gangar : 9224500000 | Samay Gangar : 9819032325
Nirav Gangar : 9773296976 | Nilesh Shah : 9820790572


With best compliments

માતુશ્રી લક્ષ્મીબેન ખીમજી કાનજી ગંગર પરિવાર - ચુનડી

GALA GROUP™
Enhance your Lifestyle

# ONE STOP SOLUTION FOR ALL YOUR INTERIOR NEEDS

**Choose from over 2 lakh products & 40 International brands spread across 1 lakh sq. ft. of display area**



## Uro Veneer World

Exclusive Veneers
Designer Laminates
Plywood
Alabaster & MDF
Designer Charcoal Panels & Acrylam

**Mysore Road** 9880589240
**RV Road** 9902348240



## Wood & Mouldings

Wooden Flooring
Exterior Cladding
Decking
Wallpaper
Dupont Corian
Door


**Mysore Road** 9880589246
**RV Road** 8105921000



## Gala Furniture World

Luxury Sofas
Dining Tables
Living Collection
Recliners
Artefacts & Carpets


**Mysore Road** 9900710000
**RV Road** 9980156197



## Bath World

Flooring Tiles
Wall Tiles
CP Fittings
Sanitaryware
Faucets
Kitchen Sinks


**Mysore Road** 9880520000



## Gala Stone World
## Stone World

Odyssey carvings
Flex stone cladding
Orvi stone surfaces
Stone metal fusion
Natural stone cladding, Stone décor

**Mysore Road** 9036456788
**RV Road** 9632811911



## Euro Lighting World

Decorative Light Fixtures
Designer Ceiling Fans

**Mysore Road** 9945446666



## Gala Curtain World
## Drapes World

Curtains
Blinds
Upholstery
Mattress
Home Linen & Accessories

**Mysore Road** 9036839449
**RV Road** 9844431901



## Gala Hardware World

Designer Hardware
Cabinet Handles & Locks
SS Railings
Bathroom Accessories
Glass Fittings

**Mysore Road** 9845565779
**RV Road** 9945163360



## Mahaveer Corporation (India)

Aluminum Composite Panels
Interior & Exterior Grade

**Mysore Road** 9739300015



## Gala Kitchen World
## Hafele & Blum Design Studio

Kitchen & Wardrobe Accessories
Appliances
Hobs & Chimneys
Sliding Fittings

**Mysore Road** 9945163360
**RV Road** 7829773850

www.galagroup.in    info@galagroup.in    customer care: 080 26749845




# હેપ^ એટલે શું?

હેપ, અથવા હાયડ્રોક્સીએપાટાઇટ વધુ જાણીતું કેલ્શિયમ છે અને કુદરતી રીતે ઉદ્ભવતા કિંમતી ખનિજનું સ્વરૂપ છે.

## પોલાણ (કૅવિટીઝ) કઈ રીતે તૈયાર થાય છે?

આપણી ખાવાની આદતોથી કે વટીઝ તૈયાર થાય છે. એમની માઇક્રોસ્કોપિક રીતે એટલે કે તમારા દાંતના એનામલ પર અતિશય નાનાં છિદ્રોના રૂપમાં શરૂઆત થાય છે. અને જો સારવાર કરવામાં ન આવે તો, એ છિદ્રો મોટાં થાય છે અને આખા દાંતમાં સડો થાય છે.

## હેપના ફાયદા કયા છે?

હેપ ધરાવતી ટૂથપેસ્ટનો ઉપયોગ કરવાથી કેવિટીના સમયપૂર્વેના સ્વરૂપોને ઘટાડવામાં સહાય થાય છે જેનાથી સમગ્ર મોઢાની (ઓરલ) બહેતર સ્વાસ્થ્યપ્રદતા રહે છે. આ દાંતના એનામલની ઉપલી સપાટી તથા નીચલી સપાટીમાંની માઇક્રોસ્કોપિક ખામીઓને ઠીક (રિપૅર) કરે છે, એનામલની એની મૂળ ખનિજ ઘનતામાં જાળવણી કરે છે અને દાંતોના સડાની શરૂઆત, પ્રારંભિક સડાને ઠીક કરે છે. આ જાળવણીથી એનામલ એના મૂળ ગુણધર્મો ફરીથી પ્રાપ્ત કરે છે. એચએપી આધારિત ટૂથપેસ્ટમાં રહેલી ભરવાની અસર (ફિલિંગ એક્શન) એ સંવેદનશીલતાની સામે તમારું શ્રેષ્ઠ દીર્ઘકાલીન સંરક્ષણ છે. કુદરતી રીતે પ્લાક દૂર કરવામાં અને દાંતને કુદરતી રીતે સફેદ કરવામાં આ ફાયદાકારક છે. તમે હેપ વિશે www.anchorglobal.net પર વાંચી શકો છો.

ટોક્યો મેડિકલ ઍન્ડ ડેન્ટલ યુનિવર્સિટી અને જિફુ ડેન્ટલ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ સંયુક્ત અભ્યાસ બતાવે છે, જે બાળકો નૉન- હાયડ્રોક્સીએપાટાઇટ નિયંત્રણની સરખામણીમાં હાયડ્રોક્સીએપાટાઇટ આધારિત ટૂથપેસ્ટથી એમના દાંત દરરોજ બ્રશ કરે છે એવાં બાળકોમાં નવા સડામાં મહત્ત્વપૂર્ણ ઘટાડો દર્શાવે છે.

**આ ટૂથપેસ્ટ માત્ર કેવિટીને નથી અટકાવતી પરંતુ સમગ્ર દાંતની સ્વાસ્થ્યપ્રદતા માટેની શ્રેષ્ઠ ટૂથપેસ્ટમાંથી એક છે**

**Clinically tested at Universta' Degli Studi Di Pavia, Italy and at Dr. D. Y. Patil Dental College & Hospital, Pune.**

* 4 અઠવાડિયાં સુધી દિવસમાં બે વાર બ્રશ કરવા પર, યુનિવર્સિટા ડેગલી સ્ટડી ડી પાવિઆ, ઈટાલી અને ડૉ. ડી.વાય. પાટીલ ડેન્ટલ કૉલેજ અને હૉસ્પિટલ, પૂણે દ્વારા આયોજિત ક્લિનિકલ પરીક્ષણના આધાર પર. ** એન્કર દ્વારા કરવામાં આવેલા ક્લિનિકલ ટેસ્ટ મુજબ, Anchor Advanced Cavity Protection with HAP નો સેન્સિટિવિટી ઓછી કરવા પર નિર્ણાયાત્મક પ્રભાવ હતો જે રિમિનરલાઈઝેશન પ્રક્રિયાના સીધેસીધા પરિણમ હતો. ^ HAP કેલ્શિયમ હાયડ્રોક્સીએપેટાઇટના સંદર્ભમાં છે.

વધુ જાણવા, મુલાકાત લો **www.anchorhap.com**

## RECOMMENDED BY DENTISTS

Hydroxyapatite Calcium
— HAP —
ટૂથપેસ્ટ આ રીતે કામ કરે છે


**HAP ટૂથપેસ્ટનો ઉપયોગ ન કરતા પહેલાં**



ખાવા–પીવાની આદતને લીધે સૂક્ષ્મ છીદ્રો તૈયાર થાય છે.

આ છીદ્રોની સારવાર કરવામાં ન આવે તો કેવિટીઝ થઈ શકે છે.

**HAP ટૂથપેસ્ટનો ઉપયોગ કર્યા પછી**



HAP સૂક્ષ્મ માઇક્રોસ્કોપિક છીદ્રોને પૂરી દે છે.

સંરક્ષાત્મક આવરણ તૈયાર કરી કેવિટીઝ રોકવામાં મદદ કરે છે.

**Anchor** કરોડો લોકોનો અતૂટ વિશ્વાસ

ORAL HEALTH FOUNDATION APPROVED UK

Internationally recognised Oral Health Foundation, London UK has approved & accepted Anchor Toothpaste as a useful aid for good dental health care

Kutch Rachana : Registered under Postel Regd No. AHD-C/104/ 2020 - 2023 Valid upto 31st December - 2023
Published on 5th Every Month Posting at Ahmedabad P.S.O. 5th of Every Month Dt. 5-8-2023 R.N.I. No. GUJGUJ / 2019 / 78536




માલિક, તંત્રી, મુદ્રક અને પ્રકાશક : ભવાનજી રામજી ગાલા, મુદ્રણ પ્રકાશન સ્થળ : રચના પ્રિન્ટર્સ
૩૩૨, સર્વોદય કોમ. સેન્ટર, સલાપસ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોન :૨૫૫૦૪૪૮૧